૭૧ જો જે વસતુ ગુનોહછે તે જુદા જુદા ભાગેથી બનેલી હોય અને તે ભાગ માહેલો હરકેઈ ભાગ જાતેજ ગુનોહ હોય તો ગેથા બાજી રી તે કરવુ એવો સાફ ઠરાવ ન કરયો હોય તો ગુનેગારને તે તેના ગુનાહઓમાના એક કરતાં વધારે ગુનાહના સીકસા કરવી નહી.

દ્રસ્ટાંત.

[redacted]) અ જ ને એક લાકડીથી પચાસ સપાટા મારે તો એ ઠકાણે એ સાળા [redacted] તથા તે સળા મારમા જેટલા સપાટા આવ્યાછે તેમના હરેક સપાટાથી પણ જ ને ખુશીપુરવક વ્યથા કરવનો અ એ ગુનો કરયો હેય એમ બની શકેછે હવે જો તે દરેક સપાટાને મ ટે અ સીકસાને લાયક હોય તો દરેક સપાટાને સાર એક વરસ એ પ્રમણે પચાસ વરસની કેદ અ ને થઈ શકે પણ શઘળા મારને સાર એકજ સીકસાને તે લાયકછે.

(બ) પણ અ જ ને મારેછે એટલામાં ય વચે પડે અને અ ઈરાદાથી ય ને મારે તો જ ને ખુશ પુરવક વ્યથા કરવાની એક શીક્ષા ને તથા ય ને સપ ટો મારયો તેનો બીજી શીક્શાને અ લાયકછે કેમ કે જે કમથી અ એ જ ને ખુશ પુરવક વ્યથા કરી તે કામનો ય ને મારેલો સપાટો કઈ ભાગ નથી.

"જ્યારે કાઈ પણ વસતુ જે ચલુ કાયદા ઉપરથી ગુનઓની વ્યાખ્યા કરવામાં આવતી હોય તથા તેઓ ... સીક્શ કરવામા આવતી હેય તે ચલુ કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યામા આવે એવ ગુનોહ હોય ત.ય.ન અથવા.

"જે કરતીમનુ એક કરતાય અથવા એક કરતા વધા જાતેજ ગુનો થાય તેવા કેટલાં એક કરતાયો એકઠા કરવામાં આવે તોયારે કાઈ જુદો ગુનો થાવ તારે.

"ગુનેગારનો ઈનસાફ કરનારી કોરટ સદરહુ ગુનાઓ પઈક કાઈપણ એક ગુના બદલ જેટલી શીક્શા કરી શકતી હોય તે કરતા વધારે શખત શીક્શા તે ગુનેગારને કરવી નહી.

ટીકા.

પણ જ્યારે કાઈ સખસ ઊપર ધૈનતકાડ ી એકજ અગર જુદી જુદી કેલમો મુજબ

બે અગર વધારે ગુનાઓ એકજ વખતે સાબીત થયા હોય તીયારે દરેક ગુનાહ ઊપર જુદી જુદી શીક્ષાનો હુકમ ફરમાવી શકાય અને આવી શીક્ષાઓ જયારે કેદ અથવા સમુદર પારની હોય તીયારે એકજ સજા ભોગવ્યા પછી બીજી સરૂ થાય અને એ કોરટને એક ગુનાહ સારૂ જેટલી શીક્ષા કરવાનો અધીકાર હોય તેના કરતા કેટનાંક ગુનાહની એકંદર સજા વધારે થતી હોય તેટલાજ કારણથી એ ગુનેહગારને ઊપલી કોરટમા ઈનસાફને સારૂ મોકલવાની એ કોરટને જરૂર નથી એમ ઠરાવીયુ છે કે કોઈ વખત પણ એ સખસને ૧૪ વરસ કરતાં વધારે મુદતની કેદની સજાનો હુકમ કરવો નહી (સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૧૪, સને ૧૮૭૧ નો આકટ ૧૦ કલમ ૧૦૯) વળી એમ પણ ઠરાવ્યુ છે કે જો એ મુકરદમાનો ઈનસાફ કલમ ૩૬ મુજબ કામ ચલાવનાર માજીસતરેટ કરતા બીજા માજીસતરેટની આગળ થાય તો એ માજીસતરેટને પોતાની સાધારણ હકુકમાથી જેટલી સીક્ષા કરવાનો અધીકાર છે તેટલી શીક્ષાની બમણી શીક્ષા કરતાં એ એકંદર સીક્ષા વધવી ન જોઈએ (સને ૧૮૭૨ ના આકટ ૧૦ કલમ ૩૧૪) ૧૪ વરસની હદ જે આ કલમથી મુકરર કરવામાં આવી છે તે જે શીક્ષાના હુકમો એકજ વખતે થએલા હોય અગર જે તહોમતોનો એકજ વખતે ઈનસાફ થએલો હોય તેને લાગે છે પણ જે સખશો કેદની સીક્ષાનો હુકમ અગાઊથી ભોગવતા હોય તે શખસોએ કરેલા ગુનાહોઓને આ લગુ નથી (રેવવીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટ (કલકતા) કરીમીનલ રૂલીંગ વા૦ ૩ પાને ૫.

જયા કલમ ૩૧૪ મુજબ એકંદર શીક્ષા કરી હોય તીયારે તેની એકંદર દરસાવેલી રીત મુજબ જુદી જુદી શીક્ષાના હુકમો હમેશ કરવા જોઈએ કારણ કે નહીતો જયારે અપીલમા એક અથવા વધારે ગુના રદ કરામાં આવે તીયારે એ એકતર સજામથી કાંઈ સજા કેદીઓને હજુ ભોગવવાની રહેલી છે તે નકી કરવુ મુશકેલ થઈ પડે (મદરાસ હાઈ કોરટ વા૦ ૪ આપે પાને ૨૭.

૧ કેઈ ખરી બીનાઓ એવી જોડાએલી હોય કે તેથી એક કારય બનતુ હોય તો તેની ખરી બીનાઓ એક જથામા જો એક કરતાં વધારે ગુનહાઓ એક સખશે કરેલા હોય તો તેના ઊપર આવા દરેક ગુનહાને સારૂ એકજ વખતે તહોમત મુકી ઈનસાફ થઈ શકે

૨ જો કોઈ એક કામ જે કાયદામાં ગુનાઓની વાખ્યાઓ આપેલી હોય અને જેથી શીક્ષા થતી હોય એવા કોઈ ચાલુ કાયદાની બે જુદી જુદી કલમોમા દાખલ થતુ હોય તો એ કામ કરનાર સખસ ઊપર એવી રીતે કરેલા દરેક ગુનાહને સારૂ તોહોમત રાખી સકાય પણ જે કોરટ તે બનેમાથી ગમે તે ગુનાહનો ઈનસાફ કરતા હોય તે કોરટ જેટલી શીક્ષા કરી શકતી હોય તેના કરતા વધારે શીક્ષા તેને ન થવી જોઈએ.

૩ જો કેટલીક ખરી બીનાઓ જેમાંની એક અગર એક કરતા વધારેનો એક

એવી ખાનાઓ એકઠી કરતાં જે 'કાયદામાં ગુનાઓ
જેથી શીક્ષા યતી હોય એવા કોઈ ચાલુ કાયદા
ય તો તે કરનાર સખસ ઊપર જે ગુનોહ તેણે કર્યો
ત રાખી સકાય પણ આવા ગુનાહઓને સારૂ એકંદ
કોરટ આમના કોઈ પણ ગુનાને સારૂ આગર આ
મેપા ગુનાહઓ સારૂ જેટલી સજા કરી શકે તેના કરતા વ
ી ન જોઈએ (સને ૧૮૭૨ ના આ ૧૦ કલમ ૪૫૪ સને ૧૮૭૫
મ ૧૯

કાયદા મુજબ નીચે પરમાણે એકંદર સજાના ફેસલા આપવામાં
આવ્યા હતા.

જ્યાં કેદી ઊપર જે ,ગુનાઓનું તોહેમત રાખ્યું હોય તે ગુનાઓ એક કારણ
ભાગ હોય તો જેમકે ઘર ફોડવું અને ચોરી સબધી હાઇ કોરટોએ ઠરાવેલું છે કે ગુનેગા
ને બંનેને વસતે જુદી જુદી થઇ શકે નહીં પણ કલમ ૪૫૪ કે ૪૫૭ એ બેમાં
જે કલમથી થઇ શકતી હોય તે કલમ મુજબ શીક્ષનો હુકુમ કરવો જોઇએ (મદરા
ઇ કોરટના રૂલીંગ ૧૮૬૨ અને ૧૮૬૩ રેવનીયું જુડીશીઅલ એંનડ પોલીસ જનર વા
પા. ૪૧૫ મુબાઇ હાઇ કોરટ રીપોરટસ વા૦ ૧ પાને ૮૭ પણ એથી. વીરૂધ મુંબાઇ
રાઊ કેસીસ વા, ૫ પાને ૮૩ અને મુંબાઇ વા. ૯ પાને ૧૭૨ એવી રીતે એમ
થ થઓ છે કે કલમ ૪૧૧ મુજબ ચોરેલો માલ કબજામાં રાખવાના અને કલમ ૪૧
મુજબ એ માલ ખુશી પુરવક સંતાડવાના તેહોમતને સારૂ એક સજા થઈ શકે નહીં
(રેવનીયુ જુડીશીઅલ અને પોલીસ જનરલ વા. ૪ પાને ૧૨૨ મદરાસ હાઇ કોરટના
સલા વા. ૪ આપે પા. ૧૪) ૩૭૯ મી કલમ મુજબ ચોરીના અને ૪૧૧ મી કલમ
જબ ચોરેલો માલ લેવાના આગર રાખવાના તોહોમતોને સારૂ (રેવનનીયુ જુડીશીઅ
નડ પોલીસ જનરલના વા. ૪ પાને ૫૬૩ કલમ ૨૧૧ મુજબ જુઠું તોહોમત મુકવાના
ને કલમ ૧૯૩ મુજબ એજ બાબત વીશે જુઠા શોગન ખાવા (રેવનીયુ જુડીશીઅલ
નડ પોલીસ જનરલ વા. ૫ પાને ૧૨૮ શીક્ષણીય મનુશ વધના અને મનુસ વધ કર
ગેર કાયદેસર મંડળીના મેમબર હોવાના તોહોમતોના (રેવનયુ સીવીલ એનડ ક્રીમીન
રીપોરટર કલકતા) (ક્રીમીનલ રૂલીંગ વા. ૩ પાને ૯) કલમ ૫૦૬ મુજબ કોઇ શખ્સ
મારી નાખવાની ધમકી સથે સાપરાધ ધમકીના અને કલમ ૫૦૭ મુજબ એજ સખસ
ઊપર ન નામે કાગળ ચોડીને આપેલી સાપરાધ ધમકીના (મુંબાઇ હાઈ કોરટ રીપોરટ
ક્રાઊન કેસીસ વા૦ ૪ પાને ૧૨) એવીજ રીતે વળી જ્યાં કોઇ અમુક કલમ કેટલાક
નાઓ એકઠા કરવા ઠરાવ કરતી હોય જેમકે ઘર ફોડવું તથા કલમ ૪૫
ખાહાળાથા, તીયાં કેદીના ઊપર એકંદર ગુનાઓનું તોહોમત રાખવું જોઈ
૫૭ અને ૩૧૪ મુજબ ઘર ફોડવાના અને વ્યથા કરવાના જુદા જુદા

[redacted] માજીસ્તરેટે એક પરણી બાઈને સમચાવી
[redacted] કરી હતી અને શેરાન જકજે તે કરીને બીના
[redacted] કર્યા અહીંયા મદરાસ હાઈકોરટે એજ પેરગ્ર.
[redacted] કદમ રદ કરવી જોઈએ એકજ જાતની બીનાઓ
[redacted] આગળ બે ખુનસહે અને બે ઠરાવે ન થવા જોઈ
[redacted] ૫ને ૧૭)
[redacted] ઝાડ કાપવાનું અને તે લઈ જવાનુ એ રીતે બે
[redacted] હતા.તમાં મુંબઈની હાઈકોરટે એમ ઠરાવ કરયો કે તેને નુકશાન અ
[redacted] બને તેહોમતો ઉપર શીક્ષા થવી જોઈએ, કારણ કે ચોરી શરૂ થયા પ
[redacted] થઈ ગયું હતું (મુંબાઈ હાઈકોરટ રીપોરટરા વા. ૨-પાને ૪૧૬.)

ઘર ફોડવુ અને ઘરના અંદરના ચોરી એ એકજ ગુનોહ છે માટે બમણી શીક્ષા રદ કરી નીચે કાયમ રાખી (મુંબાઈ હાઈકોરટ તા૦ ૪ નવેમબર સને ૧૮૬૩ વા. ૧ ભાગ ૧ જારસટ ૮૭)

કોઈ ઉપર એકથી વધારે ગુનાના તહોમત હોય તો તે ગુનાહવાર જુદી જુદી સજા કરવી મુંબાઈ હાઈકોરટ તા૦ ૧૬ માર્ચ સને ૧૮૬૬ નંબર ૪૫૯ નો.

૭૨. જે જે બાબતોમા હેવો ફેસલો આપવામા આવે કે ફલાણા ફલાણા જુદા જુદા ગુનાહો મનો એક ગુનોહ ફલાણા શખશે કરયો છે પણ તેઓમ નો કાંયો એક કરયો છે તે વીશે શક છે તે સરવે બાબતોમા અગર તે સવળા ગુનાહોને સારૂ એક સરખીજ શીક્ષા ન ઠરાવી હોય તો જે ગુનાહને સારૂ ઓછામા ઓછી સીક્ષા ઠરાવી હોય તે શીક્ષા તે ગુનેહગારને કરવામા આવશે.

ગુનેહગારને ઘણાગુનાહોમા થી એક ગુનોહ કરયો એમ સાબીત થયછે, પણ કાંયો એ બબત શકછે એ પર માણે ફેસલામા જારે લખ વામા આવે તારે શીક્ષા.

ટીકા.

૧ કોઈ તહોમતદારે એમાંથી કયો ગુનોહ કરયો એવુ નકી ન હોય તીયારે તેને એ માંથી એક ગુનોહ કરયો એવું ઠરાવવું જોઈએ. ૪ મુ૦ હા૦ રી૦ પા૦ ૫૧.

૭૩ કોઈ શખસની ઉપર હેવો ગુનોહ સાબીત થાય કે તેહેને માટે આ કાયદા મુજબ

એકાંત કેદ. { તેને સખત કેદની શીક્ષા કરવાનો કોરટને અખતીયાર છે, તો તે ગુનેગારને જેટલા મુદતના કેદનો હુકમ કરવામા આવે

તે મુદતના આઠમા ભાગ અથવા ભગો સુધી તેને એકાત કેદમા રાખવો એ રીતે તેના શીક્ષાના હુકમમા ફરમાવવાને કોરટ મુખતાઆર છે પણ અઠવાડીઉ મળ.ને તે એકાત કેદની મુદત તરણ મહનાથી વધારે ન હોવી જોઈએ અને તે ન.ચેના હીસાબ પરમાણે હોવી જોઈએ. (એટલે).—

જો કેદની મુદત છ મહેનાથી વધારે ન હોય તો એકાત કેદની મુદત એક મહીનાથી વધારે ન જેઇએ.

જો કેદની મુદત ૭ મહીનાથી વધારે હોય અને એક વરસથી વધારે એકાત કેદની મુદત બે મહીનાથી વધારે ન જોઇએ

જો કેદની મુદત એક વરસથી વધારે હોય તો એકાત કેદની મુદત તરણ મહીનાથી વધારે નં જોઇએ.

ટીકા.

એક વરસની કેદની સજાને સારૂ મદરાસ હાઇકારટે એમ ઠરાવીયુ છે કે તેથી વધારે એકાત કેદની શીક્ષા થઈ શકે નહી (તા૦ ૧૩ ફેબરવારી શને ૧૮૬૭ તથા તા૦ ૧૭ નવેમબર શને ૧૮૭૦)

૭૪ એકાત કેદની સીક્ષાનો હુકમ બજાવવામા તેની કેદ એકી વખતે કદાપી ચઉદ દી

એકાત કેદની હદ | વસ કરતા વધારે ન હોવી જોઇએ અને એકાત કેદની મુદતોની વચે તે મુદતો કરતા ઓછી વેળા ન જવી જોઇએ અને જયારે કેદની શીક્ષા તરણ મહીનાથી વધારે મુદતની હોય તાંયારે તે ફરમએની આખી કેદની મુદતમાં કંઈ પણ એક મહીનામાં સાત દહાડા કરતા વધારે એકાત કેદ ન હોવી જોઇએ અને એકાત કેદની મુદતોની વચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઇએ.

ટીકા.

૧ એકાંત કેદ એક સખસને થએલ સીક્ષાના આખા ભાગની હોવી નહી જે ધએ ૭૩માં ફરમાવ્યા પરમાણે મુદતે મુદતે હોવી જોઇએ નાનસુક મેતર ૩ બે. લા૦ બા૦ ૪૮ (ક્રી૦ અ૦)

૭૫ જે સખસની ઊપર હેવો કંઈ ગુનોહ સાબીત થયો હોય કે જેને માટે આ કાયદાના બાબ ૧૨ મા અથવા બાબ ૧૭ મા મુજબ તરણ વરસ અથવા તેથી વધારે મુદતની બેમના ગમે તે પરકારની કેદની શીક્ષા થઈ શકે તે સખસ ફરીથી હેવે કોઇ ગુનહો કરે કે જેને માટે તે બે બાબો મહેને ગમેતે બાબ મુજબ તરણ વરસ અથવા તેથી વધારે મુદતન બેમના ગમેતે પરકારની કેદની શીક્ષા થઇ શકે તો તે સખસ એવા પાછળના હરેક ગુનાને માટે જીવતા સુધી સમુદરપારની શીક્ષાને આપવા એ પરમાણે ન બનયુ હોય તો તે ગુનાને માટે જેટલી શીક્ષાને તે લાયક થાય એથી બમણી શીક્ષાને લાયક થસે પણ કંઈ પણ બાબતમાં દસ વરસથી વધારે મુદતની કેદને તે લાયક થસે નહી.

(જે સખશોની ઊપર એક વાર આગળ તરણ વરસની કેદની શીક્ષા થયહેવો ગુનોહ સાબીત થયો હોય તેઓની ઉપર તેવો કોઇ બીજો ગુનોહ સાબીત થાય તો તેઓને સંક્ષા.)

ટીકા.

બાબ ૧૨ મામા નીચે લખેલી કલમો વીરૂધના ગુનાહ છે.

૨૩૧ થી ૨૬૩ સુધીની સઘળી કલમો •

બાબ ૧૭ મામા કલમ ૩૭૮ થી ૪૬૨ સુધીની સઘળી કલમો વીરૂધના ગુનાછે.

વખત કીંવા વારંવાર આ બેરૂ બાબ વીરૂધના ગુનાહ કરારને ઘોગ્ગુ કરી-
મીટ કરવા જોઈએ (જુઓ કરી. પરો. કો. ક. ૩૧૫.)

તદારને આગળ સજા થઇ ગઇ છે એવુ શાબેત કરવા માટે અગળ કેમ થા
ય તેનુ દફતર કીંવા તે દફતરની નકલ રજુ કરવી જોઇએ વીગરે જુઓ. (કરી.
કલમ ૩૨૬.)

અગાઊ ગુનોહ શાબીત થયાની હકીકત પાછળથી થએલ ગુનોહ સ્થાપીત કરતી વ
ખતે એ અગાઊ ગુનોહ સાબીત થયાની વાત તહોમતનામા લખવી જોઈએ તહોમતના
મામાં તે વાત લખી ન હોય તો શીક્ષાનો હુકમ કરતાં પહેલા કોઈ પણ વખતે તે વાત
લખી શકાય છે શીક્ષાનો હુકમ કરયા પછી લખો સકાતી નથી (જુઓ કરી. પરોશીજર કો
ડ કલમ ૪૩૯)

ટીકા.

બંગાળા હાઈકોરટ એમ ઠરાવે છે કે આ કાયદા મુજબ શીક્ષા થવા પરથમનો ગુનો આ કાયદો અમલમા આવ્યા પછી થએલો હોવો જોઈએ એટલા માટે ઠરાવ્યું કે સને ૧૮૬૦ મા થએલા ચોરીના પરથમના ગુનાથી આ કલમ મુજબ વધારે શીક્ષા કરવા અખતીઆર નથી (રેવનીયુ જ્યુડીશીઅલ એંડ પોલીશ જનરલ વા. ૫ પાને ૧૫૨; રેવનીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટ (કલકતા) કરીમીનલ રૂલીંગ ના. ૧ પાને ૬૦) એક આથી ઉલટો કેસલો મદરાસ હાઇકોરટે આપેલો છે (તા૦ ૧ અગસટ સને ૧૮૬૪). તે ગજ જો પાછળથી કરેલો ગુનો બાબ ૧૨ અથવા ૧૭ થી શીક્ષા લાયક ગુનો કરવાની મા તર કોશીશજ હોય અગર એવી પરકારના ગુનાની મદદગારી હોય તો વધારે સીક્ષા થઈ શકે નહી. (મદરાસ હાઇકોરટનો કેસનો સને ૧૮૬૪ નો).

રેહેવાના ઘરમાથી ચોરી કરવાના તેહોમતમાં પી૦ ક. ૩૮૦ પરમાણે જડજે ૧૪ વરસની સીક્ષા કરી એવા કારણથી કે પીનલકોડ થતાં પહેલાં ચોરીના તહોમતમાં ૧૩ વખત પકડાઇ સજા પામીઓ હતો પણ અપીલમા ઠરાવ્યુ કે પેનલકોડ પરમાણે પેસતર ગુનાની સજા મળેલી નથી માટે સાત વરસના કાયમ રાખી બીજી રદ કરી (મુબાઈ હા.કો. તા૦ ૧૮ સપટેમબર શને ૧૮૬૭)

અગાઉ કરેલા ગુના બદલ થએલી શીક્ષામાથી ભોગવવાની બાકી રહેલી શીક્ષા હાલના ગુના બદલ કરેલી જે શીક્ષાને લાયક છે તેમાં ઉમેરીને તે સીક્ષાને જાસતી મુદત સુધી સમુદ્રપાર રેહેવાની શીક્ષા આપવાને કોઇ શેશન જડજને અધીકાર નથી (વા. ૫ પાને ૩૬ તા૦ ૨૦ મે સને ૧૮૬૮).

આ કલમમાં જે બાબ બતાવ્યા છે તે વીરૂધ કરેલા એક ગુનહાની તજવીજ પુરી થઈ ન હોય તે દરમીઆંન કોઈ સખસ બીજો એવોજ ગુનોહ કરે તો તેને આ કલમ પરમાણે વધારે સજા થાય નહી કેશરેહીદ વી. બેધા ૧ ઈ. લા. રીપોરટ (અલાહબાદ)

હીંદુસતાનની ફોજદારી કા. ના ૨૩ મા બાબ પરમાણે ફાશીશના
નો ઊપયોગ થઈ શકે નહી. આ કલમમાં ૧૨ મો અને ૧૭ મો બાબ
માટે આ કલમનો ઊપયોગ કરવો જોઈએ ૨૧ વી૦ રી૦

ંસ પોલકોડ અમલમાં આવ્યા પછીના ગુનાહ માટે ક
. ૧૧
અથવા એ ગુનોહ જે બાબમાં હોય તે કલમ પરમાણે
નેજ આ કલમ લાગુ પડે છે પં વી. રી પ્ર. ૬૬ ફોડ
ા કરવા માટે તહોમતદર અાગળ ગુનેગારનો થઈ ગયો છે.
ા સપષ્ટ અને ખુલ્લો પુરાવો હોવો જોઈએ ૧૪ વી. રી. પ્ર. ૭ ફો.

ફટકાની શીક્ષા કરવા માટે બીજી વખત ગુનો કરવાથી વધારાની ફટકાની શીક્ષા ક
ી હોય તેમા પણ પુરાવો સાફ અને ખુલો હોવો જોઈએ ૧૫ વી. રી. પ્ર. ૫૨.

આ કલમથી માજીસતરેટોનો તેના અંગીકાર ઊપરાંત કામ કરવાનો અધીકાર નથી
ેા અધીકાર માત્ર ક્રી. પરો. કોડ કલમ ૨૧૪ મા આપીયો છે. તેટલી હદનો છે.
મ. હા. રી. પ્ર. ૩.

આ કલમ પ્રમાણે વધારે શીક્ષા કરતી વખતે આગળની શીક્ષા આ કલમમાં જે
મો અને ૧૭ મો બાબ બતાવ્યો છે તે બાબમા બતાવેલા ગુનાહની કારટીસની સજા
ેલી નહી હોવી જોઈએ.—રાણી વીરૂધ દમોહરી ૨૦ મો જાનેવારી શને ૧૮૭૪ ક.હા.

આ કલમ કાંઇ જુદો ગુનોહ છે એવુ સુચવતી નથી બાબ ૧૨ અને ૧૭ મા બ
તાવેલો ગુનો તહોમતદાર ફરીથી કરે તો તેને વધારે સજા થવા માટે છે. ૫ મ. હા.
રીપોરટ પ્ર. ૩.

આ કલમ પરમાણે જ્યારે ફરી આના ગુનહા કરવામાં આવે તીયારે તે ગુનો માજી
સતરેટના અધીકારનો હોય તોપણ સેશન કમીટ કરવો જોઈએ રાણી વીરૂધ. ગનુલાલુ ૨.
. હા. રી. પ્ર. ૧૨૬.

બાબ ૪ થો.

સાધારણ અપવાદ.

૭૬ જે સખસની જે વસતુ કરવાની કાયદા પરમાણે ફરજ છે અથવા કાયદાની કાંઈ ભુલના સબબથી નહી પણ હકીકતના કાઇ ભુલના સબબથી જે સખસ સુધબુધીથી એમ માને છે કે એ વસતુ કરવાની મહારી કાયદા પરમાણે ફરજ છે તે સખસ જો તે કરે તો તે ગુનોહ છે એમ સમજવુ નહી.

જે કામ કરવાની જે સખસની ફરજ છે અથવા જે કરવાની મહારી કાયદા પ્રમાણે ફરજ છે એમ જે સખસ કાંઇ હકીકતની ભુલ લીધે માને છે તે સખસે કરેલુ તે કામ.

દ્રષ્ટાંતો

, કાયદાના હુકમ મુજબ, પોતાના ઉપરી અમલદારના ફરમા
ટાળા ઊપર બંદુકનો એક બહાર કરે તો અ એ કાંઈ ગુનોહ કીધો
નહી.

એક ઇનસાફની કોરટના અમલદાર અ ને તે કોરટે ય ને પકડવાનો હુકમ
ઘટતી તજવીજ કરીને જ ને ય માનીને તે જ ને પકડે તો અ એ કા-
ની સમજવુ નહિ.

ટીકા.

મ ઘણી ઊપયોગી છે તે કાયદાની ભુલથી નહી પણ હકીકતની ભુલથી જે
વસતુ વગર કપટે કરે તેને ગુનો ઠરાવતી નથી કાયદાની ભુલ એટલે શું,
ની ભુલ એટલે શું, તે આ કલમ નીચેના દરસ્ટાંતોમાં ઈસારા તરીકે બતાવવા
છે. પણ આ કાયદાની ભુલ અને હકીકત ની ભુલનો જરા વધારે વીસતારથી
આપણે જાણવી જોઇએ.

નીયાયનુ એક મહાવાકય (કહેવત) છે કે કાયદો જાણતો નથી એવી અગ્નાનતા બ
તાવી કોઈ છુટી જઈ શકે નહી (જુઓ શ્રીનીવાસ કરતીય કાયદાની કહેવતનુ પુસતક પ્ર.
૪૪) વળી બીજું એક મહાવાકય છે કે દરેક જણ કાયદો જાણે છે એવુ કાયદો માનેછે
એ કાયદો તે જાણતો નથી એવુ બાનુ બતાવી કોઇ સખશ છુટી જઇ શકે નહિ (જુઓ
એજ ગરંથનુ એજ પાનુ). આ ઉપરથી રાજની દરેક રઇઅત તથા કોઇ પરદેશી આ મુ
લકમા આવી રહયો હોય તે જો બાળક અથવા ગાંડો ન હોય તો આ દેશનો કાયદો જા
ણે છે એવું નીયાય સાશાતરીઓએ ગણ્યુ અને માનીયુ છે હુ એ કાયદો જાણતો નથી
એવો પુરાવો કોઇ આપી શકે નહી એવુ ચીફ જશટીસ ટીનડાલે મેક નોટનના પરખીયા
ના મુકદમામા ઠરાવ્યું છે (જુઓ એજ ગરંથ પાને એજ.

રઇઅત ઉપરની આ ફરજ ભણેલા તથા અગ્નાન સરવે ઉપર નાખી છે પરથમ દ
રશને આ ફરજ ઘણીજ કઠણ લાગે તેમ છે પણ તેમ નથી રઈઅત જાણી જોઇને જે
કાયદાથી પોતે જયાં રહે છે તંહા પોતા ઊપર અમલ ચાલે છે તે કાયદાથી અજાણી રહે
તો તેમાં તેનો વાંક છે તેઓની આવી અગ્નાનતાથી જે પરીણામ થાય તે તેણે સોશવા
જોઇએ તીયારે હવે શાથી કાયદા રઈઅત વીગેરે જાણેછે એવુ ગણવુ જોઈએ કે તેની
કાંઈ હદ છે તે જાણવાની ઊતકંઠા. દરેક સમજુ સખસને સેહેજ ઊતપન થાય તેવુ છે,
ઘણી તકરારો ચાલ્યા બાદ નીયાય શાશતરીઓએ નકી કરયુછે કે જે કાયદામાં અમુક વસ
તું કરવા અથવા ન કરવાનો હુકમ આપીયો હોય તે દરેક કાયદો રઈઅતે જાણવો જોઇ
એ. આવા કાયદા હાલ નીચે પરમાણે છે.

૧ પેનલકોડ (ફોજદારી શક્ષાનો ધારો.)

૨ કરારનો કાયદો.

૩ તનો કાયદો.

૪ રેજીસ્ટ્રેશન (ખત પત્ર નોંધવાનો કાયદો.

૫ સ્ટાંપ સંબંધીના કાયદા.

એ વીગરે જે કાયદામાં તે બાધનાર મુખ્ય અધીકારીએ કંઇ ફરમાન જાણવાની દરેક માણસની ફરજછે.

આપણે જે કાયદો આમાંના કાયદામાંથી આ વખતે અગતનો છે તે આહીંદુસ્તાનનો ફોજદારી કાયદો છે તે કાયદો દરેક રઇઅત અને પરદેશી જાણે છે એવુ આપણે માનવુ જોઇએ અને તેથી આ કલમના દ્રસટાંતનુ વીવેચન કરવુ જોઇએ.

આ કલમના બેઉ દ્રસટાંતમાં પહેલુ દ્રસટાત "એક સોલજર પોતાના ઊપરીના હુકમથી કાયદામાં ફરમાવ્યા પરમાણે એક ટોળા ઊપર બંદુકનો બહાર કરે તેથી કોઈનું મોત થાય તો તે માટે સોલજરને જવાબદાર નહી ગણવા મતલબની છે". કાયદામાં ફરમાવ્યા પરમાણે એટલે કે એક હુલડ ઊઠયુ હોય તે વખતે લશકર બોલાવ્યુ હોય ટોળા ઊપર બંદુકના બહાર કરયા વગર તે વીખાઇ જાય તેમ નથી એવુ તેના ઉપરી અમલદારને જણાય તો બહાર કરવ ને શીપાઇને હુકમ કરવા લશકરી કાયદાથી સજા છે.

આ દરશટાંત ઉપરથી એવુ શમજવાનુ નથી કે વગર કારણે સોલજરો અથવા તાબાના માણસો તેના ઉપરીના હુકમથી કાયદા વીરૂધ કૃત કરે તે માટે તેઓ જવાબદાર નથી. ... ખાવા કૃતીય માટે તો તેઓ જવાબદારછે રસતે ચાલતાં એક પોલીસ અમલદાર તેના તાબાના નોકરને કહે કે અમુક સખ્સને ગોળીએ માર, આમ કરવાનુ કાંઈ કારણ ન હોય તો તેને આ કલમનો લાભ મળે નહી પણ એક ગુનેગાર નાસી જતો હોય તેનો પીછો લેતાં તેને દોડી પહોચાય તેમ ન હોય, તાબે થય નહી તો ગોળીએ દઈને કે બીજા કાંઇ પણ ઉપાયથી કેદીને જરૂર પડતી હાની કરી પકડવા કાયદાથી છુટછે

વગર વારંટે પકડાય નહી એવા ગુના માટે કોઇ પોલીસ અમલદાર કે તેના તાબાનો નોકર કોઇને પકડે આમ કરવા કાયદાએ અધીકાર આપીઓ નથી એવુ તે જાણતો હોય તેમ છતા તેને પકડે તો તેના પરીણામ માટે તે આ કલમનો લાભ લઇ શકે નહી.

બીજુ દરસટાત હકીકતની ભુલ એટલે સુ છે તે બતાવે છે એક સખ્સને પકડી રજુ કરવા એક પોલીસ અમલદારને વારંટ મળ્યુ હોય જેને પકડવાનુ વારંટ મળ્યુ હોય તે તેને પકડે છે તેજ છે એવુ કરેલી તજવીજ ઉપરથી તે પકડનાર અમલદારને જણાય તો એ ખોટી રીતે પકડેલા શખ્સની ફરીઆદ ચાલે નહી. કેમકે કાયદો વારંટ આપેલા સખ્સને પકડવા અધીકાર આપે છે હકીકતની કચાઇને લીધે ખોટો માણસ પકડાય તો જો એ પકડવુ કોઇ દ્વેસ વીગરે કારણથી ન હોય તો તે પકડનાર જવાબદાર નથી.

આ કલમની મુખ્ય મતલબ એજ છે કે કાયદાની ભુલથી નહી પણ હકીકતની ભુલથી શુધ બુધીથી કોઇ શખ્શ કાઇ વસતુ (કરતીય) કરે તો તે ગુનહો નથી કઈ કઈ હકીકત કાયદાની ભુલ કહેવાય અને કહી હકકત હકીકતની ભુલ કહેવાય તેનુ બુલુ ... નીશકય અને સંભાતા નીયમની બહારછે દરેક કેસાની કેફીયત ઊપર તેનો આ...

[redacted]

માંથી કલ્મ ૧૦૬ સુધીની સાળી કલમો સંઘરેલું અપવાદોની છે એટલે કે જે ગુના બતાવ્યા છે તે દરેક ગુનો બનીયો છે, કે નહી તે જોની વખતે અપવાદો ધ્યાનમ રાખવાનાછે લોકમીશનરો પોતાના સને ૧૮૩૭ના ફેલા ગીપેરમાં કેહે છે કે 'આ અમવદો શીવાય અમુક ગુનાહમાં જે અપવાદો ધીયાનમાં લેવા ના છે તે તે કલમમાં જુદા બતાવ્યાછે આ અપવાદ તો ઉપર બતાવ્યા પરમાણે સરવે ગુનાની વ્યાખ્યા અને સીક્ષા વખતે ધીયાનમાં લેવાનાછે."

૧ ચોકીદારે એક શખસને ચોર જાણી પકડવાની કોશીશ કરી, તહોમતદાર તેની સામે થયો તેથી ચોકીદારે તેને જોર જુલમથી પકડયો તેમાં ઠરાવવામા આવ્યુ કે ચોકીદાર તેને ચોર માનવામા ભુલ કરતો હતો તો પણ તે ભુલ હકીકતની હતી કાયદાની નહોતી અને તેથી ચોકીદારનો આ કલમ અને કલમ ૭૯ પરમાણે બચાવ થાયછે ચોકીદાર પરતાપના ફરી તપાસના કામમાં તા૦ ૧૬ જુલાઈ સને ૧૮૬૫ (ક્રી. પ્ર. ૩૮).

૭૭ • જે અખતીયાર જે જડજને કાયદાએ આપેલો છે, અથવા જે જડજ સુધબુધી પુર્વક એમ માનેછે કે આ અખતીયાર મને કાયદાએ અપેલો છે તેવો કોઈ અખતીયાર અમલમા લાવતા તે જડજ ઈનસાફનું કામ કરવામા જે વસતુ કરે તે ગુનોહ છે એમ સમજવું નહીં. જડજનું કામ.

ટીકા.

• આ કલમ કમીટ કરતાર માજીસટ્રેટનો બચાવ કરતી નથી.

ઈનસાઈ કરનારા અમલદારો શુધ બુધીથી જે કામ કરે તે માટે તેમના ઊપર ફરીઆદ થાય નહી એ બાબત મને ૧૮૫૦ નો ૧૮ મો આકટ છે પણ તેઓ જાણી જોઇને અથવા ગફલતથી કાયદા વીરૂધ કરે તો તેમનો કાયદાથી બચાવ થઈ સકતો નથી આવી બાબતને માટે અમલદારોના પર તેમણે તેમના હોદાના પરસંગસર કરેલા કરતીય બાબત ફરીઆદ કરવી હોય તો સરકારની મંજુરીથી કરવી સરકારની મંજુરી વગર એવી ફરીઆદો શાભળી સકાય નહીં (૧૮૭૨ ના આકટ ૧૦ નો કલમ ૪૬૬)

૭૮. કોઈ ઈનસાફની કોરટનો ફેસલો અથવા હુકમ કાયમ હોય તે દરમીયાંનમાં તે ફેસલા અથવા હુકમ મુજબ કરેલી કાંઈ વસતુ અથવા તે ફેસલા અથવા હુકમથી થઇ સકે એહેવી કાંઈ વસતુ ગુનોહછે એમ સમજવું નહીં પછી તે ફેસલો અથવા હુકમ કરવાનો તે કોરટનો અધિકાર ન હોય તેહેની કાંઈ ચીતા નહીં પરંતુ તે કામ કરનાર સખસે સુધબુધીથી એમ માનવું જોઇએ કે તે કોરટને તે અધિકાર છે. ઈનસાફની કોરટના ફેસલા અથવા હુકમ મુજબ કરેલું કામ.

ટીકા.

જે સખસ કોઈ જજના હુકમથી કાંઈ કામ કરતો હોય તો તે કામ તે ગેરવાજબી હેતુથી કરે છે એવુ માનવુ નહી જોઇએ કેમકે તેનો હુકમ માનવો એ તેનુ કામ છે આ કલમનો આધાર આ નીયાયની કહેવત ઊપર છે (જુઓ શ્રી નીવાસરાઓ કરતીય કાયદાની કહેવતના પુસતકનુ પ્ર. ૭૫)

[redacted]

[redacted] લાગ કરી. પરો. ક્રાઇ કલગ ૯૦--૧૦૮ પરમાણે જે ખાનગી સખમો [redacted] કરતા હોય તેઓને પણ મળે છે આવો હુકમ માનતી વખ્તે અને તે પરમાણે કરતી વખતે પણ તે હુકમ અમલમાં લાવનાર શખસે જોઇની સંભાળ અને હુશીઆરી વાપરવાની છે જો તેમ ન થાય તો તે મના કરેલા કામ માટે તેઓ જવાબદાર છે કેમ કે નીયાયની કહેવત છે કે કોઇ જજ અધીકાર ઉપરાંત કામ કરતો હોય તો તેનો હુકમ માંનવાની જરૂર નથી.

૧ જે અમલદારો કોઈ દીવાની પરોસેસને આધારે હુકમનામાના લેણદારોને સાક્ષી દાખલ પકડતા હોય તો તેઓનો આ કલમ પરમાણે બચાવ થતો નથી—ઠાકુરદાસમંદી વીરૂધ શંકરાવ ૩ વી. રી. પ. ૫૭ (ફોજદારી). નીં૦ ઊ૦

૭૯ જે સખસને જે વસતુ કરવાની કાયદાથી રજા છે અથવા કાયદાની કાંઇ ભુલના સબબની નહીં પણ હકીકતની કઇ ભુલના સબબથી જે સખસ સુધબુધીથી એમ માને છે કે એ વસતુ કરવાની મને કાયદાથી રજા છે તે સખસ જો તે વસતુ કરે, તો તે [redacted] એમ સમજવું નહી.

જે કામ કરવાની જે સખસને કાયદાથી રજા છે અથવા જે કરવાની મને કાયદાથી રજા છે એમ જે સખસ કાઇ હકીકતની ભુલને લીધે માને છે તે સખસે કરેલું તે કામ.

દ્રષ્ટાંત.

જ ખુન કરે છે એહેવું સમજીને અ જ ને પકડે. હવે ખુન કરનારાઓને ખુન કરતાં પકડવાનો અખતીયાર કાયદે સઘળા સખસોને આપીયો છે તે અખતીયાર પોતાની અકલ સુધબુધીથી ચલાવીને અમલમાં લાવતાં અ જ ને પકડે, એહેવા હેતુથી કે તેહેને યોગ્ય અમલદારની આગળ હાજર કરવો, તો અ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું ન [redacted]. પછી એમ માલમ પડે કે જ પોતાના બચાવમા કાંઈ કામ કરતો હતો. તો પણ.

ટીકા.

[redacted] મેતાજી અગર માબાપ છોકરાંને સીક્ષા બદલ સોટીથી મારે એ કરતીય ગુનો નથી પણ અતીશય મારવાથી ગુનો થાય છે.

અમુક કામ કરવુ એ કાયદેસર છે એમ સમજીને કરેલુ કામ ગુનો નથી તેમજ હકીકતની ભુલથી સુધબુધીએ કરેલુ કામ પણ ગુનો નથી હકીકતની ભુલ વીસે વધારે ખુલાસો કલમ ૭૬ ઊપરની ટીકામાં છે.

૮૦ કાંઇ કાયદેસર કામ કાયદેસર રીતે, કાયદેસર ઊપાયોથી તથા ઘટતી સંભાળ અને ખબરદારીથી, કરતા ઇતેફાકન અથવા કમ નસીબથી અને સાપરાધ ઇરાદા કે જ્ઞાનવિના થએલી કાંઇ વસતુ ગુનોહ છે [redacted]

કાંઇ કાયદેસર કામ કરતાં થયેલો ઇતેફાક.

દ્રષ્ટાંત

[redacted] મજુરીનું કામ કરેછે. એટલામાં તેહેનું માંથુ હાથમાથી [redacted] માણસને લાગીને તે માણસ મરી જાય. તો એ -

કેકાણે. જો બરાબર ખબરદારી રાખવામાં અ ની તરફથી કાંઇ કસુર ન હોય તો. અ કામ માફ કરવા જેવું છે ગુનોહ નથી, એમ સમજવું.

૮૧ જે કામની હાની થાય એવો સંભવ હોય તે કામ ગુનાહના ઈરાદા વગર તથા બીજી હાનિ અટકાવવાને કરેલું.

જો કાંઇ વસતુ હાની કરવાના સાપ્રાય ઈરાદા વગર, તથા સુધબુધીથી સરીર અથવા મીલકતને પતી બીજી હાની અટકાવવાને અથવા તેથી તે બચાવવાને કરી હોય, તો તે વસતુની હાની થશે એવો સંભવછે એમ જાણીને તે વસતુ કંધી એટલાજ સબબ પરથી તે ગુનોહ છે એમ સમજવું નહીં.

ખુલાસો—એવી બાબતમાં તે અટકાવવાની અથવા જેથી બચાવ કરવાનો તે હાનિ એવી તરેહની તથા એટલી નજદીકની હતી કે જે કામથી બીજી હાની થશે એવો સંભવ છે એમ જાણીયા છતાં તે કામનું જોખમ માથે લેવું એ કાયદેસર અથવા માફ કરવા જેવું ગણાય. એ હકીકતની બાબત છે.

દ્રષ્ટાંતો.

(અ) એક આગબોટના કપતાંન અ ને એકાએક, તથા પોતાની તરફની કંઇ ભુલ અથવા ગફલત વિના એમ દીઠામાં આવે કે હું એહેવી સિથતિમાં આવી પડયો છઉં કે જો હું માહારા વાહાણનો મારગ બદલું નહીં તો તેને હું અટકાવી શકું તે પેહેલાં ૨૦ અથવા ૩૦ ઉતારૂવાળી એક બ હોડીને એ વાહાણ લગીને જરૂર નીચે બેસાડી દેશે અને જો હું મારગ બદલું તો માત્ર બે ઊતારૂવાળી એક ક હોડી નીચે બેસાડી દેવનું જોખમ માથે લેવું પડે અને તે હોડી એવી છે કે બનેતો બચી પણ શકે હવે એ ઠ કાણે. ક હોડી નીચે બેસાડી દેવના ઈરાદા વગર તથા સુધબુધીથી બ હોડી માંહેના ઉતારૂ એને બચાવવાના હેતુથી જો અ પોતાનો મારગ બદલે તો જે કામ કરેથી ક હોડી નીચે બેસી જશે એવો સંભવ છે. એમ જાણયા છતા તે કમ કરેથી ક હોડી નીચે બેગી જાય તો પણ અ એ કાંઈ ગુનોહો કરયો એમ સમજવું નહી; પરંતુ હકીકતની બાબત દાખલ એમ માલમ પડવું જોઇએ કે જે ભયમાથી બચવાનો તેણે ઇરાદો કરયો તે એટલો મોહોટો હતો કે તેહેને લીધે તેણે ક હોડી નીચે બેસાડી દેવાનું જોખમ માથે લીધું તે માફ થઈ શકે.

(બ) એક મોહોટી આગમા અ લોકોના ઘરો તોડી પાડે એટલા સારૂ કે તે આગ પથરાતી અટકે અને એ કામ તે સુધબુધીથી માણસની જીંદગી અથવા મીલકત બચાવવાના ઇરાદાથી કરે તો એ ઠેકાણે જો એવું માલમ પડે કે અટકાવવાની હાની એવી તરેહની તથા એટલી નજીકની હતી કે તેથી અ નું કામ માફ થાય તો અ એ એ ગુનહો કંધો એમ સમજવું નહીં.

ટીકા.

આ કલમ ઘણી અસ્પસ્ટ છે. જે માણસ જે જાણીને કરે છે. તે કરવાનો તેનો ઇરાદોછે. એમ ધારી શકાય માટે હાંની થશે એમ જાણીને કાંઈ કરતીય કરે તો હાની કરવાનો તેનો ઇરાદો છે એમ ધારી શકાય અને હાંની કરવાનો ઇરાદો એ ફખીતો ગુનો

...નથી કે કેવી જાતીઆ નીચે સાપરધ ઈરાદે... ...તેમાં એ બનાવ્યું છે તેમજ એમ પણ ... ...છે તે બીજાઓને થતી હાંની કે પોતાને થતી હાંનીછે. ...જ છે કે એક માણસે કાંઈ કને નકી નુકશાન થશે ...થોડામાં થોડું નુકશાન થાય એવું કાંઈ કામ પરમાણી ...કરતા પછી જે નુકશાન થાય તેને વાસતે તે કરનાર સખશ જવાબદાર નથી. ...જ્યાં એક સખશે તેના તાડીના વાસણોમાં એક જેરી ડાળીનો રસ મુક્યો તે એ ...જાણીને કે જે માણસ તે પીશે તેને નુકશાન થશે અને એવા ઈરાદાથી કે એક ...ચોર જે તેની તાડી વારેવારે ચોરી જતો હતો તે પકડાય આ તાડી તે છુપી લઈ ...થી કેટલાક સોલજરોએ તે લઈને પીધી તેમને નુકશાન થયું આ કેસમાં એમ ઠરાવ્યું ...કે તે કલમ ૩૨૮ મુજબ વ્યાજબી રીતે ગુનેગારછે અને ૮૧ મી કલમ તેનો બ... કરતી નથી. (મું. હા. કે. વા. ૫ પાને. ૫૯.)

હવે બીજો વધારે અગતયનો સવાલ એ બાકી રહેછે કે કોઈ માણસને પોતાને ... નુકશાન અટકાવવાને બીજાને નુકશાન કરવાની રજા છે જેમકે કોઈ માણસ ભુખે મર... તો હોય તો તે પેટ ભરવા સરૂ ચોરી કરી શકે? આ બાબતનો ખુલાસો આ કલમ ...માં નથી. બધા ન્યાય શાસતરીઓનો આ બાબત ઊપર એવો મત છે કે ગમે તેટલી જરૂર હોય તો પણ કોઈ માણસને કપડાં કે ધાન ચોરવાની રજા નથી (હેલી વા. ૧ પાને ૫૪ ઇસટ સાહેબની "પલીઝ આફ ધી કરાઊન".વા. ૨ પાને ૬૯૮) આ કાયદાનો રચનારો ... પ્રમાણે આ બાબત ઊપર લખેછે.

"ચોરોને તેમની ચોરીઓના બાબામાં કસટ અને ભુખ શીવાય બીજુ કાંઈ કહેવાનું નથી એટલું તો ખરૂ છે કે ઘણીક ચોરીઓ કસટ કે જે એટલું સખત હોય છે કે ચો-રીની શીક્ષા તથા તે શીક્ષા ચોરી કરનારાઓને જે લાંછન લગાડે છે તેના કરતા પણ વ-ધારે ત્રાસદાયક હોય છે તેવા કસટના દબાણને લીધે થાય છે. આ ઊપરથી કોઈ રીતે એમ નીકળતું નથી કે તેને ચોરીની શીક્ષા કરવી એ વીચારથી દુર છે."

૮૨ સાત વરસથી ઓછી ઊમરના બાળકે, કરેલો કાંઈ વસતુ ગુનોછે ... જાણવું નહીં.

...વરસથી ઓછી ઊમરના બાળકે કરેલું કામ.

૮૩ સાત વરસથી વધારે અને બાર વરસથી ઓછી ઊમરનું બાળક જેની અકલ તે વખતે પોતાની ચાલ કેહેવી છે તથા તેથી શું પરીણામ થશે એ બાબત વીચાર કરી શકે એટલી પુખત થઈ નથી તેણે કરેલી કાંઈ પણ વસતુ ગુનોહ છે એમ સમજવું નહીં.

...વરસથી વધારે અને ૧૨ ...થી ઓછી ઊમરનું બાળક જેની અકલ જોઈએ તે... પુખત થઈ નથી તે...નું કામ.

ટીકા.

ફોજદારી કામમાં નાની ઊમરના ગુનેગારની બાબતમાં તેની ઊમર અને અકલ એ-

[redacted]

જે સંખસ કાંઇ કામ વરતી વખતે દીવાનગીના સબબથી હું કેવી રીતનું કામ કરૂ છઉ એ અથવા જે કામ હું કરૂં છઊં તે ખોટુ અથવા કાયદાથી ઊલટુ છે એવું જાણી શકતો નથી, તેનું કરેલું તે કામ ગુનોહછે એમ સમજવું નહીં.

ટીકા.

ગુનહો કરતી વખતે તહોમતદાર ગાંડો હતો કે નહી તેમજ એ ગુનહો કરવો એ ખોટું છે એવુ તે જાણતો હતો કે નહીં એ બાબતનો નીશચય કરવા માટે તે સાહેબના મધદફ શાશતરના પાને ૨૦૨ ની બાબતો ધીયાનમા લેવા જોગછે.

પોતાની ખુશી ન છતાં થએલા કેફના સબબથી જે સખસ વીચાર કરવાને અશકત થયેછે તેનુ કામ.

૮૫ જે સખસ કાંઇ કામ કરતી વખતે કેફના સબબથી હુ કેવી રીતનુ કામ કરૂ છુ એ અથવા હુ જે કામ કરૂ છુ તે ખોટુ છે અથવા કાયદાથી ઊલટુ છે એવુ જાણી શકતો નથી તેનુ કરેલુ તે કામ ગુનોહ છે એમ સમજવુ નહી પણ જે વસતુથી તેને કેફ ચડી તે વસતુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવંડી હોય તો.

જે ગુનાહમાં અમુક ઈરાદો અથવા સાન જેઇતુ હોય તે ગુનો જેને કેફની હોય એવા માણસે કરેલો.

૮૬ જે જે બાબતોમા કાંઇ કામ અમુક સાન અથવા ઈરાદાથી કરયુ ન હોયતો તે ગુનોહ ન ગણાય એવો હોય તે બાબતોમા જે સખસ કેફની હાલતમા હોઈને તે કામ કરે તે સખસની ઉપર જાણે તેને કેફ ન ચડી હોત તો જે સાન તેને હોત તેજ સાન તેને હતું એમ સમજીને અમલ થવાને તે લાયક થશે પણ જે વસતુથી તેને કેફ ચડી તે વસતુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતા તેને ખવડાવી ન હોય તો.

ટીકા.

આ કલમ ઊપર એક ફેંસલો એવો થયો છે કે તે જાણી જોઇને કેફ કરી ગુનો કરવામાં આવે તેનો બચાવ થઈ શકતો નથી. ૧૬ વી. રી. પ્ર ૩૬.

જે કામથી મોત અથવા મહાવ્યથા કરવાનો ઈરાદો કરયો નથી અથવા તે થશે એવો સંભવ જાણવામાં નથી એવું કામ રજામંદીથી કરેલું.

૮૭ જે વસતુથી મોત અથવા મહાવ્યથા કરવાનો ઈરાદો કરયો નથી અને જેથી મોત અથવા મહાવ્યથા થશે એવો સંભવ છે એમ તે કરનાર જાણતો નથી તે વસતુ કરવાથી, ધની હાની ખમવાની જે શખસે, સાફ રીતે અથવા અન્ય સમજાય એવી રીતે, રજામંદી આપી હોય એવા અઢારં વરસથી વધારે ઊમરના કોઈ સખસને કાંઇ હાની થાય અથવા કાંઇ

[redacted]

ની કરવાનો તે વસતુ કરનારે ઇરાદો કરયો હોય, તે હાનીના સબબથી અથવા આ જે સખશે તે હાનીનુ જોખમ માથે લેવાની રજામંદી આપી હોય તે સખસને વસતુથી કાંઈ હાની થશે એવો સંભવ છે એમ તે વસતુ કરનાર જાણતો હોય તે હા સબબથી તે વસતુ ગુનોહછે એમ સમજવુ નહી.

દ્રસ્ટાંત

અ તથા જ અમથા રમતને સારૂ એક બીજા સાથે પટો ખેલવાનુ કબુલ કરે, તે એ કબુલતમાં અરથાંત હરએકની હેવી રજામંદી સમજાયછે કે વગર દગા ખાચ્ચે તે પટો ખેલતાં જે હાની થાય તે ખમવી હવે અ થી વાજબી રીતે ખેલતાં જ ને કાંઈ થા થાય, તો અ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવુ નહી.

ટીકા.

દબાણ કરવાથી કે કપટથી કે દીવાનગીના સબબથી કે કેફના કારણસર આપેલી રજા કાયદેસર નથી જુઓ ખેનામ કરનીય નીયાયના મુળ તતવોનુ પુસતક પા.° ૨૬૭.

૮૮ જે વસતુથી મોત થાય એવો ઇરદો કરયો નથી તે વસતુથી થતી હાની ખમવાની અથવા તે હાનીનુ જોખમ માથે લેવાની જે શખસે સાફ રીતે અથવા અરથાંત સમજાય એવી રીતે, રજામંદી આપી હોય તે સખસના ફાયદાને માટે સુધબુધીથી તે કરવામાં તે સખસને કાંઈ હાની થાય અથવા તેને કાંઇ હાની કરવાનો ઇરાદો તે કરનારે કરયો હોય, અથવા તેને તેથી કાંઈ હાની થશે એવો સંભવછે એમ તે કરનારે જાણ્યુ હોય તે હાનીના સબબથી તે વસતુ ગુનોહ છે એમ સમજવું નહી.

જે કામથી મોત થાય એવો ઇરાદો કરયો નથી. તે કામ રજામંદીથી તથા સુધબુધીથી કોઈ શખસના ફાયદાને માટે કરેલું.

દ્રષ્ટાંત.

અમુક શાસતર કીરીયા કરવાથી જ નુ મોત થસે એવો સંભવ છે એમ જાણીને પણ જ નુ મોત આણવાનો ઈરાદો ન કરતાં અને જ કાંઇ દુખકારક રોગથી પીડા પામેછે. તેને ફાયદો થાય એવા ઈરાદાથી સુધબુધીએ જ ની રજામદી લઇને જ ની ઉપર તે શાસતર કીરીયા, અ દાકતર કરે તો અ એ કાઇ ગુનોહ કરયો એમ સમજવું નહી.

૮૯ કોઈ બાર વરસથી ઓછી ઉમરના અથવા દીવાના સખસના ફાયદાને માટે, તે સખસનો જે વાલી હોય અથવા જે બીજા સખસના કાયદે સર હવાલામા તે સખસ હોય તે, અથવા તેની સાફ અથવા અરથાંત સમજાય એવી રીતે રજામંદી બીજો સખસ, સુધબુધીથી કાંઈ વસતુ કરે અને તે તે સખસને કાંઈ હાની થાય અથવા તેને કાંઇ હાની ઈરાદો તે કરનારે કરયો હોય અથવા તેને તેથી કાંઈ હાની થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય તો તે હાનીના સબબથી તે વસતુ ગુનોછે એમ સમજવું નહી; પરંતુ.

બાળક અથવા દીવાનાનો ફાયદા માટે તેના વાલીએ અથવા વાલીની રજામંદીથી બીજા શખસે સુધબુધીથી કરેલુ કામ.

શરતો.

અથવા મોત આણવાની કોશીસ કરવાને આ

એમ જાણતો હોય કે એથી મોત આવે એ
વ્યથા અટકાવવાના અથવા કાઇ મોહોટો રોગ
બીજાં કારણ માટે તે સખસ કરે તેને આ અપ

અટકાવવાનાં, અથવા કાઇ મોટો રોગ કે અશક્ત
કારણ સીવાય બુધીપુરવક મહાવ્યથા કરવાને, અથવા મહાવ્યથા કરવાની
આ અપવાદ લાગુ પડશે નહી.

—જે ગુનોહ કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુનોહ કરવામાં મદ
ને પણ એ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

પોતાના બાળકના ફાયદાને સરૂ પોતાના બાળકની રજામંદી શીવાય
કહડાવવાને તેની જાંગમા એક દાકતર પાસે ચીરાવે અને તે એમ જાણતો
હોય કે એ શસ્ત્ર કીરીયાથી એ બાળકનુ મોત થશે એવો સભવછે પણ તે બાળકનો જી
વ જાય એવો તેનો ઇરાદો ન હોય તો આ અપવાદમાં દાખલ થાયછે કેમ કે તેની મત
લબ પોતાના બાળકનો રોગ જાય એ છે.

૯૦ કાંઇ નુકશાનની દેહેસતથી અથવા હકીકતની ખોટી સમજથી કાંઇ રજામંદી

દેહેસત અથવા ખોટી સમજથી અપાઇછે એવી જાણેલી રજામંદી.

કોઇ સખ્સથી અપાઇ હોય અને તે રજામંદી તેવી દેહેસતથી અથવા ખોટી સમજથી અપાઈ છે એમ તે કામ કરનાર સખ્સ જાણતો હોય, અથવા એમ માનવાનુ તેને કારણ હોય, અથવા,

જે સખ્સ દીવાનગી અથવા કેફના સબબથી જે કામ બાબત પોતાથી રજામંદી આ

બાળક અથવા દીવાના સખસની રજામંદી.

પતો હોય તે કામ કેવી તરેહનુ છે તથા તેનો પરીણામ કેવો થશે એ સમજવાને અસકત હોય હેવા શખ્સે રજામંદી આપી હોય તો તે રજામંદીને આ કાયદાની કોઇપણ કલમમા લખેલી રજામંદી જેવી સમજવી નહી.

૯૧ જે સખ્સ રજામંદી આપનો હોય અથવા જેની વતી રજામંદી અપાતી હોય

રજામંદી આપનાર સખ્સને થનારી હાનીના સબંધ વીના પણ જે કામો ગુનોહ છે તે કામોને ૮૭, ૮૮ તથા ૮૯ મી કલમો માહેલા અપવાદો લાગુ પડતા નથી.

તે સખ્સને જે હાની થાય અથવા જે હાની કરવાનો ઇરાદો થયો હોય અથવા જે હાની થશે એવો સભવછે એમ જાણવામાં આવ્યુ હોય અથવા જે હાનીના સંબંધ વીના પણ જે કામો ગુનોહ છે તે કામોને ૮૭, ૮૮ તથા ૮૯ મી કલમોમના અપવાદો લાગુ પડતા નથી.

-થી કાંઇ હાની થાય અથવા કાંઇ હાની કરવાનો ઇરાદો કરયો હોય તે હાનીના[illegible] ના પણ ગરભપાત કરવો એ ગુનોહ છે માટે "તે હાનીના સબબથી કઇ તે ગુને[illegible] અને તે અસતરી અથવા તેના વાલીની રજામંદી લેઇને તેનો ગેરભપાત કરયો.[illegible] તે રજામંદીથી તે કામ નહી ગુનો એમ થતુ નથી.

કોઇ સખસની વગર રજામંદીએ તેના ફાયદા સારૂ શુધબુધીએ કરેલુ કામ.

૯૨ જે માણસના ફાયદાને સારૂ કાંઈ વસતુ કરવી છે તે એવી હાલીતમાં આવી પડયો હોય કે નથી રજામંદી બતાવી શકાતી નં હોય અને કોઇ વાલી અથવા તેને કાયદેસર હવાલામાં રાખનારો કોઇ બી જો સખસ ન હોય કે તે વસતુ કરેથી ફાયદો થાય એ રીતે વખાતસર તેની રજામંદી મેળવી શકાય તો તેવી વેળાએ સુધબુધીથી તે શખસના ફાયદાને સારૂ તેની રજામંદી વગર કાંઇ વસતુ કરી હોય તો તેથી તે સખસને કાંઇ હાની થાય તે હાનીના સબબથી ગુનોહ છે એમ સમજવુ નહી પરતુ.

સરતો.

પહેલી-ઇરાદાથી મોત આણવાને અથવા મોત આણવાની કોસીસ કરવાને આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી-કાંઈ વસતુનો કરનાર સખસ એમ જાણતો હોય કે એથી મોત આવે એ વો સંભવ છે તે વસતુ મોત અથવા મહાવ્યથા અટકાવવા અથવા કાંઇ મોટો રોગ કે અશકતતા દુર કરવાના કારણથી કઇ બીજા કારણ માટે તે સખસ કરે તેને અપવાદ લાગુ પડસે નહી.

ત્રીજી-મોત અથવા વ્યથા અટકાવવાનાં કારણથી કાંઇ બીજાં કારણ માટે બુધીપુરવક વ્યથા કરવાને અથવા વ્યથા કરવાની કોશીસ કરવાને આ અપવાદ લાગુ પડશે નહી.

ચોથી-જે ગુનો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુનો કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત

(અ) જ પોતાના ઘોડા પરથી પડીને બેહોસ થઇ જાય અને તેવામાં ગ દાકતર તાંહાં આવી પહોચે તેવો વીચાર કરે એમ જાણે કે જની ખોપરી કાપી જોઇએ પછી જ ને વીચાર કરવાની શકતી પાછી આવતાં પહેલાં અગર અ જનુ મોત આણવાના ઇરાદાથી નહી પણ શુધબુધીથી જના ફાયદાને માટે જની ખોપરી કાપે તો [illegible] કાંઇ ગુનાહ કરયો એમ સમજવુ નહી.

(બ) જ ને એક વાઘ લઈ જાય છે તે જોઇને અ તે વાઘને તાકીને ગો[illegible] ચે; અને તે ગોળીથી જનો જીવ જાય એવો સંભવ છે એમ જાણીને પણ જ ને [illegible] લેવાના ઈરાદાથી નહી. અને સુધબુધીએ જ ને ફાયદા કરવાના ઇરાદાથી તે ગોળી મારે, અને તેની ગોળીથી જ ને તેનો જીવ જાય એવુ જખમ લાગે તો અ એ કાંઇ ગુનાહ કરયો એમ સમજવુ નહીં.

(ક) એક બાળક એકાએક એવી આફતમાં આવી પડે કે તેની ઊપર તુરત કાંઈ સસ્તરકીરીયા ન થાય તો તેનો જીવ જાય એવો સંભવ હોય અને તે બાળકના વલીની રજા લેવાની વેળા ન હોય એવી હાલત જોઈને તે બાળકના ફાયદાપર નજર રાખતાં સુબુધીએ તે બાળકના ફાયદાને માટે એક ડાકતર તે સસ્તરકીરીયા કરે તો એ એ કાંઈ ગુનો કરયો એમ સમજવું નહી.

(ડ) એક ઘરને આગ લાગીછે તે ઘરમાં આ છે તથા જ બાળક છે. એવામ લો ક નીચેથી એક ચાદર પેહોળી કરીને પકડી રહે અને આ તે બાળકને તે ઘરના છાપરાપર થી નીચે નાખે, એવું જાણીને કે નીચે પડેથી એ બાળનો જીવ જાય એવો સંભવ છે. પણ તે બાળકનો જીવ લેવો એવો તેનો ઇરાદો ન હોય, અને સુબુધીએ તે બાળકને ફાયદો કરવાનો ઇરાદો તેણે કરયો હોય તો એ ઠેકાણે અગર પડવાથી તે બાળકને જીવ જાય તો પણ, આ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું નહી

ખુલાસે.—ફકત પઈસાની તરફનો ફાયદો થતો હોય તેને ૮૮, ૮૯ તથા ૯૦ મી કલમમાં અરથ પરમાણેનો ફાયદો સમજવો નહી.

૯૩ કોઈ સખસના ફાયદાને સારૂ તેને સુબુધીએ કાંઇ કહેવામાં આવે અને તે સુબુધીએ કાંઇ કહેવાથી તે સખસને કાંઇ હાની થાય તો તે હાનીના સબબથી તે કહેવુ ગુનો છે એમ સમજવુ નહી.

દ્રષ્ટાંત

એક માંદા માણસને તેનો ડાકતર એ સુબુધીએ પોતાનો અભીપ્રાય કહે કે તું જીવી સકવાનો નથી અને તે ધાસ્તીથી તે માંદો માણસ મરી જાય તો અગર એ ને ખબર હતી કે એ પ્રમાણે કહેવાથી તે માંદા માણસનું મોત થાય એવો સંભવછે તો પણ એ એ કાંઈ ગુનોહ કરયો એમ સમજવું નહી.

ટીકા

ફકત ભાવથી કોઇ માણસને એવી ખબર કહેવી કે જેથી તેના મનપર માઠી અસર થઈ તેના શરીરને નુકસાન કરે એમ માનતો હોય તેને આ કલમનો લાભ મળવો ન જોઈયે.

૯૪ ખુન તથા રાજ વીરૂધ જે ગુનાને માટે મોતની શીક્ષા ઠરાવેલી છે તે ગુના

જે કામ કોઈ શખસને ડરથી કરવું પડે.	એ શીવાય, જે કામ કોઈ શખસને કંઈ ધમકીને લીધે કરવુ પડે અને તે ધમકી એવી હોય કે જેથી તે કામ કરતી વેળાએ તે શખસના મનમાં કારણસર એવી દેહશત પેદા થાય

કે જો હું એ કામ નહી કરીશ તો મારૂં તાતકાળીક મોત થશે તો તે કામ ગુનો છે એમ સમજવું નહી પણ તે કામ કરનાર સખશ પોતાની ખુશીથી અથવા પોતાને તાતકાળીક મોત કરતાં કાંઈ ઓછી હાનીની કારણસર દેહેશતથી એવી હાલતમા પોતે આવ્યો હોય કે તેથી તેની ઊપર તે દાબ થયો એમ ન થવું જોઈએ.

ખુલાસો ૧ લો.—જે શખસ પોતાની ખુશીથી અથવા માર મારવાની ધમકી

આ અપવાદનો ફાયદો મળી સકતો નથી.

ખુલાસો રજો —કંઈ શખસને ડાક ઈટોની એક ટોળી પ...
મવાની ધમકી દેખાડીને કાયદા મુજબ ગુનો હોય એવી કોઈ વ...
કે કોઈ લુહાર પાસે તેના હથીઆર લેવાડીને પોતે કોઈ ઘરમાં પેશીને તે લુંટી લેવા સારૂ
ઘરના બારણા ઉઘડાવે તો તેને આ અપવાદનો ફાયદો મળી શકે છે. . . . .

ટીકા.

મોતના પંજામાંથી બચવાને કરવુ પડેલુ કરનીય ગુનો નથી પણ તે ન કરવાથી પોતાનું મોત થવાનો ખરેખર ભય હતે એમ શાબીત કરવું જોઇએ. ઇંડા. લા. પ્ર. ૩૧૭

કલમ ૯૫. કાઇ વસતુથી કાંઇ હાની થાય. અથવા કાંઈ હાની કરવાનો ઇરાદો કરયો હોય અથવા જુજ હાની થાય એવું કામ | અથવા કઇ હાની થશે એવો સંભવ જાણ્યામાં હોય પણ તે હાની એટલી જુજ હોય કે સાધારણ સમજ તથા સવભાવનો કોઇ સખસ તે હાની બાબત ફરીઆદ કરે નહી, તો તે હાનીના સબબથી તે વસતુ ગુનાહ છે એમ સમજવું નહીં.

ટીકા.

"સાધારણ સમજ તથા સવાભવનો કોઇ માણસ" જે વરગમાં ફરીઆદી હોય તે વરગમાંથી લેવો જોઈએ સમુદાયની કોઈ અમુક વરગમાં નઠારૂ બોલવું અને શરીર ઉપર બળાતકાર કરવો એટલો સાધારણ હોય છે કે એક બીજાની સાથે એ પરમાણે વરતે. પણ એમ જરા પણ મનમા આવે નહી કે આથી ફરીઆદ કરવાનું કારણ આપયું છે. અગર આવાજ જેવા કામો બીજા સાોતીના લોકોમા અપમાન કારક અને નુકશાન કારક થઈ પડે.

આ કાયદાના મુળ રચનારાઓ તેમની નોટમાં (પા. ૮૧) આ ફકરા વીશે નીચે પરમાણે લખેછે.

"આ ફકરાથી જે કામો ભાષનો ખામીને લીધે ફોજદારી કાયદાના હરફમાં દાખલ થાય છે તો પણ તે હરફનો તેમાં જુમો નથી અને જેને આખી દુનીઆં ઉપર લોકો તેમજ ઘણા ખરા ઇનસાફદારો નિર અપરાધી ધારે છે તેવા કામોને સારૂ "ઠરાવ કરવા ઇરાદો છે આ પણી વાખીયાઓ પરમાણે તો બીજા માણસની સહીમાં કલમ બોળવી એ ચોરી છે તેના એક વેઢર ભાગવી એ બીગાડ છે. ઘોડા ઉપર દોડતાં તેની આગળ પડી ધુળથી તેને ઢાંકી દેવો એ હુમલો છે ગાડીમા ચડતાં તેને દાબી નાંખી ... કરવી એ વ્યાથા છે. એવા અગણીત કામો છે કે જે કરયા વીના માણસો ભેગાં ... નહી જે કામો બંધ માણસો એક બીજા ઉપર કરે છે અને કરવા દેછે. ... એ કરવા અને કરવા દેવાં એ ઠીક છે તો પણ ગુનાહથી તે દરજજામાં...

નહીં માનવા જોઇએ એ ખુલ્લું છે અને તેનાકથા તોયા સ્વામીમની

કરવા અમે ઠીક ધારીએ છીએ" તેનો દાખલો.

કોરટ જ્યા તોહોમતવાળા સખસને સરકારી જમીનના એક ખાલી ઝાડમાથી તરણ પાઈની મતાની તરણ શીંગો તોડી લેવાને સારૂ શીક્ષા કરવામા આવી હતી તીયાં આ કલમ મુજબ ચોરીનો ગુનોહ ૨૬ કરયો (મુંબાઈ હાઈકોરટ રીપોરટસ કરમીનલ કેસીસ વા. ૫ ... જો કોઈ બીજા માણસની જમીન ઊપરના ઝાડની પેંગાસ લીધી હોત તો ... પરમાણે થાત નહીં.

સરકાર જેનો ઊપયોગ કરતા નથી એટલે ઉપજ લેતાં નથી તેવાં ઝાડોની શીંગો લેવાથી કાંઈ ગુનો થતો નથી વા. ૫ પા. ૩૫ તા૦ ૨૦ મેએ સને ૧૮૬૮.

ખાનગી બચાવના હક બાબત

ખાનગી બચાવમા કરેલી કાંઈપણ વસતુ ગુનોનથી. — ખાનગી બચાવનો હક અમલમા લાવતાં કરેલી કાંઈ પણ વસતુ ગુના છે એમ સમજવુ નહીં.

ટીકા.

ચોગ હદમાં રહીને દરેક માણસે પોતાની આબરૂ, મીલકત અને સ્વાતંત્રતાનો બચાવ કરવો જોઇએ એ એવો નાયાનો નીયમછે (જુઓ અનીવાસ કરતીય કાયદાની કહેવતનુ પુસતક પા. ૬૧૫).

૯૭ હરેક સખસને નીચે લખેલા બચાવ કરવાનો હક છે. પણ તે હક તે ૯૯ મી કલમમા લખેલી હદો લાગુ પડે છે.

શરીર તથા મીલકતના બચાવનો હક.

પેહેલો—શરીર સબંધી કોઈ પણ ગુનાહથી પોતાના અથવા બીજા કોઈ પણ સખસના શરીરનો બચાવ.

બીજો.—ચોરી આપહરણ, બીગાડ, અથવા સાપરાધ પરવેશ, એ ગુનાઓના લક્ષણોમાં દાખલ થઈ શકે એવો ગુનો જે કામ હોય અથવા જે કામ ચોરી અપહરણ બીગાડ અથવા સાપરાધ પરવેશ કરવાની કોશીશ હોય તે, કામથી પોતાની અથવા બીજા કોઈ પણ સખશની સથાવર કે જંગમ મીલકતનો બચાવ.

૯૮ જે કામ બીજી હાલતમાં થએથી અમુક ગુનો ગણાય એવું હોય તે જો તે કામના કરનારની નાહાની ઊમરના, બુધીની કાચાઈના અથવા દીવાનગીના સબબથી, અથવા તેને કેફ ચઢી હોય અથવા તે સખસની કાંઈ ખોટી સમજ હોય તે સબબથી તે ગુનોહ થઈ શકતો ન હોય તો પણ જાણે તે કામ તે ગુનોહ હોય એવી રીતે તેથી ખાંનગી બચાવ કરવાનો હરેક સખસનો તેવોજ હક છે.

દીવાના સખસ વગેરેના કામથી બચાવનો હક.

દષ્ટાંત

(અ) દીવાનગીના જોરથી જ અ નો જીવ લેવાની કોશીશ કરે તો જ

ગુનો કરશે એમ સમજવું નહીં પણ જ ઠાહ્યો હોય એવીજ રીતે ખાનગી બ
ચાવનો હક છે.

(બ) જે પરમા પેસનાને બચાવનો કાયદા પરમાણે હક છે તે પરમાં બ
વખતે પેસે જ સુધબુધાએ બ ને બદ ઇરાદનો સમજીને બ ની ઊપર હુમલો કરે
કેમાણે બ ખોટી સમજને લીધે બ ની ઊપર હુમલો કરવાથી જ એ કાઇ ગુનો કરે
ગ સમજવું નહીં પણ જ તે ખોટી સમજથી કામ ન કરતો હોય એવીજ રીતે બ
મા ખાનગી બચાવનો બ નો હક છે.

૯૯ પેહેલી—જે કામથી મોત અથવા માહાવ્યથા થવાનો કારણસર ભય ઊત્પન્ન થતો નથી એવું કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના ઓધાની રીતથી શુદ્ધ બુધીએ અમલ કરતા જો કરે અથવા કરવાની કોશીશ કરે તો પછી તે કામ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

કીયા કામોથી ખાનગી બચાવ કરવાનો હક નથી;

બીજી જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઊત્પન્ન થતો નથી એવું કાંઈ કામ કોઈ સરકારી નોકર પોતાના હોદ્દાની રીતથી શુદ્ધબુધીએ અમલ કરતાં કરેલા હુકમ ઉપરથી જો કોઈ કરે અથવા કરવાની કોશીશ કરે તો પછી તે હુકમ બરાબર કાયદા મુજબ ન હોય તો પણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

ત્રીજી—સરકારી અધીકારીઓને આશરો માગવા જવાની વેળ હોય એવી બાબતોમા ખાનગી બચાવનો હક નથી.

ચોથી—કોઇ પણ બાબતમાં બચાવ કરવાના કારણસર કરવી જરૂર હોય. તે કરતાં વધારે હાની કરવા સુધીનો ખાનગી બચાવનો હક નથી.

કેટલી હદસુધીએ હક અમલમા લાવી શકાય

ખુલાસો ૧ લો—આ કામ કરનારો સરકારી નોકર છે એવું જે સખસ જાણતો નથી અથવા એવું માનવાનું જેને કારણ નથી તે સખસનો તે સરકારી નોકર જે કામ કરે અથવા કરવાની કોશીશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

ખુલાસો ૨ જો—આ કામ કરનારો માણસ કોઇ સરકારી નોકરના હુકમથી એ કરે છે એવું જે સખસ જાણતો નથી અથવા એવું માનવાનું જેને કારણ નથી અથવા હું રખાયા અખતીયારથી એ કામ કરૂં છું એમ તે માણસ કહે નહીં અથવા અગર તે અખતીયાર લખેલો હોય તો, માગેથી તે અખતીયાર બતાવે નહીં તો, તે સખસનો તે સરકારી નોકરના હુકમથી તે માણસ જે કામ કરે અથવા કરવાની કોશીશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

૧૦૦ જે ગુના ઊપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે તે ગુનો જો નીચે લખેલા પ્રકારોમાના કોઇ પણ પરકારનો હોય તો ગુનો કરનારને બુધીપુરવક મોત અથવા બીજી કાંઈ પણ હાની કરતાં સુધી શરીરના ખાનગી બચાવનો હક પોહોંચેછે, પણ તે હકને ઉપલી કલમમા લખેલી હદો લાગુ પડેછે ગુનાઓના પરકારો.—

શરીરના ખાનગી બચાવનો હક મોત કરતાં સુધી ક્યારે પોંચે છે

...યોવનો હક એટલે સુધી અમલમાં ન લવાય તો તે... કારણસર ભય જેથી ઉતપન થાય એવો હુમલો.

...ના બચાવનો હક એટલે સુધી અમલમાં ન લવાય તો તેને ...જખમ થશે, એવો કારણસર ભય જેથી ઊતપન થાય એવો હુમલો.

તીજો—બળાતકાર સંભોગ કરવાના ઈરાદાથી હુમલો.

ચોથો—સૃષ્ટીક્રમ વિરૂધ મઈથુને ઈચ્છા પુરણ કરવાના ઈરાદાથી હુમલો.

પાંચમો—મનુષ્ય હરણ અથવા મનુષ્યનયન કરવાના ઈરાદાથી હુમલો.

છઠો—કોઈ સખસને ગેરવાજબી રીતે કેદ કરવાના ઈરાદાથી હુમલો અને તે એવી હાલતમાં હોય કે તેથી પેલા સખસના કારણસર એવો ભય ઉતપન થાય કે પછી એ ...માંથી છુટવાને સારૂ સરકારી અધીકારીઓને અરજ કરવાનું મ હારાથી બની શકશે નહીં.

ટીકા.

જ્યાં એક પોલીસ અમલદાર ઝાડો લેવાના વારંટ સીવાય ચોરેલી મીલકતને સારૂ ...ડો લેનાર એક ઘરમાં કોશીશ કરી તીયાં ઠરાવ કરવામાં આવ્યો હતો તેને અટકાવવો ... કેમ કાયદેસર હતું, અને ખાનગી બચાવના કારણસર તે વાજબી નહોતું (મુબાઈ ...ક્રીમીનલ વા. ૭ પા. ૫૦)

૧૦૧ જો ગુનો ઊપલી કલમમાં લખેલા પરકારોમાંના કોઈ પણ પરકારનો નહીં હોય તો શરીરના ખાનગી બચાવનો હક હુમલો કરનારને ખુશી પુરવક મોત કરતાં સુધી પોહોચતો નથી; પણ ... કરનારને મોત શીવાયના ખુશી પુરવક કાંઈ બીજી હાની કરતાં સુધી પોચે છે. ...ગી કલમમાં લખેલા હદો લાગુ પડે છે

(...હક મોતં શીવાયના કાં બીજી હાની કરતા સુ... ક્યારે પોચેછે)

૧૦૨ અગર ગુનો થયો નહીં હોય, તો પણ ગુનો કરવાની કાંઈ કોશીશ અથવા ધમકીથી શરીરને જોખમ પોચવાનો કારણસર ભય ઉતપન થાય કે તુરત શરીરના ખાનગી બચાવનો હક શુરૂ થાયછે, ...ને જ્યાં સુધી શરીરને જોખમનો તે ભય ભરી રહે તીયાં સુધી તે હક જારી રહેછે.

(શરીરના ખાનગી બચાવ... હક શરૂઆતથી અને ...નું જારી રેવું.)

૧૦૩ જે ગુનો કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે; તે ગુનો જો નીચે લખેલા પરકારોમાંના કોઈ પણ પરકારનો હોય, તો ગુનો કરનારને ખુશીપુરવક મોત અથવા બીજી કાંઈ પણ હાની કરતા સુધી મીલકતના ખાનગી બચાવનો હક પોચેછે; ...ણુ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડેછે ગુનાઓના પરકાર.

(મિલકતના ખાનગી બચાવનો હક મોત કરતા સુ... ક્યારે પોચેછે.)

પેહેલો—અપહરણ.

બીજો—રાતને વખતે ઘર ફોડવું.

...તંબુ અથવા વહાણ માણસના ઘર દાખલ વપરાતુ હોય, ...દાખલ વપરાતુ હોય, તે ઈમારત, તંબુ અથવા વાહાણ

આગથી બીગાડ કરવો.

ચોથો—ચોરી, બીગાડ અથવા ગરહપ્રવેશ, અને તે એવી હાલતમાં કર...
...ગુસુર હેવો ભય ઊતપન થાય કે જો ખાનગી બચાવનો તે હક અમલમાં ન...
... પરીણામ મોત અથવા મહાવ્યથા થશે.

૧૦૪ જે ગુનો કરવા અથવા જેની કોશીસ કરવા ઉપરથી ખાનગી ...

...તે હક મોત શીવાયની ...બીજી કાંઈ હાંનો કરતાં ...સુધી કયારે પહોચે છે.	અમલમા લાવવો પડે તે જો ઉપલી કલમમાં ... રોમાંના કોઈપણ પરકારની ચોરી, બીગાડ અથવા... રવેશ નહી હોય તો તે હક બુધીપુરથક મોત ક... થતો નથી પણ ગુનેગારને મોત શીવાયની બુધીપુ...

...ઈ પણ હાની કરતા સુધી પોહોચે છે અને તે હકને ૯૯ મી કલમમાં લખેલી હ...
...ગુ પડે છે.

ટીકા

એક માજીસતરેટે એક જમીનના ટંટા બાબત તપાસ કરી એ જમીન એક સખસના કબજામા છે. એવુ ઠરાવ્યું પણ બેઉ પક્ષકાર. ઉપર આ કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે તહોમત હતુ તેથી તેમને બેઉને સજા કરી તેમા ઠરાવવામા આવ્યું કે જે સખસનો કબજો હતો તેને આ કલમ ૧૦૪ નો લાભ મળે અને તેથી તેને સજા થાય નહીં. ૧૦ વી. રી. પ્ર. ૬૪ (ફોજદારી.)

૧૦૫ પહેલી—જયારથી કોઇ મીલકતને જોખમનો કારગુસર ભય ઉતપન થાય

મીલકતના ખાનગી બચાવ ના હકની સરૂઆત અને તેનુ જારી રેહેવું.	તીયારથી તે મીલકતના ખાનગી બચાવનો હક સરૂ થાયછે.

બીજી—ચોરીથી મીલકતના ખાનગી બચાવનો હક મીલકત લઇને ગુનેગાર નાસી જાય અથવા સરકારી અધીકારીઓનો આસરો મળે અથવા તે મીલકત પાછી હાથ લાગે, તાહાં સુધી જારી રહે છે.

ત્રીજી—અપહરણથી મીલકતના ખાનગી બચાવનો હક જયાં સુધી ... ખસને મોત આપવા વ્યથા અથવા ગેરવાજબી અટકાવ કરે અથવા કરવાની ... અથવા જયા સુધી તાતકાળીક મોતનો અથવા તાતકાળીક વ્યથાનો અથવા ... તાતકાળીક અટકાવનો ભય જારી રહે તાંહાં સુધી જારી રહે છે

ચોથી—સાપરાધ પરવેસ અથવા બીગાડથી મીલકતના ખાનગી બચાવનો હક જયાં સુધી ગુનેહગાર સાપરાધ પરવેશ અથવા બીગાડ કરવામાં જારી રહે તીયાં સુધી જારી રહે છે.

પાચમી—રાતને વખતે ઘર ફોડવાથી મીલકતના ખાનગી બચાવનો ... ...થી સુરૂ થએલો ગરપરવેશ જયાશુધી જારી રહે તાંહાં સુધી જારી રહે...

ટીકા.

ઘરમાંથી નાશી ગયો હોય અને જે ઘરમાંથી ચોરી કરી
તો તેને પકડવાને જરૂર હોય તે કરતા વધારે ઇજા કરવી
માફી જોલાહાદ. બે હા. રી. (સ્પેશીઅલ નંબર.) પ્ર ૮

હુમલો એવા થાય કે તેથી મોતનો કારણસર ભય ઉત્પન
અને તે હુમલાથી ખાનગી બચાવનો હક અમલમાં
પોતાનો બચાવ કરનાર સખસ હેવી હાલતમાં આવી
લો હોય કે કોઇ બે ગુનાહ સખસને હાની કરવાના
શીવાય તેથી તે હક ધારયુ થાય હેવી રીતે અમલમાં
શકાય નહી તો તે જોખમમા પડતા શુધી ખાનગી બચાવનો તેનો હક પોહોચેછે.

દ્રષ્ટાંત.

અ ની ઉપર એક ટોળીએ હુમલો કરયો છે અને તેઓ તેનુ ખુન કરવાની
કરે છે તે ટોળાની ઊપર બંદુક છોડયા સીવાય ધારેલુ થાય એવી રીતે ખાનગી બચાવનો
હક અ અમલમાં લાવી શકે એવુ નથી, અને તે ટોળામા કેટલાએક બાળક છોકરા છે તે
ઓને હાની કરવાના જોખમ સીવાય અ બંદુક છોડી શકતો નથી હવે એવુ છતા બંદુક
છોડેથી જો અ-થી તે છોકરાઓમાના કોઇ છોકરાવોને કાંઈ હાની થાય તો અ એ કાં
ગુનોહ કરયો' એમ સમજવુ નહી.

ટીકા.

મુંબઇમાં એવો ઠરાવ થયો છે કે દીવાની હુકમમાંથી અથવા દીવાની કેદમાંથી છટ
ક એ ફોજદારી ગુનોહ નથી (રાગ્રી વીરૂધ કોનન, મુંબાઈ કેરા. કે. વા. ૬ પા.૧૫)

બાબ ૫ મો.

મદદગારી બાબત.

સંબંધી નીચે લખ્યા પરમાણે જે માણુસ કરે તે માણુસે તે
વસતુ કરવામા મદદગારી કરી એમ સમજવું.
માણુસ તે વસતુ કરવાને કોઇ સખસને ઉશકેરે; અથવા
માણુસ તે વસતુ કરવાને સારૂ કોઇ સખસ અથવા સખસોની સા
લ થાય પણ તે કયારે કે તે મસલત મુજબ તથા તે વસતુ કર
કાયદા વીરૂધ કસુર કરવામાં આવે તો અથવા.
કાઇ કામ અથવા કાયદા વીરૂધ કસુર કરીને તે વસતુ કરવામાં

ખગર કોઇશખસ જાણી જોઇને કાંઈ વાત કહીને
કરવાની પોતાની ફરજ હોય તે હકીકત જાણી જોઇને

પુંગીપુરવક કંઈ વસતુ ફગાવે અથવા કરાવવાની કોસીશ કરે તો તેણે [illegible]
ઉસકેરણી કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) એક સરકારી અમલદાર છે તેને એક ઈનસાફની કોરટમાંથી વારંટ મળ્યું તે વરંટ મુજબ જ ને પકડવાનો અ નો અખતીઆર છે હવે એ હકીકત જાણ્યા છતાં [illegible] થા કે તે જ નથી એ પણ જાણ્યા છતા બ આ ને જાણી જોઈને એમ કહે કે ક [illegible] જ છે અને એમ કરીને ઈરાદાથી અ ની પાસે ક ને પકડાવે તો એ ઠેકાણે બ [illegible] ઉસકેરણીથી ક ને પકડવામા મદદગારી કરી એમ સમજવું.

ખુલાસો —૨ જો કાંઇ કામ કરતાં પહેલા અથવા કાંઈ કામ કરતી વખતે તે કામ કરવુ સેહેલ કરવા સારૂ જે માણસ કંઈ વસતુ કરે અને તેમ કરીને તે કામ [illegible] રે તે માણસે તે કામ કરવામાં સાહાય કરયુ એમ સમજવું.

ટીકા.

આ કલમને લગતા નીચે મુજબ ફેસલા થએલા છે, તે ધ્યાનમાં [illegible]
[illegible] ને નીચે દાખલ કરા છે.
[illegible] જામા આવી હતી અને પુરાવો એમ બતાવતો [illegible]
[illegible] હાં એવો ઠરાવ કરવામા આવ્યો હતો કે અમુક [illegible]
એ હુમલો કરયો તે વખત પાસે ઊભા હતા તે ઈરાદાથી સાહાય કરવાનો ગુનેગાર [illegible] પણ કલમ ૧૧૪ મુજબ શીક્ષા કરવા લાએક નહોતા (રેવનીયુ શીવલ એંડ ક્રીમીનલ [illegible] પોરટર ‚ કલકતા) ક્રીમીનલ રૂલીંગઝ વા. ૪ પાને ૨૭)

સરકારી માણસ શીવાય કોઈ ખાનગી માણસે કાઈ ગુનો બનતાં જોયો હોયતે [illegible] ખબર આપવી એવો કોઈ કાયદો નથી ૪ બેં લા. રી પ્ર ૭ (ક્રી. આ.)

ખોટા તોહોમતના ટેકામાં જુબની આપાથી મદદગારીનો ગુનો કરયો એમ [illegible] નથી. ૯ બેં. લા. રી. પ્ર. ૧૬

પોલીસના લોકો જુલમથી તોહોમતદારોની કબુલત લેછે એવી ખબર [illegible] ટેખમને પડયા છતા તેણે તે વીરો હ્યવગત કરાવ્યો એ ગુનો છે ૨૧ વી. રી. [illegible]

ખુન સાબીત થયા વીના ખુનની મદદગારીનો ગુનો સાબીત કરી શ [illegible] ડા. પ્ર ૨૪૦.

તોહોમતદારે સાહેદીને પોતાની વીરૂધ હકીકત જાહેર ન કરવા [illegible] સહેદી આપવામા મદદગારી કરાનો ગુનો થાય છે. બેં ડા. પ્ર ૩૬૦. [illegible]

એક કાયદા વીરૂધ મંડળીના કેટલાક સભાસો પાસે લાકડી હોય (આ [illegible] પાસે કાંઈ લાકડી ન હોય પણ કોઈ પાસેની લાકડી લઈને વાપરે (બ)જે (અ) ને [illegible] ખી હોય તે મારવાનો જનરલ ઓરડર આપે તો (અ) એ કરેલા હુમલાના (બ) એ [illegible] મદદગારી કરી એમ ઠેરાવ, કાયદા વીરૂધ સભાસદ બેં. ડા. પ્ર. ૨૪૦ [illegible]

નો થવાનો છે એવો ઈરાદો કોઈએ જાણ્યો હોય અને એ
ઈરાદો જાણી જોઈ છુપાવ્યો હોય તો તેણે ગુનાહીમાં
ગણાય રાણી વારૂપ જેહેગુર. ઈ. ડા પ્ર. ૩૪
ગુનો કરનાર તરીકે સાક્ષી થઈ હોય તેઓને મદદગરી તરીકે
જા ચોધરી ઈ. ડા. પ્ર. ૩૪૦
ખુલાસા પ્રમાણે એક સખસે કાંઈ ચોરી કરાવી હોય અથવા
હોય તે જ થય એ ગુનો થવાના પાછળથી ખબર મળી હોય તો
ભાગીદારી થાય નહીં રાણી વસમા રૂદીન, ઈ. ડા. પ્ર. ૩૪૦
સરટીફીકેટ આપવાના ગુનાહમાં મદદગારી કરવાના તોહોમતમાં તહો-
મતદારનો ઈરાદો એ ગુનાહનો મુખ્ય ભાગ છે—રાણી વીરૂધ હીસામુદીન ઈ. ડા. પ્ર. ૩૪૦

એક સખસનું ખુન થયું તે વખતે ખુન થશે એવું તેના જાણવામાં નહેતું તેથી તે
ત્યાં ઉભો રહયો તે આ ગુનાહો અટકાવવાને બીકથી વચે પડયો નહી એટલુંજ નહીં
પણ મુડદુ છુપાવવામાં ખુનીઓ ભેગો સામેલ થયો તેમાં ઠરાવવામાં આવ્યું કે તેની
ઉપર ખુનની મદદગારી કરવાનું તહોમત આવે નહીં પણ પેનલકોડની કલમ ૨૦૧ પર-
માણે પુરાવો છુપાવવાનું તહોમત આવે-રાણી વીરૂધ ગોવરધન પેરા. કો. ઈ. ડા પ્ર ૩૪૦

જે ગુનાહમાં મદદગારી કરી હોય તે ગુનોહ થયા વીના મદદગારીની સજા થાય ન.
હીં એમ નથી એટલે કે મદદ કરેલો ગુનાહો ન થાય તો પણ મદદગારીની સજા થાય.
૧૮ વી. રી. પ્ર. ૯૨

(અ) એ (બ) અને (ક) ને (ડ) ને પરાણે પકડી લાવવાનું કહયું એ પ્રમાણે
તેઓ પકડી આવ્યા. (ડ) ની ઉપર સખત માર પડયો તેમાં ઠરાવવામાં આવ્યું કે
(અ) ખુસી પુરવક મહાવ્યથા કરવાના ગુનાહનો મદદગાર છે રાણી વીરૂધ દુરગેશર શરમા
કો. ઈ. ડા. પ્ર ૩૪૦

એક કદીએ એક ચોરી કરનારની પારટી સાથે રેહેવાનું કબુલ કરયું પછવાડી તેણે
તેનો એ વીચાર ફેરવ્યો પણ ચોરી થતી વખતે તે ત્યાં હાજર હતો તેમાં ઠરાવવામાં
આવ્યું કે તેની ઉપર આ કલમની રકમ બીજી પ્રમાણે તહોમત આવે નહીં પણ આ
કલમની રકમ ત્રીજી પ્રમાણે અને કલમ ૧૦૯ પરમાણે તહોમત આવે. રાણી વીરૂધ ખુ
બલમુસર કો. ઈ. ડા. પ્ર. ૩૪૦

કોઈ પારકા રાજયમાં રહી બ્રીટીસ કોરટમાં કરવાના ગુનાહની મદદગારી કરે
તે અદાલતનો ઈનસાફ બ્રીટીશ કોરટથી થાય નહિં રાણી વીરૂધ પરતાપ ૧૦
હા. રી. પ્ર. ૩૫૧.

આ કલમમાં "મશવરત" સબદ છે તેનો અરથ એ છે કે કોઈ સખસને
દસનતથી ઈજા કરવાના વીચાર ની બે અથવા વધારે સખસો ભેળા મળે રાણી વીરૂધ

કોઈ સખસ બીજાના નામથી જુઠી સાક્ષી પુરવા આવે એ સખસ અમુક સખસ
એ તો કેહે તરીકે સખસ ખાતરી આપે તો એ ખાતરી આપનાર મદદગાર ગણ
. ૮ વી. રી પ્ર. ૫
મદદગારને મદદગાર ગણતી વખતે ગુનેહગાર સાથે ગુન
એવું બતાવવું જોઇએ જ્યાં સુધી કાયદાસર કામ ચાલ
ભેળો રહે પણ બીનકાયદે થતા તે તેમનાથી દુર રહે
હી ૨૦ વી રી. પ્ર. ૪૧
એમ કહે કે મારે અમુક જણને મારવા છે. આથી (અ
તે હથીઆરે કરીને (બ) કંઇ ગુનાહ ભરેલું કામ કરે
) એ મદદગારી કરી કહેવાય. ૧૨ વી. રી. પ્ર. ૫૨.

૧૦૮ જે સખસ કાંઇ ગુનો કરવામાં મદદગારી કરે અથવા જે કા

મદદગાર.
{ ખાસના ઇરાદા અથવા જ્ઞાનથી ગુનો કરવાને
{ કોઇ શકતીમાન સખસે કરયુ હોય તો ગુનો થાય

મદદગારી કરે તે શખશે ગુનામાં મદદગારી કરી એમ સમજવું.

૧ લો—કાંઇ કામની કાયદા વીરૂધ કસુર કરવામાં મદદગારી કરવી
છે. પછી તે કામ કરવાની અગર તે મદદગારની પોતાની ફરજ નહી
નો પણ.

ખુલાસો બીજો.—મદદગારીનો ગુનો થવામાં હેતુ કાંઇ જરૂર નથી કે મદદગ
કરેલુ કામ થવુ જોઇએ અથવા જે અસર તે ગુનો થવામાં જરૂર છે. તે અસર પે
થવી જોઇએ.

દ્રષ્ટાંતો.

(અ) અ બ ને ક નુ ખુન કરવાને ઉસકેરે બ તેમ કરવાની ના કહે તો બ ને
ન કરવામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) અ બ ને ડ નુ ખુન કરવાને ઉશકેરે તે ઉસકેરણી મુજબ બ ડ ને એક
માર મારે, તે જખમથી ડ સારો થાય તો પણ અ એ બ ને ખુન કરવાની ઉસકેરણ
કરી એમ સમજવું.

ખુલાશો ૩ જો—હેવુ કાંઇ જરૂર નથી કે જે સખસને મદદગારી કરી હોય તે
ખસ કાંઇ ગુનો કરવાને કાયદા પરમાણે શકતીમાન જોઇએ અથવા તે મદદગારના
જ તે સખસનો સાપરાધ ઇરાદો કે જ્ઞાન જોઇએ, અથવા તે સખસનો કાંઇ પણ
પરાધ ઇરાદો અથવા જ્ઞાન જોઇએ.

દ્રષ્ટાંતો.

(અ) અ સાપરાધ ઇરાદાથી એક બાળકને અથવા ગાંડા માણસને કાંઇ કામ કર
ને ઉસકેરે અને તે કામ થયુ હોય કે ગુનો કરવાને કાયદા પરમાણે સમજનાતી

હોય એવો કોઈ શખસ અ ના જેવા ઇરાદાથી તે કામ કરે તો તે ગુનો ગણાય. તો એ ઠેકાણે અ એ ગુનામા મદદગારી કરી એમ સમજવું પછી તે કામ કરવામાં આવે કે નહીં તો પણ.

(ખ) જ નું ખુન કરવાના ઇરાદાથી અ સાત વરશથી ઓછી ઊમરના એક બાળક બ ને એવુ કામ કરવાને ઉશકેરે કે તેથી જ નુ મોત થાય બ તે મદદગારી ઊપરથી તે કામ કરે અને તે કામથી જ નુ મોત થાય તો એ ઠેકાણે જો બ ગુનો કરવાને કાયદા પરમાણે શકતીમાન નથી તો પણ જાણે બ ગુનોહ કરવાને કાયદા પરમાણે શકતીમાન હોય અને તેણે ખુન કરયુ હોય તેજ રીતે અ શીક્ષા થવાને લાયક છે. તેને મોતની શીક્ષા થઈ શકે.

(ક) અ એક ઘરને આગ લગાડવાને બ ને ઉશકેરે અ ની ઊશકેરણી ઉપરથી બ તે ઘરને આગ લગાડે અને દીવાનગીના સબબથી તે કામ કેવી તરેહનુ છે તે, અથવા પોતે જે કામ કરે છે તે કામ ખોટુ અથવા કાયદા વીરુધ છે એવુ જાણવાને બ અશકત હોય તો બ એ કાઇ ગુનોહ કરયો એમ સમજવુ નહી પણ અ એ ઘરને આગ લગાડવાના ગુનામાં મદદગારી કરી, અને તે ગુનાને માટે ઠરાવેલી શક્ષાને તે લાયક છે એમ સમજવું.

(ડ) ચોરી કરવાના ઇરાદાથી જ ના કબજામાથી કાંઈ જ ની મીલકત લેવાને અ બ ને ઊશકેરે અ બ ના મનમા એવો વીસવાસ ઊતપન કરે કે તે મીલકત અ નીછે પછી સુધબુધીથી તે મીલકત અ ની છે એમ માનીને બ તે મીલકત જ ના કબજામાં થી લે તો એ ખોટી સમજણથી કામ કરયુ તેથી તેણે બદદાનતથી લીધી એમ કહેવાય નહી માટે તેણે ચોરી કરી એમ સમજવુ નહી પણ અ એ ચોરીમા મદદગારી કરી અને બ એ ચોરી કરી હોય ને જે શીક્ષ બ ને થાય તેજ શીક્ષાને અ લાયક છે એમ સમજવુ

ખુલાસો ૪ થો—કોઈ ગુનાહમા મદદગારી કરવી એ ગુનોહછે માટે એની મદદગારી માં મદદગારી કરવી તે પણ ગુનોહછે એમ સમજવું.

દ્રષ્ટાંત

જ નુ ખુન કરવાને ક ને ઉસકેરવાને અ બ ને ઊશકેરે તે ઊપરથી જ નુ ખુન કરવાને બ ક ને ઉશકેરે. અને બ ઊશકેરણી ઉપરથી ક તે ગુનોહ કરે તો પોતાના ગુના ને માટે બ ખુનની શીક્ષાને લાયકછે; અને તે ગુનોહ કરવાને અ એ બ ને ઉશકેરયો માટે અ પણ તેજ શીક્ષા ને લાયકછે એમ સમજવું

ખુલાસો ૫ મો—મસલતથી મદદગારીનો ગુનો કરવામાં એવુ કાંઈ જરૂર નથી કે જે સખસ ગુનોહ કરે તે સખસની સાથે તે મદદગારે તે ગુનાહ બાબત મનસુબો કરવો જોઈએ જે મસલત મુજબ તે ગુનોહ કરવામાં આવે તે મશલતમાં તે સામેલ થયો તો બસછે.

કરે કે અ એ જેહેર આપવું પછી તે ગોઠવણ બ ક ને સમજાવે
અને તીજો શખસ જેહેર આપવાનોછે પણ અ નું નામ કહે નહી કે જેહેર
કબુલ કરે અને સમજાવેલી રીતે વાપરવા સારૂ તે જેહેર તેબ ને હવાલે
તે જેહેર આપે અને તેના જોરથી જ મરી જાય તો એ ઠેકાણે અ તથા
મળીને કઇ મસલત કરી નથી તો પણ જે મસલત મુજબ જ નું ખુન
સામીલ થયો માટે ક એ આ કલમમાં બીયાન કરેલો ગુનોહ કરયો અને
સાને લાયકછે એમ સમજવુ.

ટીકા.

મદદ કરેલો ગુનહો ખરેખરો બનેલ હોવો જોઇએ એવી કાંઇ જરૂર નથી ૪ ઇ. લા
રી. (કલકતા) પા. ૩૬૬

જો મદદગારી ઊપરથી મદદગારી કરેલુ કામ કરવામાં આવે અને તેની મદદગારીને માટે બીજી કાંઇ સાફ સીક્ષા ન ઠરાવી હોય તેની શીક્ષા.

૧૦૯ અગર કોઇ માણસ કાંઈ ગુનામાં મદદગારી કરે અને તે મદદગારી ઊપરથી તે મદદગારી કરેલુ કામ કરવામા આવે અને તે મદદગારીની શીક્ષાને માટે આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ કરેલો નહી ય તો તે ગુનાહને માટે ઠરાવેલી શીક્ષા તે માણસને કરવામાં આવશે.

ખુલાસો—કાંઇ કામ અથવા ગુનો મદદગારી ઉપરથી કરવામાં આવ્યો એમ ક્યારે સમજવુ કે જ્યારે તે કામ અથવા ગુનો તે મદદગારીમાં જે ઉસકેરણી અથવા મસલત થવા સાહાય આવ્યુ હોય તે ઊસકેરણી ઊપરથી અથવા તે મસલત મુજબ અથવા સહાયથી કરવાગાં આવે તીયારે.

દ્રષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકરછે તેણે પોતાના હોદ્દાનો અમલ ચલાવવામા અની ઊપર કાંઈ મહેરબાની બતાવવાના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપવા માડે અને બ તે લાંચ લે, તો ૧૬૧ મો કલમમા બાયાન કરેલા ગુનામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) ખોટી શાહેદી આપવાને અ બ ને ઉશકેરે અને તે ઉશકેરણી ઉપરથી બ તે ગુનો કરે તો અ એ તે ગુનામા મદદગારી કરી તથા બ ના જેવીજ શીક્ષાને તે લાયક છે એમ સમજવું.

(ક) અ તથા બ જ ને જેહેર આપવાની મસલત કરે. તે મસલત મુજબ જેહેર લાવીને બ ને હવાલે કરે એટલા શારૂ કે બ તે જેહેર જ ને આપે પછી તે મસલત મુજબ બ અ ની ગેર હાજરીમા તે જેહેર જ ને આપે અને તેથી

ટીકા.

સને ૧૮૭૦ નો આક્ટ ૨૭ મુજબ ગુનાની વ્યાખ્યામાં વીશેશ અને સથાનીક કાયદા વીરૂધ ગુનાઓનો હવે સમાવેશ થાયછે તોપણ તેમાં વીલાયતના કાયદા વીરૂધ ગુનાઓનો સમાવેશ થતો નથી એટલા માટે જ્યાં મુખીય ગુનેગાર માતર એજ કાયદા મુજબ સીક્ષા લાએક હોય તાંહા એ ગુનો કરવાને હીંદુસતાનમા મસવરત કરવાના ગુનાને સટ ૩ આ કલમ મુજબ શીક્ષ ને લાયક નથી (મુંબઈ પ્રા કે. વા. ૭ પા. ૧૧૬)

મુખ ગુનોહ કરનારને સજા થાય તોજ મદદગારને સજા થાય એમ નથી મુખી છુટી જાય અને મદદગારને સજા થઈ સકે છે. ૧ ઈલારી (મુબઈ) પા. ૧૫

કોઈએ કોઈ સખસ ઉપર ખોટી ફરીઆદ કરી હોય તેમા એક સાક્ષીએ સાક્ષી આપીહોય તો એ સાક્ષી આપનાર સખસ ઉપર એ ખોટી ફરીઆદ કરવામાં મદદગારી કરવાનુ તહોમત રખાય નહી. ૯ બે. હા. રી. એપેનડીક્ષ) પ્ર. ૯.

મદદગારીના તહોમતમાં મુળ ગુનાહની કલમ દાખલ કરવી જોઇએ તેમજ કેવી રીતે મદદગારી કરી તે પણ બતાવવું જોઇએ ૧ વી૦ રી પ્ર. ૯

૧૧૦ અગર કોઈ માણુસ કાંઈ ગુનામાં મદદગારી કરે અને મદદગારી કરેલો સખસ મદદગારના ઇરાદા અથવા જ્ઞાન કરતાં જુદાજ ઇરાદા કે જ્ઞાનથી તે કામ કરે, તો બીજા ઇરાદાથી અથવા જ્ઞાનથી નહી પણ મદદગારના જેવાજ ઇરાદાથી અથવા જ્ઞાનથી અગર તે કામ કરયુ હોય તો જે ગુનો થાય તે ગુનાને માટે ઠરાવેલી શીક્ષા તે માણસને કરવામા આવશે

અગર મદદગારી કરેલો સખસ તે કામ મદદગારના ઇરાદા કરતા જુદા ઇરાદાથી કરે તો તે મદદગારોની શિક્ષા.

૧૧૧ અગર એક કામના મદદગારી કરવામા આવે અને બીજુ કામ બને તો જાણે તેજ કામમાં મદદગારી હોય હેવીજ રીતે તથા તેટલેજ દરજજે તે મદદગાર તે બનેલાં કામને માટે જાબદાર છે પણ તે બનેલુ કામ તે મદદગારીનુ સંભાવ્ય ફળ હોવુ જોઇએ તથા જે ઊશકેરણી અથવા સાહાય અથવા મશાવરત તે મદદગારીમા આવી હોય તે ઊશકેરણીના જોરથી અથવા તે સાહાયથી, અથવા તે મશાવરતમુજબ તે કામ થવુ જોઈએ.

એક કામમાં મદદગારી કરી હોય અને જુદુજ કામ બને તીયારે મદદગારીની જાબદારી. સરત.

દ્રસ્ટાંતો.

(અ) જના ખોરાકમાં જેહેર ઘાલવાને એક બાળકને ઊસકેરીને અ તે કારણુસર તે બાળકને કાંઈ જેહેર શોપે, પછી તે ઊસકેરણી ઊપરથી, ય નો ખોરાક જ ના ખોરાકની પાસે છે તેહેમા ચુકથી તે જેહેર ઘાલે, તો એ ઠેકાણે, જો તે બાળકે તે ઊસકેરણીના જોરથી કામ કરયું હોય, અને સઘળો હાલ જોતા જે કામ થયું તે મદદગારીનું

સંભાવ્ય ફળ હોય, તો અગર અ એ તે બાળકને ય નાજ ખોરાકમાં જેહેર નાખવાને ઊસકેર્યા હોય એહેવીજ રીતે તથા તેટલેજ દરજજે અ જવાબદાર છે.

(અ) જ નું ઘર બાળીનાંખવાને અ બ ને ઊસકેરે, અને બ તે ઘરને આગ લગાડીને તેજ વખતે તહાં કાંઇ મીલકતની ચોરી કરે; તો અગર તે ઘર બાળવામા મદદગારી કરવાનો અ તકસીરવાર છે, તો પણ તેણે તે ચોરીમા મદદગારી કરી એમ સમજવું નહીં, કેમકે ચોરી તે જુદુજ કામ છે. અને તે બાળવાનું સંભાવ્ય ફળ નથી.

(ક) અપહરણના કારણસર મધરાતે એક વાસેલું ઘર ફોડવાને અ બ તથા ક એઓને ઊસકેરે. અને તે કારણસર તે તેઓને હથીઆર આપે પછી બ તથા ક તે ઘર ફોડીને અંદર જાય, અને તે ઘર માંહેલો એક માણસ જ તેઓની સાહામો થએથી તેઓ જ નું ખુન કરે, તો એ ઠેકાણે, જો તે ખુન તે મદદગારોનું સભાવ્ય ફળ હોય, તો અ ખુનને માટે ઠરાવેલી શીક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારને મદદગારી કરેલા કામના તથા બનેલાં કામની એ બંને શીક્ષા કયારે થઇ શકે.

૧૧૨ મદદગારી કરેલું કામ પણ કરવામાં આવે, અને ઊપલી કલમ મુજબ જે કામને માટે મદદગાર જવાબદાર છે. તે કામ પણ કરવામાં આવે, અને તે કામ જુદેજ ગુનોહ થાય, તો તે મદદગાર તે ગુનાહોમાંના હરએક ગુનાની શીક્ષાને લાયક છે,

દ્રષ્ટાંતો.

એક સરકારી નોકરે કરેલી જપતીના સામો થવાને અ બ ને ઊસકેરે. પછી તે ઉપરથી બ તે જપતીની સામે થાય, અને સામો થવામાં બ તે જપતી કરનાર અમલદારને ખુશીપુરવક માહાવ્યથા કરે તો, તે જપતીની સામો થવાનો ગુનોહ તથા ખુશીપુરવક માહાવ્યથા કરવાનો ગુનોહ, એ બંને ગુના બ એ કરયા માટે બ એ બને ગુનાહની શીક્ષાને લાયક છે. અને અગર અ એ એમ જાણ્યુ હોય કે તે જપતીની સામો થવામા બ ખુશીપુરવક માહાવ્યથા કરશે હેવો સભવ છે તો અ પણ એ ગુનાઓમાંના હરએક ગુનાહની શીક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારી કરેલાં કામથી મદદગારના વારયા કરતાં જુદી અસર પેદા થાય તે અસરને માટે તે મદદગારીના જવાબદારી.

૧૧૩ એક મુકરર અસર પેદા કરવાના ઇરાદાથી મદદગાર સખસ કાંઇ કામમાં મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય એવુ કાંઇ કામ તે મદદગારે ધારેલી હોય તે કરતા જુદીજ અસર પેદા કરે તો અગર તે મદદગારે તેજ અસર પેદા કરવાના ઇરાદાથી તે કામમા મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે તે મદદગાર તે પેદા કરેલી અસરને માટે જવાબદાર છે પણ તે મદદગારી કરેલા કામથી તે અસર થવાનો સંભવ છે એમ તેણે જાણ્યુ હોય તો.

દ્રષ્ટાંત.

જ ને મહાવ્યથા કરવાને અ બ ને ઉશ્કેરે, પછી બ તે ઊશ્કેરણી ઊપાથી જ-
મહાવ્યથા કરે અને તેથી કરીને જ મરી જાય તો એ ઠેકાણે અગર અ એ એમ જા
ણ્યું હોય કે તે મદદગારી કરેલી મહાવ્યથાથી જનુ મોત થશે એવો સંભવછે તો ખુનને
લગતી શીક્ષા પામવાને ય લાયક છે એમ સમજવું.

૧૧૪ જે સખસ અગર ગેરહાજર હોય તો મદદગાર દાખલ શીક્ષા પામવાને લા

ગુનોહ થતી વખતે મદદગાર હાજર હોય તો. — યક થાય તે સખસને તે મદદગારીને લીધે જે કામ અથવા ગુનાને માટે શીક્ષા થઈ સકે એવું હોય તે કામ અથવા ગુનો થતી વખતે તે સખસ જો તાંહા હાજર હોય તો તેણે તે કામ અથવા ગુનો કર્યો એમ સમજવું.

ટીકા

કોઈ સખસને મદદગાર તરીકે ગેરહાજરીમાં જવાબદાર કરવાને એમ બતાવવું જો ઈએ કે ખરેખર બનેલો ગુનોહ કરવામા તેણે સાહાય કરી હતી, ઉસકેરણી કરી હતી અગર મસલત કરી હતી (ક. ૧૦૭) એટલા સારૂ જયા કેટલાક કેદીઓએ મહાવ્યથા કરી હતી અને બીજા માતર પાસે ઉભા રહયા હતા. અને પુરાવા ઉપરથી એમ માલમ પડતુ હતું કે એ હુમલો અનીસચીત હતો તથા એમ ઠરાવ કરવામા આવ્યો હતો કે જે લોકો પાસે ઊભાં હતા તેમને તે કામ ૧૦૭ તીજા ફકરા મુજબ એ કામમાં સાહાય કરવાને સારૂ મદદગાર તરીકે શીક્ષા થાય પણ કલમ ૧૧૪ મુજબ મુખીય માણસોને શીક્ષા થઈ સકે નહી. કારણ કે તેઓ ગેરહાજર હોય તો તેમને મુળગાએ સીક્ષા ન થઈ શકત (રેવ નીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટર કલકતા કરીમીનલ રૂલીંગ વા૦ ૪ પા ૨૭

મુસલમાન અસતરી ધણીની મીલકતની ચેરી કરવામાં મદદ કરે તેને આ કલમ પરમાણે ગુનાની શીક્ષા થઈ સકે છે. (મુંબઈ હાઈ કોરટ તા૦ ૪ મારચ સને ૧૮૬૯.)

કોઇ હીંદુ અસતરી પોતાનુ અસતરીધન ધણીને કબજેથી તેની રજા વગર લઈ જા ય તો તેના ઉપર ચોરીનો ગુનો સાબીત થતો નથી તેમ તેના મદદગારીની શીક્ષા થઈ શકતી નથી (મુંબઈ હા. કો. તા. ૧૯ જાનેવારી સને ૧૮૭૧ વા. ૮ પા ૧૧)

જે વખતે કોઈ માણુસ એકાદ ગુનોહ કરવામા મદદ કરે ને તે ગુનો થતી વખતે હાજર રહે છે તો તે વખતે તેની ચોકસી કરવાની તે મુજબ અપરાધ કરયા બદલ આ કલમ પરમાણે કરવી જોઇએ મુંબઈ હાઈકોરટ તા૦ ૬ જુલાઇ સને ૧૮૭૧ વાલીયમ ૮ પાનુ ૧૬૪.

ખોટી પરતીગ્ના કરવા સીખવનાર ઉપર જયાં સુધી પરતીગ્નાનો ગુનોહ સાબીત થયો નથી તયાં સુધી સીખવનાર ઊપર તહોમત લાગતુ નથી, રૂસલ અનકરાઈન " વાલી… પા૦ ૫૧૭."

…હોવુ એટલે કે ગુનોહ થતી વખતે ગુનોહ બનીયાની જગોએ હ…

જઈ આપી શકે આરમઓોહ્ડ પ્ર ૮.

ચોરી કરવા જનારમાના કેટલાક અંદર ચોરી કરવા જાય અને કેટલાક બાહાર ઉભા તો તે બહાર ઊભા રહેનાર અંદર જનાર જેટલાજ ગુનેહગારછે આરમઓ'હ્ડ પ ૧૦૧૮

કેઇ સખ્સ ચોર લોકો ચેરી કરી જે માલ આપે તે લઈ જવાનુ માથે લે અને તે પ્રમાણે તે પોતાના ઘર બહાર નીકળે પણ જ્યાં ગુનોહ બનીયો હોય તાંથી એટલે ન હોય કે જેથી મુખીય ગુનોહ કરનારને કાઈ મદદ કરી શકે તો તે આ કલમ પરમાણેનો ગુનેગાર ઠરે નહી, આરમબોહ્ડ પા. ૧૦૧૮

ખોટા દસતાવેજનો અમુક ભાગ અમુક સખ્સે કરવો એવુ ઠરયું હોય અને તે પ્રમાણે જુદે જુદે વખતે દરેક સખ્સ પોતોતે ગાથે લીધેલુ કામ કરે તો તેઓ સઘળા મુખીય ગુનેગાર તરીકે જવાબદાર છે અગર તે સઘળાએ ભેગા થઈ આ કામ પુરૂ કરયું નથી તોપણ આરમગોહ્ડ પ્ર. ૧૦૧૯

આ કલમ પરમાણે મદદગારને મુખીય ગુનહો કરનાર જેટલો જવાબદાર ગણવા માટે જરૂરનુ છે કે ગુનેહ શરૂ થયાથી તે પુરૂ થતાં સુધી સઘળો વખત તે પાસે રહેલો હોવો જોઇએ. પુરો થતા દરમીયાન તે ખસી જાય તો આ કલમ પરમાણે જવાબદાર નથી મુ. હા. રી. પા. ૪૯૭.

કેટલાક સખ્મો જોર જુલમથી પાક ઊડાવી લઇ જાય તો સઘળા એક સરખા જવાબદારછે અગર એ કેટલાક સખ્સોએ તે માલ ઉડાવ્યો ન હોય તો પણ કેમકે સઘળા ભેગા હતા એટલે સઘળા એક સરખા જવાબદરછે ૮ વી. રી. પ્ર. ૫૯

મોતની અથવા જીવતાં સુધી સમુદ્ર પારની શીક્ષા થઈ શકે એવા ગુનાઓમા મદદગારી કરવામા આવે અને તે ગુનોહ તે મદદગારીથી ઉપરાંત ન થાય તો તેની મદદગારીનો સીક્ષા. અગર જેથી વ્યથા થાય એવુ કાઇ કામ તે મદદગારી ઉપરથી કરવામા આવે તો.

૧૧૫ મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ સકે એવો કઇ ગુનો કરવામાં કોઈ માણસ મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે ગુનોહ કરવામા આવે નહી તથા તે મદદગારી માટે શીક્ષા સંબધી આ કાયદામાં કાઈ સાફ ઠરાવ નહી કરેલો હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે. તે દંડને પણ લાયક થશે અને અગર તે મદદગારી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય તેમથી કોઇ શખ્સને વ્યથા થાય એવુ કંઇ કામ કરવામાં આવે તો તે મદદગારને ચઉદ વરસની મદત સુધીના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે ને દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.

જ નુ ખુન કરવાને અ બ ને ઉશકેરે પણ તે ગુનો કરવામા આવે નહી હવે અગ જ નુ ખુન કરે તો તે મોતની અથવા છાતા સુધી સમુદરપારની શીક્ષાને લાયક થાય એવુ છે માટે અ સાત વરસની મુદત સુધીની કેદને તથા દંડને પણ લાયકછે એમ સમજવુ અને તે મદદગારી ઊપરથી જો જ ને કાંઈ બ્યથા કરવામાં આવે તો તે માણસ અ ચઉદ વરસની મુદત સુધીની કેદને તથા દંડને લાયક થશે એમ સમજવું.

કેદની સીક્ષા થઈ સકે એવા ગુનાના મદદગારી કરવામા આવે અને તે ગુનો તે મદદગારી ઉપરથી ન થાય તો તે મદદગારીની શીક્ષા.

અગર તે મદદગારે અથવા મદદગારી કરેલો સખસ સરકારી નોકર હોય, અને તેની ફરજ તે ગુનો અટકાવવાની હોયતો

૧૧૬ કેદની શીક્ષા થઈ શકે એવા કાંઈ ગુનામાં કાંઈ માણસ મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે ગુનો કરવામાં આવે નહી તથા તથા તે મદદગારાને માટે સીક્ષા સબંધી આ કાયદામા કાંઈ સારૂ ઠરાવ નહી કરેલો હોય તો તે માણસ ગુનાને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાને માટે કેદના ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીનાં કેદના અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બ નેની શીક્ષા કરવામા આવસે અને અગર તે મદદગાર અથવા જેને મદદગારી કરી હોય તે સખસ સરકારી નોકર હોય અને તેની ફરજ તે ગુનો થતો અટકાવવાની હોય તો તે મદદગારને તે ગુનાને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની અરધી મુદત સુધીની કેદની અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બ નેની શીક્ષા કરવામા આવશે.

દ્રષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકર છે. તે પોતાના હોદાનો અમલ ચલાવવામા અની ઉપર કાંઈ મેહેરબાની કરે તેના બદલામાં અ બ ને કાંઈ લાંચ આપે અને બ તે લાંચ લે નહીં તો અ ને આ કલમ મુજબ શિક્ષા થઈ શકે.

(બ) ખોટી સાહેદી આપવાને અ બ ને ઉશકેરે તો એ ઠેકાણે અગર બ ખોટી સાહેદી આપે નહીં તો પણ અ એ આ કલમમાં બયાન કરેલો ગુનોહ કરયો અને તે મુજબ તેને શીક્ષા થઇ શકે એમ સમજવું

(ક) અ એક પોલીશ અમલદાર છે તેની ફરજ અપહરણ અટકાવવાની છે તે અપહરણ કરવામાં મદદગારી કરે, તો એ ઠેકાણે અગર તે અપહરણ ન થાય તો પણ તે ગુનાને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની અરધી મુદતની કેદને તથા દંડને પણ અ લાયકછે, એમ સમજવું.

(ડ) અ એક પોલીશ અમલદાર છે. તેની ફરજ અપહરણ અટકાવવાની છે. તેની પાસે તે ગુનોહ કરાવવામા બ મદદગારી કરે તો એ ઠેકાણે અગર તે અપહરણ [illegible] તો પણ તે અપહરણના ગુનાને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય

ડપી મુદતની કેદને, તથા દંડને પણ (બ) લાયક છે, એમ સમજવું.

ટીકા.

એક તહોમતદાર ઊપર આ કાયદાની કલમ ૧૬૧ પરમાણેના ગુનામાં મદદગીરી કરવા તહોમત આ કલમના બીજા ભાગ પરમાણે આવ્યુ જે શખસને મદદગારી કરી હતી તે શખસ સીવીલ સરજન હતો અને તે સરકારી નોકર નહે.તે તેથી ઠરાવવામાં આવ્યું કે આ કલમના બીજા ભાગ પ્રમાણે તે મદદગારને વધુ સજા થાય નહી ૨૧ વીકુ

લોક પાસે અથવા દસથી વધારે માણુસો પાસેથી ગુનો કરાવવામા મદદગારી.

૧૧૭ લોક પાસે અથવા કોઇ પણ વરગના દસથી વધારે સખસો પાસે ... કરાવવામાં જે માણુમ મદદગારી કરે, તેને ત... ત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા ... થવા એ બને ની શીક્ષા કરવામા આવશે.

દ્રષ્ટાંત

અ એક સરીઆમ જગામા એક જાહેરનામુ ચોડે, અને તે મધેં દસથી વધારે માણુસોના એક તડવાળાઓને એવી રીતે ઉશકેરે કે તમારા સામા તડવાળા માણુસો ફ-લાણી વખતે તથા ફલાણે ઠેકાણેથી એક વરગોડો લઇ જવાના છે તેઓની ઊપર હુમલો કરવાના કારણુસર તમે તે વખતે તે ઠેકાણે એકઠા થજો, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુનો કરયો, એમ સમજવું.

ટીકા.

ઘણુ મદદગારી કરેલા સખશોમાંનો દરેક જુદો અને અલાહદો ગુનો કરે એટલે કે જ્યાં કેદીએ બાર હેલકારીઓમાંના દરેકને તેનો કરાર તોડવા ઉસકેરયા તીયાં આ કલમ લાગુ નથી (રેવનીયુ જુડીસીઅલ એંડ પોલીસજનરલ વ.૧ પા. ૧૦૫.

દસ સખસ દસ કરાર તોડવામા મદદગારી કરે તો સઘળા ઊપર આ કલમ પ્રમાણે એકજ તોહોમત રખાય નહીં જુદી જુદી મદદગારી કહેવાય (કરી. પ્ર. ૭૧.)

મોતની અથવા જીવતાસુધી સમુદરપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનો કરવાની ધારણા છુપાવવી. અગર તે ગુનો થાયતો અગર તે ગુનો થાય તો

૧૧૮ મોતની અથવા જીવતા સુધી સમુદરપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુનો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા તે પો... થશે, એવો સંભવ છે એમ જાણ્યા છતાં અગ... સ, કાંઇ કામ અથવા કાયદા વીરૂધ કસુર કરી... કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુધિપુરવ... વા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણુતો... કાંઇ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુનો થાય તો સાત વરસની... ની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે; અથવા જો ... ય તો તે માણુસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની... કરવામાં આવશે અને ગુનો થાયતો પણ અને ન થાય તો પણ ઊપલી શિ... દંડને પણ તે માણુસ લાયક થશે.

દ્રષ્ટાંત

ડાકાઈટીનો ગુનો થવાનો છે. તે એમ જાણ્યા છતાં આ માજીસ્ટ્રેટને એવી ખોટી ખબર કરે કે તેથી સામા રસ્તાપર એક ક નામનો જગા છે ત્યાં ગુનો થવાનો છે અને એમ કરીને તે માજીશતરેટને છેતરે એવા ઇરાદાથી કે તે ગુનો કરવો સેહેલ કરવો અને તે ધારણા મુજબ ભ જગાપર તે ગુનો કરવામાં આવે તો અ ને આ કલમમુજબ શીક્ષા થઇ શકે.

૧૧૯ કોઇ માણસ સરકારી નોકર હોય, અને સરકારી નોકર દાખલ જે ગુનો થતો અટકાવવાની તેહેની ફરજ હોય એવો કોઈ ગુનો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા, પોતાથી તે સેહેલ થશે એવો સંભવ છે એમ જાણીને અગર તે સરકારી નોકર કાંઇ કામ કે કાયદા વીરૂધ કસુર કરીને તે ગુનો કરવાની ધારણા થઈ હોય તે ધારણા બુધી પુરવક છુપાવે, અગર તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય. એવી કઇ વાત જાહેર કરે તો તે માણુસને જો તે ગુનો થાય તો તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની અડધી મુદત સુધીની કેદની, અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે. અથવા જો તે ગુનો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો હોય તો તે માણુશને દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુનો ન થાય, તો તે માણુસને તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

જે ગુનો અટકાવવાની પોતાની ફરજ હોય એવો કોઇ ગુનો કરવાની ધારણા કોઇ સરકારી નોકરે છુપાવવી.
અગર તે ગુનો થાયતો.
અગર તે ગુનો મોતવગેરેની શીક્ષા જોગ હોયતો.
અગર તેગુનો ન થાયતો.

દ્રષ્ટાંત.

અ એક પોલીસ અમલદાર છે અને અપહરણ કરવાની જે જે ધારણા તેના જાણીયામાં આવે તે સંરવેની ખબર આપવાની કાયદા મુજબ તેની ફરજછે. તેના જાણામાં એમ હોય કે અપહરણ કરવાની ભ ધારણા કરે છે, અને તે તે ગુનો કરવો શેહેલ કરવાના ઇરાદાથી તે ખબર આપવામા કસુર કરે, તો એ ઠેકાણે કાયદા વીરૂધ કસુર કરીને. આ એ ભ ની ધારણાછે તે છુપાવી માટે તે આ કલમના ઠરાવ મુજબ શાજાને લાયક છે એમ સમજવું.

૧૨૦ કેદની સીક્ષા થઇ શકે એવો કોઈ ગુનો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં અગર કોઇ માણસ કાંઈ કામ અથવા કાયદા વીરૂધ કસુર કરીને, તે ગુનો કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુધી પુ

કેદની સીક્ષા થઇ શકે એવો કોઇ ગુનો કરવાની ધારણા છુપાવવી.

અગર તે ગુનોહ થાય તો } રવક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જે
અગર ન થાય તો. } તો હોય એવી કાઇ વાત જાહેર કરે તો તે

તે ગુનો થાય તો તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાને માટે કેદની જે
માં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અને જો તે ગુનો ન થાય તો
તે ઘણામાં ઘણી મુદતની એક અષ્ટમાંસ મુદત સુધીની કેદની અથવા તે ગુનાને મા
ઠરાવેલા દંડની, અથવા એ બ નેની સીક્ષા કરવામા આવશે.

ટીકા.

આ કલમમાં ''કાયદા વિરૂધ'' એ શબ્દ જે લખીયાછે તેનો ઇરાદો ઘણુ કરીને
કામોમા આવી જાતની કસુર કાએદાશર થાય અને જે કામોમાં ન થાય તે વચ્ચે ભેદ બત
વવાનોછે. એમાબાગેજ તકરાર કરાયછે ચોરીનો ઇરાદો કરયાના વાત જે શખ્સના સાં
ભળવામાં આવે તેના ઉપર દાહાડે તડકામાં અગર રાતરે અધારે અગર જરૂરનુ કામ પડ
મુકી પોલીસની સોધમા નીકળવાની ફરજછે તમજ કોઇ શખ્સ ગુનો કરવા ઇરાદો કર
નીવાત જેના તેને કાચા પાયા ઊપર ખબર મળી હોય તે વાત એકદમ જાહેર
વાની પણ તેની ફરજ નથી આમાટે કોઇ મુકરર ધારો કરાય નહી પણ ખુલુછે કે આ
દરેક પરસગે તે ખબરની ખાતરી તેના ઊપર જેટલો ભરૂશો રાખીયો હોય તે તથા
સામાનીય જરૂરીઆત અને જે લોકો તે ઇરાદો અટકાવી શકે તે લોકોને જાહેર કરવા
સગવડ બધુ ધીયાનમાં લેવુ જોઇએ હકીકત ઘણુ કરીને એવી હોવી જોઇએ કે તેથી
મતવાળો શખ્સ મુખ ગુનેગારોના ગુનામાં મળતીઓ માલમ પડે કેટલાક કેદીઓ ઊપર
નનો ગુનો શાબેત થયો હતો અને પાંચમો કેદી જે મરનારની ઓરત હતી તેના ઉપર
લમ ૧૧૮ મુજબ તહોમત રાખીયુ હતુ તો તે બાયડી પોતાના ધણીને મારી નાખવા
ઇરાદા વિશે જાણુતી અને તેનુ મોત કરવાના ઇરાદાથી પોતે વાકબ છતાં તેને ચેતવ
આપી નહી એમ માલમ પડવાથી મદરાસ હાઇકોરટે એ ગુનો સાબેત થયાના ઠરાવને
કો આપો (શને ૧૮૬૮ નો ઇનસાફ ૩૦ જુઓ.

બાબ ૬ ઠો.

રાજ્ય વિરૂધ ગુનાઓ બાબત.

૧૨૧ જે માણસ રાણીની સામા લડાઈ કરે અથવા લડાઇ કરવાની
રાણીની સામા લડાઈ કરવાની કોસીસ કરવી અથવા લડાઇ કરવામાં મદદગારી કરવી. } યત્ન લડાઇ કરવામા મદદગારી કરે તેને મોતની
સુધી સમુદરપારની શીક્ષા કરવામા આવસે
મીલકત સરકાર જપત થશે.

 [redacted]

ટીકા.

એક દીવાની કોરટનુ હુકમનામુ બજાવવા માટે પરતીવાદીની મીલકત જપ્ત કરવામાં આવી જપતી થયા પછી પરતીવાદીને આ કલમ પરમાણે સજા થઈ અને તેવી સરકારની ટાંચ પણ એ મીલકત ઉપર ગઈ તેમાં ઠરાવવામાં આવ્યું કે સરકારની જપતી સજા થયાની તારીખથી નહી પણ ગુનોહ બન્યાની તારીખથી ગણાય અને તેથી સઘળી મીલકત સરકાર જપતી થાય. ૮ બે. લા. રી. પા. ૮૩ આ કલમ વીરૂધના ગુનાહની તજવીજ [redacted] વરશે થાય. મુદતનો હરકત નથી ૧૫ વી. રી. પા ૨૫ (ફોજદારી.)

[redacted] ૧૨૧ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુનો કરવાનો સંપ કરવો.

[redacted] "અં જે માણસ બરીટીસ ઇંડીઆમાં અથવા બરીટીસ ઇંડીઆ બહાર ૧૨૧ મી કલમ પરમાણે સીક્ષા કરવા લાયક કાંઇ ગુનો કરવાનો અથવા બરીટીસ ઇંડીઆનુ અથવા તેના કાંઇ ભાગનુ રાણી સાહેબનુ રાજ્ય છીનવી લેવાનો સંપ કરશે અથવા ઇંડીઆ સરકારને અથવા હરકોઇ ઇલાકાની સરકારને સાપરાધ બળથી અથવા સાપરાધ બળના દેખાવથી ડરાવવાનો સંપ કરશે તે માણસને જીવતાં સુધી અથવા થોડી મુદત સુધી સમુદરપાર મોકલવાની શીક્ષા કરવી અથવા ઘણામાં ઘણા દશ વરસ સુધી બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવી."

ખુલાશો—આ કલમ પરમાણે સંપ કરવાનો ગુનો થવા સારૂ સંપ કરવાના કામમાં હરકોઇ કામ અથવા કાયદા વિરૂધ કસુર થવી જોઇએ એવુ સમજવુ નહી."

દ્રષ્ટાંત.

(અ) રાણીના શામા એક બંડ થાય તેમાં અ શામીલ થાય તો આ કલમમાં બયાન કરેલો ગુનો અ એ કરયો એમ સમજવું.

(બ) સીલોન મધેના બંડખોરોને હથીઆરો મોકલીને તીયાંના રાણીના રાજ્ની સામા બંડ કરવામાં અ હીંદુશતાનમાં રહીને મદદગારી કરે તો અ એ રાણીના સામા લડાઇ કરવામાં મદદગારી કરવાનો ગુનો કીધો એમ શમજવું,

ટીકા.

કોઇ મળતીઆની શાક્ષીને કાયદાની બાબત તરીકે પુસટીની જરૂર નથી (સને ૧૮૭૨ નો આકટ ૧ કલમ ૧૩૩) જો કે ચેતવણી તરીકે તેની જરૂર છે (રેવનીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટ કલકતા કરીમીનલ રૂલીંગ વા. ૧ પાને ૭૮ મદરાસ હાઇકોરટ રૂલીંગ વા. ૪ પાન ૭ મુબઇ કાઉન કેસોસ વા. ૩ પા૦ ૫૭ અને વા. ૬ કલમ ૭).

શાણીની શામા લડાઇ કરવાના ઇરાદાથી હથીઆરો વગેરે એકઠાં કરવા.

૧૨૨ જે સખસ રાણીની સામા લડાઇ કરવાના ઇરાદાથી અથવા લડાઇ કરવાને તઇઆર થવાના ઇરાદાથી માણસો હથીઆરો અથવા દારૂગોળા એકઠા કરે અથવા લડાઇ કરવાની બીજી રીતે તઇઆરી કરે તે સખસને જીવતાં સુધી સમુદરપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને તેની સઘળી મીલકત સરકાર જપ્ત થશે,

ટીકા.

રજા લીધા વગર પરદેશ જ. ે તથા લાવે તથા લાવવાની કોશી[illegible]
૧૮૪૧ નો એ.કટ ૧૮ કલમ ૧ તથા સને ૧૮૬૦ નો ૩૧ કલમ ૧૮–[illegible]
થએ.સ.મત જપ્ત થશે કોરટે ગુનેગારની મીલકત જપતકરવીજ જોઇએ. (ક[illegible]

૧૨૩ રાણીની સામા લડાઈ કરવાની કાંઇ ધારણા થઈ હોય તે ધારણા કોઇ ક

લડાઈનુ કામ શોહેલ કરવાના ઇરાદાથી લડાઇની ધારણા છુપાવવી.

મ અથવા કાયદા વીરૂધ કસુર કરીને જો કોઇ માણસ છુપા
વે અને તે એવા ઇરાદાથી કે એ પરમાણે તે ધારણા છુપા
વેથી તે લડાઈ કરવી શોહેલ થાય અથવા એ પરમાણે તે છુ
પાવેથી તે લડાઇ કરવી શોહેલ થશે એવો સંભવછે એમ[illegible]
ણ્યા છતાં તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની [illegible]
શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૧૨૪ હીંદુસતાનના ગવરનર જનરલ, અથવા કોઇ પરેસીડેનસીના ગવંરનર અથ[illegible]

કાયદેસર અખતીઆર અમલમા આણાવા અથવા ન અણાવવાના ઇરાદાથી ગવરનર જનરલ ગવરનર વગેરે પર હુમલો કરવો.

કોઇ લેફટીનેંટ ગવરનર, અથવા હીંદુસતાનના ગવરનર જનર
લની કઉનશીલના અથવા કોઇ પરેસીડેંનસીની કાઉનસીલના
કોઇ સભાસદના કાયદેસર અખતીઆર મહેલા કઇપણ અ
ખતીઆર તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લેફટી
નેંટ ગવરનર અથવા કાંઊસીલના સભાસદને સમજાવીને અથ
વા જબરજસતીથી તેની પાસે કોઇપણ રીતે અમલમાં આણાવવા અથવા ન આણાવવાના ઇરાદાથી જે માણસ તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લેફટીનેંટ ગવરનર અથવા કાંઊસીલના સભાસદની ઊપર હુમલો કરે અથવા તેને ગેરવાજબી અટકાવ કરે, અથવા ગેરવાજબી અટકાવ કરવાની કોશીસ કરે, અથવા સાપરાધ બળથી અથવા સાપરાધ બળના દેખાવથી તેને ડરાવે, અથવા તે રીતે ડરાવવાની કોશીશ કરે, તે માણસને સાત વરસ[illegible] મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી તે[illegible] ને પણ લાયક થશે.

"૧૨૪ અ—કોઇ માણસ બરીટીસ ઈંડીઆમાં કાયદાની રૂઇએ જે સરકારનો [illegible]

બે દીલી ઊતપન કરવી.

લ સથાપેલોછે તે સરકાર બાબત લોકોના મનમાં બે[illegible]
વીચાર બોલેલા શબ્દો વડે અથવા કોઇ વાંચે તેવા [illegible]
લખેલા શબ્દો વડે અથવા ઇસારત કરીને અથવા પ્રતક્ષ કાંઇ દેખાડીને અથવા બી[illegible] તે ઊતપન કરશે અથવા ઉતપન કરવાની કોશીસ કરે તો તેને જીવતાં સુધી અથવા હર[illegible] મુદત સુધી સમુદરપાર મોકલવાની શિક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો [illegible] [illegible] ઘણામાં ઘણા તરણ વરસ સુધીની કેદની શિક્ષા કરવી. અને વળી જોઇએ તો દં[illegible]
[illegible] કરવો અથવા દંડ [illegible]

"ખુલાસો—સરકારી યેજના બાબતની જે નાપસંદી સરકારનો કાયદાસર માનવીના ધારણને અનુસારીને હોય અને સરકારનો કાયદાસર અધીકાર નહી સરખો બાબત અથવા તેને હરકત કરવા બાબત કાયદા વીરૂધ રીતે કરેલી કોશીસ વીરૂધ સરકાર ના અધીકારને મદદ કરવાના ધારણને અનુસરીને હોય તે ના પસંદીને બેદીલી સમજવી નહી વાસ્તે એવાજ પરકારની નાપસંદીજ લોકોના મનમાં લાવવાના ઈરાદાથી સરકાર ની યેજના બાબત ટીકા કરવા તે આ કલમના અરથ પરમાણે ગુનો થતો નથી."

રાણીની સાથે મઈતરી રાખનારા એશીયાના કોઈ રાજ નીઉપર લડાઈ કરવી.

૧૨૫. રાણીની સાથે મઈતરી હોય અથવા સલાહ હોય એવા એશીયાના કોઈ પણ રાજાના રાજ્યની સાહામાં જે માણસ લડાઈ કરે, અથવા લડાઈ કરવાની કોશિશ કરે. અથવા લડાઈ કરવામા મદદગારી કરે, તે માણસને જીવતાં સુધી સમુદરપારની શીક્ષા કરવામાં આવશે. અને તેની સાથે તેને દંડ પણ થઈ શકે; અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તેની સાથે તેને દંડ પણ થઈ શકે અથવા દંડની શીક્ષા કરવામા આવશે.

રાણીની સાથે સલાહ રાખનારા કોઈ રાજાના મુલકપર લુટ કરવી.

૧૨૬ રાણીની સાથે મઈતરી અથવા સલાહ હોય એવા કોઈ પણ રાજાના મુલકપર જે માણસ લુટ કરે અથવા લુટ કરવાની તઈઆરી કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને તથા લુટ કરવામાં વાપરેલી અથવા વાપરવાને ધારેલી. અથવા તે લુટમાંથી મળેલી જે મીલકત હોય તે મીલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે.

૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમા લખ્યા પરમાણે લડાઈ અથવા લુટથી મળેલી મીલકત લેવી.

૧૨૭ ૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખેના ગુનાહો માંહેલા કોઈ ગુનાહ કરવામાં મળેની કાઈ મીલકત જે માણસ તે તે રીતે મેળવેલીછે એમ જાણીને લે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને તથા તે લીધેલી મીલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે

સરકારી નોકરપણેથી પુરત કે પોતાના હવાલામાંના કોઈ રાજ્યકીય અથવા લડાઈના કેદીને નાશી જવાદે તે બાબત.

૧૨૮ જે માણસ, સરકારી નોકર છતાં, પોતાના હવાલામાંના કોઈ રાજ્યકીય કેદીને અથવા લડાઈના કેદીને, જે જગામાં તે કેદીને કેદ કરયો હોય તે જગામથી ખુશીપુરવક નસી જવાદે, તે માણસને જીવતા સુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની શિક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થસે.

૧૨૯ જે માણસ સરકારી નોકર છતાં પોતાના હવાલામાંના કોઈ રાજકીય

ગફલતથી હવાલામાંના કોઇ રાજકીય અથવા લડાઈના કેદીને નાશી જવા દે તે બાબત

અથવા લડાઇના કેદીને કેદની જે જગામાં તે કેદીને હોય તે જગામાથી ગફલતથી નાશી જવા દે તે તરશું વરસની મુદત સુધીની આશાન કેદની શીક્ષા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૧૩૦ કોઇ રાજકીય કેદીને અથવા લડાઇના કેદીને કાયદેસર કેદમાંથી નાશી

તેવા કેદીને નાસી જવામાં સહાય કરવું છોડાવવો અથવા ઘરમાં રાખવો.

જે માણુસ સહાય અથવા મદદ કરે, અથવા એવા કેદીને જે છોડાવે, અથવા છોડાવવાની કોશીસ કરે અથવા એવો કેદી કાયદેસર કેદમાથી નાશી ગયો હોય તેને જે ઘરમાં રાખે અથવા સંતાડે અથવા એવા કેદીને પાછો પકડવામાં જે હરકત કરે, અથવા હરકત કરવાની કોશીશ કરે તે માણુસને જીવત સુધી સમુદરપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ પાતર થશે.

ખુલાસો જે રાજયકીય કેદીને અથવા લડાઇના કેદીને પોતાના વચન પરથી બ્રીટીસ ઇનડીઆની કેટલીએક મુકરર કરેલી હદમાં છુટો રહેવા દીધો હેય તે કેદી જે હદમાં છુટો રહેવાની તેને રજા હોય તે હદમાંથી બાહાર જાય તો તે કાયદેસર કેદમાથી નાશી ગયો એમ સમજવું.

ટીકા.

કલમ ૧૨૭ શીવાય આ બાબ મુજબ ગુનાઓ બાબતની ફરીઆદ સરકારે અથવા ગવરનર જનરલે કાંઉનશીલમાં આવી ફરીઆદ સાંભળના હુકમ કરવા અથવા અધીકાર આપવા સતા આપેલી હોય તેવા અમલદારે હુકમ કરયો હોય અગર અધીકાર આપીઓ હોય અથવા એડવોકેટ જનરલે તે ફરીઆદ માડી હોય તે શીવાય કોઈ કોરટે લેવી નહી સને ૧૮૭૨ નો આકટ ૧૦ કલમ ૪૬૫ સને ૧૮૭૫ નો આકટ ૧૦ કલમ ૨૩૧).

૧૨૧ અ તથા ૧૨૮ મ કલમોમાંની હરકોઇ કલમ પરમાણે શીક્ષા કાવા લાયક હરકાંઇ ગુનાની ફરીયાદ સ્થાનીક સરકરના હુકમ શીલાય કોઈ કોરટે લેવી નહી. (સને ૧૮૭૦ નો આકટ ૨૭ કલમ ૧૪).

બાબ ૭ મો,

જમીનપરની તથા દરીઆઇ ફોજ સબંધી ગુનાઓ બાબત

૧૩૧ રાણીની જમીન પરની અગવા દરીઆઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે

બંડમાં મદદગારી કરવી અથવા કેઇ શોલજરને કે ખલાસીને પોતાની નોકરીથી ભરગટ કરવાની કોશીશ કરવી.

અથવા ખલાસીએ બંડ કરવામાં જે માણુસ મદદગારી કરે અથવા તેવા કોઈ આફીશર, સોલજર, અથવા ખલાશીને પોતાના પરજા ધરમથી અથવા પોતાના સેવા ધરમથી ભરસ્ટ કરવાની જે માણુસ કોશીસ કરે તેને જીવતાસુધી સમુદરપારની. અથવા દસવરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકા

આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે
મમાં "આફીસર" અને "સોલજર" આ શબ્દો લખેલ છે
લશકરનો વધારે સારો બંદોબસ્ત રાખવા બાબતના લશકરી આ
સને ૧૮૬૯ ના ૫ મા આક્ટના લશકરી આઇન જે માણસો લાગુ હોય તે
ના સમાસ થાયછે એવુ સમજવું.

ટીકા.

ને ૧૮૭૫ ના આક્ટ ૨૧ તથા ૨૨ મુજબ સજા થઈ શકે વળી તેની તમામ
જપત થઈ શકે અને સને ૧૮૨૭ ના કાયદા ૨૨ ની કલમ ૧૯-૨૫-૨૬ કાયમ છે.
નો કરાની પુરવેતરયુ મહીના ઊપર મીલકત પારકા નામ ઊપર કરવામાં આવી હ
સે તો દસતાવેજ સાબીત થએ તે ઉપર સરકારનો દાવો ચાલશે નહી સને ૧૮૫૭નો આ
ક્ટ ૨૫.કલમ ૩—૪

મીલકત જપત કરયા પછી એક વરસ દીવસની અંદર નાશી જાનુ વ્યાજબી કા
રણ બતાવે તો મીલકત પાછી આપવા સને ૧૮૫૭ ના આક્ટ ૨૫ કલમ ૨.

બંડ કરવામાં. મદદગારી કરેવાથી જો બંડ થાયતો તેની શીક્ષા.

૧૩૨ રાણીની જમીનપરની અથવા દરીઆઇ ફોજમાના કોઈ આફીસરે સોલજરે અથવા ખલાશીએ બંડ કરવામા જો કોઇ માણસ મદદગારી કરે અને તે મદદગારી ઉપર બંડ થાય તો તે માણસને મોતની અથવા જીવતાંસુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ ઊપરી અમલદાર પોતાનો હોદો ચલાવતો હોય તે દરમીયાનમા તેની ઉપર કોઇ આફીસરે સોલજરે અથવા ખલાશીએ હુમલો કરવામા મદદગારી કરવી.

૧૩૩ રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાના કોઇ આફીસરે સોલજરે ખલાશીએ કોઇ ઊપરી અમલદાર પોતાના હોદાનુ કામ કરતો હોય તેવામાં તેની ઊપર હુમલો કરવામ જે માણુસ મદદગારી કરે તેને તરણ વરસની મુદત શુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

જો હુમલો થાયતો તે હુમલામા મદદગારીનીશીક્ષા.

૧૨૪ રાણીની જમીન પરની અથવા દરીઆઈ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે અથવા ખલાશીએ કોઈ ઉપરી અમલદાર પોતાના હોદાનુ કામ કરતો હોય તેવામાં તેની ઊપર હુમલો કરવામા જો કોઈ માણુસ મદદગારી કરે અને તે મદદગારી ઊપરથી તે હુમલો થાય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવસે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૧૩૫ રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાંના કોઈ આફીસરે, સોલજ

કોઈ સોલજર અથવા ખલાસીને નાશી જવામા મદગારી કરવી.

રે અથવા ખલાસીએ નાસી જવામા જે માણસ મદગારી કરે તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષ કરવામાં આવશે

૧૩૬ રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાંનો કેલાણો આફીસર સોલજર

નાશી આવેલાને ઘરમાં રાખવો.

અથવા ખલાશી નાશી આવેલો છે એમ જાણીને અથવા એ મ માનવાનુ કારણ છતાં નીચેનો અપવાદ ન લાગતાં જે મા ણસ તે અધીકારી, સોલજર અથવા ખલાસીને ઘરમાં રા ખે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવમા આવશે

અપવાદ—કોઈ અસતરી પોતાના વરને ઘરમાં રાખે તેને આ ઠરાવ લાગુ

ટીકા.

સને ૧૮૬૫ ના આકટ ૨ કલમ ૩ પરમાણે અરમ.ર ઉપરથી નાશી આવનારને મદદ કરનારને સજા થઇ શકશે.

સારી ચાલનો જામીન ન મળવાથી કેદમાં હોય તેને નાશી જવામાં આસરો આપે તો તે આશરો આપનાર ગુનેહગર થઇ શકતો નથી કેમકે એવી રીતે કેદમાંથી નાશનારને પેનલકોડ કલમ ૨૨૪ પરમાણે સજા થએલી હાઈકોરટે રદ કરી (મદ્રાસ તા૦ ૧૯ જાનેવારી સને ૧૮૬૭ વા. ૩ ભાગ ૩ પાને ૨૩) પણ સને ૧૮૬૭ ના આકટ ૪ ની કલમ ૩ પ્રમણે જેલ માંહીના કેદીને કોઈ આશરો આપશે એટલે બનાં કરેલી કાંઇ ચીજ કેદીને મેળવી આપવાગે મદદ કરસે તેને સને ૧૮૬૫ ના આ. ૪ ક. ૨૮ પ્રમાણે સજા થશે.

૧૩૭ જે વેહેપારી વાહાણમાં રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાંથી કોઈ

કોઈ વેપારી વહાણમા માસ્તરની ગફલતથી ફોજનાસી જનારો સંતાયો હોયતો.

નાશી જનારો સંતાયો હોય, તે વાહાણનો માસ્તર અથવા જે સખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસ અગર તેને ના સંતાયાની વતની અજાણો હોય તોપણ જો તે માસ્તર અથવા જે સખસના હવાલામા તે વાહાણ હોય તે શખશે પોતાનો હોદો બજાવવામાં કંઇ ગફલત ન કરી હોત. અથવા વાહાણપર પાકો બદોબસ્ત રાખીયો હોતતો તેના જાણામા તે વાત આવત એવુ હોય તો તે માસતર અથવા જે સખસના હવાલામાં વાહાણુ હોય તે સખસ પાંચસે રૂપીઆ સુધીના દંડને લાયક થશે.

૧૩૮ ફલાણુ કામ ના ફરમાનીનું કામ છે એમ જાણીને તે કામ રા

કોઇ સોલજર અથવા ખલાસીને ના ફરમાનીનું કામ કરવામા મદગારીકરવી.

ણી અથવા દરીઆઇ ફોજમાંના કોઇ આફીસરે, અથવા ખલાસીએ કરવામા જે કાંઇ માણસ મદદ તે મદદગારીથી તે ના ફરમાનીતું કામ થાય.

સુધીની બેમાના ગમેતે પ્રકારની કેદની અથવા દંડની, અથવા બંનેમાં આવશે.

રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજને સાર અથવા રાણીની જમીનપરની કાયદાને તાબેનાસ } અથવા દરીઆઈ ફોજના કોઈ ભાગને સારૂ કરેલા કોઇ લશ્કરી કાયદાને તાબે હોય એવા કોઇ સખસને આ કાયદા મુજબ આ કાયદા મુજબ થઈ શકે નહી.

આ બાબમાં બયાન કરેલા ગુનાહોમાંના કોઈ ગુનને સજા શીક્ષા થઇ શકશે નહીં.

રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાંનો જે માણસ શોલજર નથી તે શોલજરનો પોશાક પહેરવો | માણસ તેવો શોલજર પેહેરતો હોય એવો કઇ પોશાક પેહેરે, અથવા તેવો સોલજર જે ચિન્હ વાપરતો હોય તેના જેવું કાઇ ચીન્હ વાપરે એવા ઇરાદાથી કે તે તેવો સોલજર છે એમ માનવામાં આવે તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા પાચશો રૂપીઆ સુધીના દંડની અથવા બંને, શીક્ષા કરવામાં આવશે.

બાબ ૮ મો.

લોકની સમાધાની વીરૂધ ગુનાહો બાબત.

૧૪૧ જો પાંચ અથવા વધારે સખસોની એક મંડળી મળે અને જે સખસો તે મંડળીમાં હોય તેઓનો સામાનીય હેતુ નીચે લખ્યા પરમાણે હોય તો તે મંડળીને 'કાયદા વીરૂધ મંડળી' કહેવી.

પહેલો—હીંદુસતાનની કાયદા કરનારી અથવા હકુમત કરનારી સરકારને અથવા કોઇ પરેસીડેંસીની શરકારને, અથવા કોઇ લેફટીનેંટ ગવરનરને અથવા પોતાના હોદાને કાઈ કાયદેસર અખતીઆર અમલમા લાવતાં કોઈ સરકારી નોકરને શાપરાધ બળ કરીને અથવા સાપરાધ બળ દેખાડીને ડરાવો અથવા.

બીજો—કાઈ કાયદો કે કેઇ કાયદેસર હુકમ બજાવતા હરકત કરવી અથવા.

ત્રીજો—કઇ બીગાડ અથવા સાપરાધ પરવેશ અથવા બીજો ગુનોહ કરવો અથવા.

ચોથો—કોઈ શખસની ઊપર સાપરાધ બળ કરીને અથવા તેને સાપરાધ બળ દેખાડીને, કાઈ મીલકતનો કબજો લેવો અથવા મેળવવો, અથવા કોઈ શખસનો આવવા જવાનો હક, અથવા પાણી વાપરવાનો હક અથવા બીજો જે નીરાકાર વસતુ સબંધી હક તે શખસના કબજામા કે ભોગવટામાં હોય તે તેની પાસેથી લઇ લેવો, અથવા કોઇ હક કે ધારેલો હક અમલમા લાવવો, અથવા,

પાચમો—શાપરાધ બળ કરીને અથવા સાપરાધ બળ દેખાડને જે કામ કરવાની જે શખસની કાયદા પ્રમાણે ફરજ નહીં હોય તે કામ તે શખસ પાસે કરાવવું, અથવા જે કરવાનો તેનો હક પરમાણે હક હોય તે કરતાં તેની પાસે કસુર કરાવવી.

ખુલાસો—જે મંડળી પરથમ મળતી વખતે કાયદા વીરૂધ ન હોય તે પાછળ વીરૂધ મંડળી થઇ શકે.

ટીકા.

એકુ પામે જમીનના માલીકનું લેણુ ન છતાં તેને જમીનપરથી હાંકી કહાડવાની જ કરવામાં આવે તેમાં એકુ લોકો વગર કપટે સામા થાય તો આ કલમ પરમાણે ગુનેગાર નથી. ૮ મ. હા.રી. પ્ર. ૧૧

કોઇ વરઘોડાને પરાણે અટકાવવો એ આ કલમની ચોથી રકમ પરમાણે ગુનોછે. હા. રી. પ્ર. ૩૫.

૧૪૨ જે હકીકતોને લીધે કોઇ મંડળી કાયદા વીરૂધ મંડળીમાં થતી હોય તે હકીકતો જણાયા છતાં જે માણસ ઇરાદાથી તે મંડળીમા સામેલ થાય અથવા તેમાં જારી રહે તે માણસને કાયદા વીરૂધ મંડળીનો અંગભુત સમજવો.

કાયદા વીરૂધ મંડળીનો અંગભુત તે શું.

ટીકા.

જે ઠેકાણે ગેરકાયદે મંડળી મળેલી છે તે ઠેકાણે કોઇ માણસ પોતાની મીલકતને ઉપદરવ થાય નહી માટે પ્રતીબંધ કરવા સારૂ ગયો છે એવુ પુરાવાથી સાબેત થયો તે તો કાયદે મંડળીમાં મળેલો કીવા તેમાં રહેલોછે એવુ ગણી શકાય નહી (કલકતા હા. કોરટ તા૦ ૨૬ અપરેલ સને ૧૮૭૩ વા. ૧૯ પ્ર. ૬૬ મું.)

૧૪૩ જે માણસ કોઇ કાયદા વીરૂધ મંડળીનો અંગભુત હોય તેને છ મહીનાની મુદત સુધીના બેમાંના ગમે તે પારકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

શીક્ષા.

ટીકા.

શીક્ષા કરતી વખતે તેણે કાયદા વીરૂધ કરતીગમા ભાગ લીધો એવુ સાબીત થવુ જોઇએ. ૧ વી. રી. પ્ર. ૨૦

એક પોલીસ સ્ટેશનનો અમલદાર બીજા પોલીસ સ્ટેશનના અમલદારને તેની હદના એક ઘરનો ઝાડો લેવાનુ વારંટ મોકલે, તે અમલદાર પોતાના તાબાના માણસને મોકલે પણ તેને કાંઇ વારંટ આપે નહી તેથી ઘરના માલીકો સામા થાય તો એ ઘરધણીઓ ઉપર આ કલમ પરમાણે કે કલમ ૩૫૩ પરમાણે તહોમત આવે નહી રાણી વીરૂધ નારાયણ ૭ મ. હા રી. પ્ર. ૨૦૯.

કાયદેસર મંડળી મળી હોય તેમાં મારામારી થાય તો તેઓએ હંગામાનો ગુનો કરયો થાય. ૧ વી. રી પ્ર. ૧૯.

૧૪૪ જીવ લેનાર કાંઇ હથીઆર અથવા જે મારેથી સામા માણસનો પરાણુ જાય એવો સંભવ હોય એવી કાંઇ વસતુ પામે છતાં જે માણસ કોઇ કાયદા વીરૂધ મંડળીનો અંગભુત થાય તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની, એ

જીવ લે એવુ કાંઇ હથીયાર પાસે છતાં કોઇ કાયદા વીરૂધ મંડળીમા સામેલ થવું.

બનેની શીક્ષા કરવામાં આવશે.

૧૪૫ કોઈ કાયદા વીરૂધ મંડળીને કાયદામાં ફરમાવેલી રીતે વીખેરાઈ જવાનું હુ[illegible]

કોઈ કાયદા વીરૂધ મંડળી ને વીખરાઈ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં શામીલ થવું અથવા જારી રહેવું. | હુકમ થયું છે એવું જાણ્યા છતાં જે માણસ તે કાયદા વીરૂધ મંડળીમાં શામીલ થાય અથવા જારી રહે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

કાયદા વીરૂધ મંડળીને વીખેરી નાખવા માજીસ્તરેટોનો અધીકાર ક્રી. પરો. કલમ ૪૮૦—૪૮૧.

પોતાની મીલકત બચાવવા રહેવું એથી કાયદા વીરૂધ મંડળીમાં શામીલ થયો અથવા જારી રહ્યો ગણાય નહી ૧૯ વી. રી. પ્ર ૬૬.

૧૪૬ કોઇ કાયદા વીરૂધ મંડળીનો સામાનીય હેતુ પાર પાડવામાં તે કાયદા વીરૂધ

સામાન્ય હેતુ પર પાડવામાં એ અંગભુતે વાપરેલુ બળ | મંડળી અથવા તેનો કોઈ અંગભુત બળ અથવા [illegible] વાપરે તો તે મંડળીના દરએક અંગભુતને હંગામાનો [illegible]

કર્યો એમ સમજવું.

૧૪૭ જે માણસ હંગામાનો ગુનો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંની ગમે

હંગામો કરવાની શીક્ષા. | તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

[redacted] સાબીત થાય તે શખ્સને પોતાને કાંઈ ઇજા અથવા
[redacted]ને સજા થવી નહી જોઇએ રાણી વીરૂધ અજગર,
[redacted] મંડળીના અંગભુત હોવાનો એ બે ગુનાહની જુદી
[redacted] ૧ બી રી. પ્ર. ૭
[redacted]નોહ કરાવવામાં આવે તે શખશોએ ઇજા લે એવાં
[redacted] હોય, હંગામો કરતા ખુન, મહાવ્યથાના ગુનાહગાર
[redacted] કરવો જોઈએ ૩ હા. રી. પા. ૧૭૪.

[redacted] ખાસ ઘણું જ જખમી થાય તે વખતે પહેલો હુમલો
[redacted] વગર પેલીસ । વધે પડવાનો અધીકારછે પોલીસ તે
[redacted] ન હોય તો પોલીસને કોરટનો આશરો ગળવો જોઈ

બો. ૮ બી.રી પા. ૩૬.

૧૪૮ જીવ લેવાર કાંઈ હથીઆર, અગવા જે મારેથી સાહાગા મણસનેપ્રા[illegible]

જીવ લેઓવું હીથયારપાસે | એવો સંભવ હોય એવી કાંઈ વસ્તુ પાસે છતાં
રાખીને હંગામો કરવો. | ગામો કરે તેને તરણ વરસની મુદત સુધીની
પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે.

ટીકા.

જીવલેણ હથીઆર પાસે રાખી જે સખશો હંગામનો ગુનો કરે તે ગુને જે સખશના મકાન ઉપર હંગમો થાય તે સખસને બંજર મારવાના ગુનાથી જુદો છે અને આ બીના ગુનાની શીક્ષા ક. ૩૨૪ મુજબ જુદી થાય (રેવાીયુ શીવીલ એન્ડ કરમીનલ રીપોરટ (કલકતા, કરમીનલ રૂલીઝ વા. ૩ પા. ૩૪)

એક તડનાં માણુસેનો મોટો જથો આવી બીજા તડના માણુસેના રસ્તામાં આરી અંડગો નાખી બેઠા તેથી કજીઓ સળગો. આ કજીઆમાં પેહેલા તડનું એક માણુસ જખમી થયું તેથી તે માણુસ અળગુ જઈ ઉભું અને આ કજીઆમાં કાઇ ભાગ લીધો નહીં તે માણુસે ખસી ગયા પછી બીજા તડનુ એક માણુસ મરણ ગયુ તેમા ઠરાવાંમાં આવ્યું કે ઘાયલ થએલો સખશ જ્યારથી અલગ ઉભો તયારથી કાયદા વીરૂધ મંડળીના અંગભુત તરીકે બંધ પડયો અને તેથી તે પછી જે કતલ થયું તે માટે તે જવાબદાર નથી. રાણી વીરૂધ કબીનકાજી બં. લા. રી. પ્ર. ૧ (ફોજદારી)

એક સખસની માને ભગાી લઈ જવાના કામ માટે એક કાયદા વીરૂધ મંડળી બેગી થઈ અને એ કામ પાર પાડતાં એ માનો દીકરો મરણ ગયો તેમાં ઠરાવવામાં
કે જેટલા સખસો આ મંડળીના અંગભુત હોય તેટલા સખસો આ ખુન માટે
રછે ગુલામ અરફીનના કામમાં ૪ બે. લા. રી પ્ર ૪૭.

એક તકરારી જમીનના કડકા ઉપરથી કેટલાક સખસને હાંકી કાઢવાના હેતુથી એક કાયદા વીરૂધ મંડળી મળી. એ મંડળીમાંના એક અંગભુતે બંદુક ફોડી એમાંના એકને મારી નાખ્યો તેમાં ઠરાવવામા આવ્યું કે આ કતલ અકસમાત થયું છે ધારો રાખેલુ થયુ નથી માટે સઘળા ખુનના નહીં પણ આ કલમ પ્રમાણેના ગુનેહગાર છે રાણી વીરૂધ સાબતઆલી ૧૧ બે લા રી. પ્ર; ૩૪૭.

આવાં હથીઆર પાસે રાખી કાંઇ ગુનોહ કરવામાં આવે તો પછી ગુનાહની જવાબદારી એ મંડળીના અંગભુત ઊપર આવે છે ૭. વી રી. પ્ર. ૬૦.

૧૪૯. કોઇ કાયદા વીરૂધ મંડળીનો સામાનીય હેતુ પાર પડવામ તે મંડળીના કોઇ અંગભુતથી કાંઈ ગુનોહ થાય અથવા એવો કાંઇ ગુનોહ થાય કે તે હેતુ પાર પાડવામાં તે ગુનોહ થશે એવો સભવ તે મંડળીના અંગભુતેના જાણવામાં હોય તે ગુનોહ થતી વખતે જે જે સખસ તેજ મંડળના અંગભુત હોય તે
તે ગુનહો કરયે એમ સમજવું.

કોઇ કાયદાવીરૂધ મંડળીનો સામાનીય હેતુ પર પાડવામાં કઇ ગુનાહ થાય તોતે મંડળીનાપ્રતેક અંગભુતનેતે ગુનાનો કરનારસમજવો.

ટીકા.

સ.એક સ"સો તકરારી જમીનના કકડામાથી એક માણસને કહાડી મુકવા એક
ત્યાં ઘણી સાથ્રી થયાથી તેમાંના એક જણની પાસે બદુક હતો તે બદુક છોડી સા
મે થાર માણુસના પ્રાણ લીધાં આ કામમાં એમ ઠરાવ થયો કે તે ખુનો ગુનેગાર છે
પણ તે કાયદા વીરૂધ મંડળીના બીજા અંગભુતો આ કલમ મુજબ ખુનના ગુનેગાર નથી
કારણ કે મરી ન ખવાનું કારણ અગુગીતબ્યું હતું અને એટલા માટે તે મંડળીનો તે
શામાનીય હેતુ નહોતો, તેમ તે એવું પણ કામ નહોતુ કે જે તે મંડળીના બીજા અંગભુ
તો એ તે હેતુ પારપાડવામાં બનવાનો સંભવ હોય એમ જાણુ હોય (બગાળ લા. રીપોટ
વા. ૧૧ પને ૩૪૭)

આવા સખસો કાંઈ ગુનહો કરવા નીકળે રસ્તમા તેમની વાસે પોલીસના મણસો
થય જેથી સઘળા જુદે જુદે રસ્તે ભાગે તેમાના એકની વામે પોલીસનું માણસ લાગે તે
થી તે પોલીસના માણસને તે નાશી જનાર મારી નાખે તો સાળા અગભુતો આ ખુનને
માટે જવાબદાર નથી. રાણી વીરૂધ વાહાબ્દ આરમ પ્ર. ૧૦

કાયદા વીરૂધ મંડળીના અંગભુતને એ કાયદા વીરૂધ મંડળી હયાતી રહે તાંહાં સુ
ધી એ કાયદા વીરૂધ મંડળીના એક માણસે કાંઈ ગુનહો કરયો હોય તે દરેક ગુનાહ મા
ટે જવાબદાર ગણવો નહીં જોઈએ પણ તેમનો સાધારણ હેતુ પાર પાડવાને માટે જે
કરત કરવામાં આવ્યાં હોય તે માટે કીંવા તે સાધારણ હેતુ પારપાડતાં અમુક કરત
થશે એવું તે અગભુત જાણુનો હોય તેવા કરત માટે તેને જવાબદાર ગણવો જોઈએ
૨૦ વી. રી. પ્ર. ૫ (ફોજદારી)ફુલબેચ.

બે પારટી ઊપર હંગામો કરવાનો ગુનહો સાબીત થયો હોય તેમાંની એક પારટી
માં પાચથી વધારેમાણુસ હતા તેઓને કજીઓ થયો તે કરવાને માટે ભેળા થએલાં મલમ
પડયાં હતાં અને એવુ પણ માલમ પડયુ હતુ કે તેઓને તેમનો સામેવાળો લડવાની તઈ
આરીમા હોઈને લાકડીબંધ આવ્યા હતા અને લડયા હતા તેમાં ઠરાવવામાં આવ્યુ હતુ કે
તેમને આ કલમ પરમાણે હંગામો કરયાના ગુનેગાર ઠરાવ્યા છે તે બરોબર કરયુંછે કેમકે
તેમની સાધારણ મતલબ તેમના સામેવાળા ઊપર હુમલો કરવાની હતી. બીજી પારટીમા ચા
ર માણુસ હતા પેલી પારટી સાથે લડવામાં તેમની શું મતલબ હતી તે જણાયુ હેતુ જે
કજીઓ થયો તે જાહેર જગામા થયો નહોતો તમાં ઠરાવવામા આવ્યુ કે તેમને સજા થ
ઇ છે તે વાજબી નથી અને વળી એવુ પણ ઠરાવવામા આવ્યું કે જે કજીઓ થયો
તે જાહેર જગામાં થયો હતતો એ બેઊ પારટીનો સાધારણ હેતુ કાંઈ હુલ્લડ કરવાનો હતો
એવુ ગણાત. રાણીવીરૂધ મુજાફર હુશેન ૫ બ. હા. રી. પા, ૨૦૮.

કેટલાએક માણુસો (એ,નુ હરણ કરવાને ગયા તેમા એક શખસનુ ખુન થયુ તેથી
ઠરાવવામાં આવ્યુ કે સઘળા એખુન માટે જવાબદારછે ૪ બે. લા. રી. પ્ર. ૪૭.

૧૫૦ જે માણુસ કેઈ શખ્સને કોઈ કાયદાવીરૂધ મંડળીમાં સામીલ થવાને અથવા અંગભુત થવાને પઈશા આપવા કરીને અથવા કોઈ બીજી રીતે રાખે અથવા પઈશા આપવા કરીને અથવા કોઈ રીતે રાખવામાં મદદ કરે અથવા ચસમપોશી ... ણસને તે કાયદા વીરૂધ મંડળીના અંગભુત શખ્સ, ... પઈશા આપવા કરીને અથવા બીજી કોઈ રીતે રાખવા ઊપર ... થી તે રાખેલા શખ્સથી તે કાયદા વીરૂધ મંડળીના અંગભુત શખ્સ જે કાંઈ ગુનહો થાય તે ગુનહાને માટે જાણે તે માણસ તે કાયદા વીરૂધ મંડળીનો અંગભુતજ હોય અથવા જાણે તેણે પોતેજ તે ગુનોહ કરયો હોય એવી રીતે શીક્ષા ...મા આવશે.

કોઈ કાયદા વીરૂધ મંડળમાં સામેલ થવાને પઈસા આપવા કરીને કોઈ શખશોને રાખવા અથવા તેઓને રાખવામાં ચશમપોશી કરવી.

ટીકા.

પઈસા આપવામાં આવ્યા હોય, તોજ આ કલમ પરમાણે તોહોમત આવે.

૧૫૧ જેથી લોકોની સુલેહમાં ગડબડ થાય એવો સંભવ હોય એવી પાંચ અથવા વધારે સખસોની મંડળીને વીખરાઈ જવાનો કાયદેસર રીતે હુકમ થયા પછી જે માણુસ જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થાય અથવા જારી રેહે તેને છ મહીનાની મુદત સુધીની બેમાંની ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

પાંચ અથવા વધારે સખસોની કોઈ મંડળીને વીખરાઈ જવાનો હુકમ થયા પછી જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થવું અથવા જારી રેહેવું.

ખુલાસો—અગર તે મંડળી ૧૪૧ મી કલમના અરથ પ્રમાણેની કાયદા વીરૂધ મંડળી નહોય તો તે ગુનેગારને ૧૪૫ મી કલમ મુજબ સીક્ષા કરવામાં આવશે.

ટીકા.

વીખરાઈ જવાનો હુકમ કરવાનો માજીસતરેટનો અધીકાર કરીમીનલ પ્રોશીજર કલમ ...૦—૪૮૧.

૧૫૨ કોઈ સરકારી નોકર પોતાનો સરકારી હોદો બજાવવામાં કાંઈ કાયદા વીરૂધ મંડળીને વીખેરી નાખવાની અથવા કોઈ હંગામો કે બખેડો બંધ ડપાવાનો મેહેનત કરતો હોય તેવામાં તેની ઊપર ... ણસ હુમલો કરે અથવા હુમલો કરવાનો ડર દેખાડે ... ને હરકત કરે અથવા હરકત કરવાની કોશીસ કરે ... સરકારી નોકર ઊપર સાપરાધ બળ વાપરે અથવા તે ... ડર દેખાડે અથવા તે વાપરવાની કોશીશ કરે તે... ... વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અ... શીક્ષા કરવામાં આવશે,

હંગામો બંધ પાડવા વીગેરેનું કામ કરતો હોય તેવામાં કોઈ સરકારી નોકરની ઊપર હુમલો કરવો, અથવા તેને હરકત કરવી.

...૫૩ જે માણુસ ... અથવા દુસ્ટતાથી કાંઈ કાયદા . વીરૂધ...

[illegible] કોઈ શખસના મનમા ક્રોધ ઊત્પન કરે અને તે એવા [illegible] થી કે તે ક્રોધ હંગામાનો ગુનોહ કરાવે અથવા તે [illegible] હંગામાનો ગુનેહ કરાવશે એવો સંભવછે એમ જાણીને તે એ પરમાણે કરે તો અગર તે ક્રોધ ઊત્પન થવાથી હંગા[illegible] તે માણસને એક વરસની મુદત સુંધીની બેમાના ગમે તે પરકારની [illegible] દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે અને અગર હંગામાનો [illegible] થાય તો તે માણસને છ મહીનાની મુદતસુધીની બેમાંના ગમે તે પરકારની કેદની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

[illegible] જનપર કાંઇ કાયદા [illegible] ડળી હોય તે જ [illegible] ા માલીક અથવા ક- બજેદાર.

૧૫૪ જ્યારે કાઇ કાયદા વીરૂધ મંડળી મળે અથવા હંગામો થાય તીગારે જે જમીનપર તે કાયદા વીરૂધ મંડળી મળે અથવા તે હંગામો થાય તે જમીનના માલીક અથવા કબજેદારને તથા તે જમીનમાં જેનો હક હોય અથવા જે હકનો દાવો કરતો હોય એના સખસને એક હજાર રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે પણ તે ક્યારે કે જો તે અથવા તેનો મુખતીઆર કે કારભારી, તે ગુનોહ થાય છે અથવા થયોછે એવુ જાણીને અથવા એવો સંભવછે એમ માનવાનુ કારણ છતા બનેગાં પાસેની પોલીસની ચોકી પરના મુખ્ય અમલદારને તે બાબતની પોતથી બનતી જલદીમાં જલદી ખબર નહી આપે તે; અને તે ગુનોહ થવાનો છે એમ માનવાનુ તેને અથવા તેઓને કારણ છતા તે અથવા તેઓ તે ગુનોહ અટકાવવાને સરૂ પોતાથી બનતા સઘળા કાયદેસર ઈલાજો કામે નહી લગાડે તો અને તે ગુનોહ થયા પછી તે હંગામો બંધ પાડવાને અથવા તે કાયદા વીરૂધ મંડળીને વીખેરી નાખવ ને પોતાથી બનતા સઘળા કાયદેસર ઈલાજો કામે નહી લગાડે તો.

જે શખસના ફાયદા સારૂ કાંઇ હંગામો કરવામા આવે તે શખસની જવાબદારી

૧૫૫ જો કોઇ સખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી, કાંઇ હંગામો કરવામાં આવે અને જે જમીન બાબા તે હંગામો થાય તે જમીનનો તે શખસ માલીક અથવા કબજેદાર હોય અથવા તે જમીનમાં અથવા જે કાંઈ તકરાર ઉપરથી તે હંગામો થયો હોય તે તકરારના બાબતમાં, કાઇ હકનો તે શખસ દાવો કરતો હોય અથવા તેમથી તે શખસને કાંઈ ફાયદો થયો હોય અથવા તેણે કાંઈ ફાયદો કબુલ કરયો હોય તો તે શખસને દંડની શીક્ષા કરવામા આવશે પણ ક્યારે કે જો તે અથવા તેનો મુખતીયાર કે કારભારી તે હંગામો થવાનો સંભવછે અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વીરૂધ મંડળી મળવાને સંભવછે, એમ માનવાનુ તેને કારણ છતા તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાખવાને પોતપોતાથી બનતા સઘળા કાયદેસર ઈલાજો કામે નહી લગાડે તો.

ટીકા.

કોઇ જમીનદારની હદમાં કાંઇ અકસમાત અથવા અચબુગ હુલડ થાય [illegible] થશે એવુ માનવાને તને કારણ નહોય તો અથવા એ હુલડ થશે એવું સાધારણું રીતે ધારતો નહોય તો એ હુલડ માટે તે જમીનદાર જવાબદાર નથી. રાણી વો. હરીહરરાય ૩ વી રી. પ્ર. ૫૪.

અમુક શખસ અમુક જમીનનો માલીક છે અને એ જમીનના સંબંધમાં અગર [illegible] જમીન ઉપર આ કલમ પ્રમાણેનો ગુનો થાય તો તે ગુના માટે એટલાજ કારણથી. તેને [illegible] દાર ગણવો નહી જોઇએ તે અથવા તેનો વહીવટદાર આ કલમ પરમાણેનો ગુનો થવાનો છે એવુ જાણતા અથવા માનતા હોય તે છતાં એ ગુનોહ થતો અટકાવવા અ[illegible] થયો હોયતો બેસારી દેવા બનતા ઇલાજ લીધા નહિ એવુ ખુલી રીતે સાબીત થવુ જોઇએ ૧૨ વી રી. પ્ર. ૭૧.

જમીનદારે અનઘડ વહીવટદારી રાખવી હોય અને તેની ગેરઆવડતથી કાંઇ આવો [illegible] નોહ થાય તો જમીનદાર પણ જવાબદાર થાય છે જમીનદાર ઘણે દુર પલે નહેતો હો[illegible] અને હંગામો વગરે એકાએક થાયતો તે જવાબદારીથી છુટો થઇ શકેછે (કરી. પ્ર. ૧૦[illegible]

૧૫૬ જો કોઇ શખસના ફાયદાને સારૂ અથવા તેની વતી, કાંઈ હંગામો કર[illegible]

જે માલીક અથવા કબજેદરના ફાયદાને સરૂ કાઇ હંગામો કવામા આવે તે શખસના અખતીયારની જવાબદારી.

માં આવે અને જમીન બાબત તે હંગામો થાય તે જમીન[illegible] તે શક્ષ માલીક અથવા કબજેદર હોય, અથવા તે જમી[illegible] માં અથવા જે કાંઇ તકરાર ઊપરથી તે હંગામો થયો હો[illegible] તે તકરારની બાબતમાં કાંઇ હકનો તે શખસ દાવો કરતે [illegible] ય અથવા તેમાંથી તે શક્ષને કાઇ ફાયદો ગયો હોય અથવા [illegible]ણો કાંઇ ફાયદો કબુલ કરયો હોય તો તે શક્ષ મુખતીઆર અથવા કારભારીને દંડની [illegible] [illegible] કરાવવામા આવસે; પણ કયારે કે જો તે મુખતીઆર અથવા કારભારી, ને હંગામો થવાનો સંભવ, અથવા તે હંગામો જેથી થયો હાય તે કાયદા વીરધ મંડળી મળવાને સંભવછે એમ માનવાનુ તેને કારણ છતાં તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવા ને તથા તે હંગામો બધ પાડવાને અને તે મડળીને વીખેરી નાખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો..

૧૫૭ જે માણુસ પોતાના કબજા કે હવાલા માહેના અથવા પોતાના અખતીઆર

કોઇ કાયદા વીરૂધ મંડળીને સારૂ પઇસા આપવા કરીને રાખેલા સખશોને ઘરમા રાખવા.

તળેના કોઇ ઘર કે જગામા કોઇ શખસોને રાખે, આવવા દ[illegible] અથવા એકઠા કરે અને તે એવુ જાણીને કે કોઇ કાયદા વીરૂ[illegible] ધ મંડળીમા સામીલ થવાને અથવા સંગાથુત થવાને એ શ[illegible] ખસોને પઇસા આપવા કરીને અથવા કોઇ બીજીરીતે રાખેલા છે. અથવા પઇસા આપવા કરીને અથવા કોઇ બીજીરીતે રાખવાનાછે તો તે [illegible]

...ની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ... ...કરવામાં આવશે.

...૮. ૧૪૧ મી કલમમાં લખેલા કાગો માંહેલા કાંઈ પણ કામ કરવાને અથવા લે...

કોઈ કાયદા નીરૂધ મંડળી અથવા ઝગડામાં સામીલ થવા સારૂ પઈસા લેવા કરીને રહેવું.

...કામાં મદદ કરવાને જે માણસ પઈસા લેવા કરને અથવા કોઈ બીજી રીતે રહે, અથવા પઈસા લેવા કરીને કે કાંઈ બીજી રીતે રહેવાનું કહે અથવા રહેવાની કોશીશ કરે તે માણસને ૭ મહીનાના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવસે અને ઉપર લખ્યા પ્રમાણે પઈશા લેવા કરીને અથવા કોઈ બીજી રીતે રહયા પછી, જે માણસ જીવ લેનારૂ કાંઈ હથીઆર

અથવા હથીઆર બંધ થઈને ફરવુ

અથવા જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવી કાંઈ વસતુ સાથે લઈને ફરે અથવા ફરવાનું કબુલ કરે કે કહે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામા આવશે.

૧૫૯ જયારે બે અથવા વધારે સખસો કોઈ જાહેર જગામાં મારા મારી કરીને લો...

બખેડો.

...કોની સુલેહમાં ગડબડ કરે, તીયારે, તેઓએ તે "બખેડો" કરયો એમ સમજવું.

૧૬૦ જે માણસ બખેડો કરે તેને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકા...

બખેડો કરવાની શીક્ષા.

...રની કેદની અથવા એકસો રૂપીયા સુધીની દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બખેડો અટકાવવા માજીસટ્રેટનો અખીકાર કી. પ્રા. કો કલમ ૫૧૮.

બાબ ૯ મો.

સરકારી નોકરોના અથવા તેઓ સબંધી ગુનાઓ બાબત.

૧૬૧ જે માણસ સરકારી નોકર હોય અથવા સરકારી નોકર થવાની ઊમેદ રાખતો

કાંઈ સરકારી નોકરીના કામ સબંધી કાયદેસર મહેનતાણા સીવાય કોઈ સરકારી નોકરે કાંઈ બીજો અવેજ લેવો.

હોય તે માણસ પોતાના હોદાનુ કાંઈ કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામા અથવા પોતાના હોદાને અમલ ચલાવવામા કોઈ શક્ષની ઊપર મહેરબાની અથવા નારાજી કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામા અથવા હીંદુસતાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઈ પરેસીડેનસીની સરકારની જોડે અથવા કોઈ લેફટેનંટ ગવરનરની જોડે, અથવા કોઈપણ સરકારી નોકરની જોડે, તેના સરકારી હોદા સંબંધી કોઈ શક્ષને માટે અથવા કોઈ શક્ષની વીરૂધ કાંઈ વગ ચલાવવાના અથવા વગ ચલા...

વાની કોસીસ કરવાના કારણ દાખલ અથવા બદલામાં કોઈપણ સક્ષ પાસે અરવા બીજા કોઈ સખસને માટે કાયદેસર મેહેનતાણાં સિવાય બીજો કાંઈપણ અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાની કોસીસ કરે તો ત્રણ વરસની મુદત સુધીના બેમાના ગમે તે પરકારની કેદની, અથવા દંડ બંનેની શીક્ષા કરવામા આવશે.

ખુલાસો—"સરકારી નોકર થવાની ઊમેદ રાખતો હોય" અગર કોઈ સરકારી નોકર થવાની ઊમેદ રાખતો ન હોય અને તે બીજાઓને એમ સમજાવે કે સરકારી નોકરી મળવાના છે અને તીયારે હું તમારૂ કામ કરી આપીશ અને એ બીજાઓને ઠગીને કાંઈ અવેજ મેળવે તો તે ઠગાઈનો ગુનેગાર થઈ શકે પણ તે કલમમા બીયાન કરેલા ગુનાનો તકસીરવાર ગણાય નહી.

"અવેજ" અવેજ શબ્દ વડે એકલા પઇસાજ અથવા જેની કીમત પઇસાથી થાય તે જ એવો અવેજ સમજવો નહી.

"કાયદેસર મેહેનતાણુ" કાયદેસર મેહેનતાણુ" એ શબ્દોવડે કોઈ સરકારી નોકર જે મેહેનતાણુ કાયદા મુજબ માગી શકે તે મહેનતાણુંજ સમજવું નહીં પણ જે સરકારની તે નોકરી કરતો હોય તે સરકારની તેને જે જે મહેનતાણું લેવાની પરવાનગી હોય તે સઘળા મેહેનતાણાનો તેઓમાં સમાવેશ થાયછે.

"કરવાનુ કારણ અથવા બદલો" કોઇ શખસ જે વસતુ કરવાનો ઇરાદો રાખતો ન હોય તે વસતુ કરવાના કારણ દાખલ અથવા જે વસતુ તેણે કરી ન હોય તે વસતુ કરવાના બદલામાં કાંઈ અવેજ લે, તો તે શબ્દમાં દાખલ થાય છે.

દ્રષ્ટાંત.

(અ) એક મુનસફ અ એક સરકારી જ ની તરફનુ હુકમનામુ કરી આપવાના બદલામાં પોતાના ભાઈને જના પાસે જ ની પહેડીમા એક જગા અપાવે તો અ એ આ કલમમાં બીયાન કરેલો ગુનો કરયો એમ સમજવું.

(બ) એક કુમક કરનારા રાજાના દરબારમાં રેસીડેંટના હોદાપર છતાં તે રાજાના દિવાન પાસેથી અ એક લાખ રૂપીઆ લે અને એમ નહી માલમ પડે કે પોતાના હોદાનું લાગુ મુકરર કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા તે રાજાને માટે બરીટીશ સરકારની સાથે કાંઇ મુકરર બાબતમા વગ ચલાવવા અથવા ચલાવવાની કોશીશ કરવાના કારણ દાખલ અથવા બદલમા અ એ ઊપલી રકમ લીધી એમ માલમ પડે કે પોતાના હોદાનો અમલ ચલાવવામાં તે રાજાની ઊપર મહેરબાની રાખવાના કારણ દાખલ અથવા બદલામાં અ એ તે રકમ લીધી તો અ એ આ કલમમા બીયાન કરેલો ગુનો કરયો એમ સમજવું.

(ક) કોઈ સરકારી નોકર અ જને એમ ખોટુ સમજાવે કે સરકારની સાથે મારી

કલમ પ્રમાણે તેહોમતદારોને ગુનેગાર ઠરાવતાં અવલ અમુક કામથી તહોમતદારે દુર રહેવુ
એવો હુકમ બહાર પડયો છે એવું તહોમતદાર જાણુતો હતો એવું સાબીત થવું જોઇએ
રાણી વીરૂધ રામતુનુ સીંગ કો. ઇ. ડા પ્ર. ૩૪૩ આ કલમ પરમાણે ગુનેહગાર ઠરાવતી
વખતે તહોમતદારને જે હુકમ કરેલો તે લખેલો કરેલો હતો એ જરૂરનું છે કો. ઇં ડા
પ્ર. ૩૪૩. જે સરકારી નોકરે હુકમ કાઢયો હોય તેને તેવો હુકમ કાઢવા અધીકાર ન
હોય તો તે હુકમ ન માનનારા ગુનેહગાર નથી ૩ મુ હા રી પ૩ રાણી વીરૂધ ખેડા
તાનાજી ૫ મુ હા. રી પ્ર ૨૧ રાણી વીરૂધ બીઠલ લક્ષમણુ ૫ મુ હા રી પ્ર ૧૩ (કોજ
કે આ હુકમ ઉપર અપીલ થઇ હોય તો અપીલનો ઠરાવ બહાર પડતાં સુધી તે હુકમ ન
માનો એવું ગણી આ કલમ પ્રમાણે તહોમત લેવ ય નહીં ૨ મુ હા રી પ્ર ૩૮૪ આ
કામ જે માજીસટ્રેટનો હુકમ તોડયો હોય તે પોતે ચલાવી શકે નહિં ૧૦ મુ હા. રી
૪૨૪ કી પ્રો. કોડ કલમ ૪૭૩ આવો હુકમ નહીં માનવાથી કાયદેસર રહેલા સખસ
દુખ અડચણુ કે નુંકસાન થવુ જોઇએ અથવા થશે એવું જોઇએ, નહી તો ગુંનહો બનતો
નથી. ૪ મ. હા રી. પ્ર ૬.

કોઇ સરકારી નોકરને નુકશાન કરવાનો ડર દેખાડવો

૧૮૯ કોઇ સરકારી નોકરને પોતાના સરકારી ઓહોદાના અમલ સબધી કાંઇ કામ કરવાને, અથવા કંઈ કામ ન કરવાને અથવા કાંઈ કામમાં ઢીલ કરવાને લલચાવાના કારણુસર તે સરકારી નોકરને નુકશાન, અથવા જે શખસની સાથે તે સરકારી નોકરને સબધ છે એમ પોતેજ માનતો હોય એવા કોઈ સખસને, કાંઇ નુકશાન કરવાનો, જે માણુસ ડર દેખાડે તે માણુસને બે વરસ મુદત સુધીની બેમાંના ગમે તે પરકારના કેદની અથવા દંડની અથવા એ
કરવામા આવશે.

કોઇ સરકારી નોકરની પાસે આસરો માગવાની અરજ કરવાથી દુર રહેવાને કોઈ સખસને લલચાવવા માટે તેને નુકશાન કરવાનો ડર દેખાડવો

૧૯૦ કાંઇ નુકશાનથી કોઇનું રક્ષણુ કરવાનો અથવા કરાવવાનો જે સર
કાયદા મુજબ અખતીઆર હોય એવા કોઇ સરકારી ન
નો આગળ કોઇ સખસને કાંઇ નુકશાનથી પોતાનું રક્ષણુ
વા બાબત કાયદેસર અરજ ન કરવાને અથવા અરજ કરે
અટકાવવાને લલચાવવાના કારણુસર, જે માણુસ તે સખસ
કાંઇ નુકસાન કરવાનો ડર દેખાડે તે માણુસને એક વરસની મુદત સુધીની બે
પ્રકારની કેદની. અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ભાગ ૧૧ મો.

ખોટે પુરાવા તથા સરકારી ઇનસાફ વીરૂધ ગુનાહ બાબત.

કાંઈ સોગંદથી અથવી કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણસ કાયદા પ્રમાણે સાહેદી આપવી. | મુંજબ બંધાયલો હોય અથવા કાંઈ પણ બાબત સબંધી ઇકરાર કરવાને કાયદા ી બંધાએલો હોય તે માણસ એવી કાંઈ વાત કહે કે જે હોય અને જે ખોટી છે એમ તે જાણતો કે માનતો હોય અથવા ખરી છે એમ નહી માનતો હોય તો તે માણસે ખોટી સાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૧લો—કાંઈ વાત મોહોડેથી કહી હોય અથવા કાંઈ બીજી રીતે કહી હોય તેને આ કલમના અરથ પ્રમાણેની વાત સમજવી.

ખુલાસો ૨જો—સાહેદી આપનાર શક્ષ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહે તે પણ આ કલમના અરથ પ્રમાણેની વાત સમજવી અને જેમ જે વસતુ કોઈ શક્ષ જાણતો ન હોય ને તે કહે કે હુ જાણુંછું તેથી તે શક્ષ ખોટી શાહેદી આપાનો ગુનેગાર થાય તેમજ જે વસતુ તે માનતો નહી હોય તે વીસે ને એમ કહે કે હુ એ માનું છું તો તેથી પણ તે શખસ ખોટી શાહેદી આપીાનો ગુનેગાર થઈ સકેછે.

દ્રસ્ટાંત.

(अ) ज ની ઊપર ब નો હજાર રૂપીઆનો એક વાજબી દાવો છે તેની મજ્કુતીમાં ઈનશાફની વખતે अ આવીને એવા ખોટા સોગન ખાય કે ब નો દાવો વાજબી છે એમ ज ને કબુલ કરતા મેં સાભળયો. તો अ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

(ब) કાંઈ સોગંદથી સાચુ બોલવાને બધાયલો છતાં, अ એ પ્રમાણે કેહે કે ફલાણી સહી जની લખેલી છે એમ હુ માનુ છુ અને ज ની લખેલી છે એમ તે ન માનતો હોય તો એ ઠેકાણે अ જે વાત પોતે ખોટી જાણે છે તે કહેછે, માટે તેણે ખોટી સાહેદી આપી એમ સમજવું.

(क) ज ના અક્ષરનુ વલણ अ જાણે છે અને તે એ પ્રમાણે કહે કે ફલાણી સહી ज ની લખેલીછે એમ હું માનુંછું અને તેમજ તે સહી તેની લખેલી છે એમ अ સુધબુધીએ માનતો હોય તો એ ઠેકાણે अ ની વાત ફકત તેના માનવા વીશેછે અને તેના માનવા વીશે તે સાચીછે માટે અગર તે સહી ज ની લખેલી ન હોય તોપણ अ એ ખોટી સાહેદી આપી એમ સમજવુ નહી.

(ड) કાંઈ સોગંદથી સાચુ બોલવાને બંધાએલો છતાં अ એ પ્રમાણે કહે કે ફલાણે દહાડે ज ફલાણે ઠેકાણે હતો એમ હુ જાણુંછું અને તે બાબત अ કાંઇ જાણતો ન હોય તો અગર તે દહાડે ज તે ઠેકાણે હતો કે નહી તોપણ अ એ ખોટી

વું

...કાઇ સમજાવનારો કે તરજુમો કરનારો છે અને તે જે વાત ...રીતે સમજાવવા અથવા તેનો તરજુમો કરવાને સોગંદથી બંધાયેલોછે ...વા લેખની એવી સમજણ આપે અથવા એવો તરજુમો કરે અથવા તે ... તરજુમો ખરોછે એમ શરટીફીકેટ આપે કે તે સમજણ અથવા તરજુમો ... અને તેને ખરો માનતો ન હોયતો અ એ ખોટી સાહેદી આપી એમ સમજ...

૧૯૨ જે માણસ કાંઇ બીના બનાવે, અથવા કોઇ ચોપડી કે દફતર મધે કાંઇ... ખોટો પુરાવો બનાવ્યો | ખોટી રકમ લખે અથવા કાંઇ લેખ. કરે અને તેમાં કાંઇ ખોટી વાત લખે એવા ઇરાદાથી કે કોઇ ઇનસાફી મુકરદમામાં અથવા કોઈ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદાથી કાયદા મુજબ ચાલતા મુકદમામાં, અથવા કોઇ લવાદની આગળ તે બીના ખોટી રકમ અથવા ખોટી વાત પુરાવમા રજુ થાય તથા તે રજુ થનારી બીના અથવા ખોટી રકમ અથવા ખોટી વાતથી તે મુકદમામાં પુરાવા ઉપરથી જે શખસ કાંઇ અભીપ્રાય બાંધનાર હોય તે શખ્સના મનમાં તે મુકદમાના ફેંસલાને લગતી કાંઇ જરૂરની બાબત સંબંધી ખોટો અભીપ્રાય આવે તો તે માણસે ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) જ ની એક પેટીમાં અ કાંઈ ઘરેણું મુકે એવા ઇરાદાથી કે તે ઘરેણું તે પે...માંથી જડે તથા એ બીનાથી જ ની ઉપર ચોરી સાબેત થાય તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

(બ) અ પોતાની દુકાનના ચોપડામાં એક ખોટી રકમ લખે એટલા સારૂ કે કોઈ ઇનસાફની કોરટમાં તે પુકીકર પ્રમાણ દાખલ વાપરવો તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

(ક) જ ની ઉપર બદમસ્તરતનો ગુનોહ સાબીત કરવાના ઇરાદાથી અ જ ના જેવા અક્ષર કરીને એક કાગળ લખે એવી રીતે કે જાણે તે કાગળ તે બદમસ્તરત માંહેના કોઇ શોબતીને લખેલો હોય અને પોલીસના અમલદારો ફલાણે ઠેકાણે ખોળ કરસે એવો સંભવછે એમ જાણીને તે કાગળને ઠેકાણે મુકે તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

ટીકા.

ખોટી વાત એવી હોવી જોઇએ કે જેથી કામના ગુણદોષ વીશે એક અગતીઅની બાબત ઉપર ઇનસાફી અમલદારનો ખોટો અભીપ્રાય બંધાય એટલા માટે જ્યારે એક વકીલ કે જેના પાસે ખરૂ વકીલાતનામુ હતુ તેણે તે ઉપર માજીસતરેટની શહી બનાવી ... રે એમ ઠરાવ થયો કે આ તહોમત કલમ ૧૯૨ મુજબ લાગતુ નથી કારણ કે ...તનામુ કાંઈ પુરાવો નહોતો અને જડજના મનમાં તેના ખરાપણા વીશે કાં...

તા તેથી એ મુકદમાના ઠરાવને કાંઇ અગર થતી નથી (મદરાશ હાઇકોરટ વાલ્યુમ પાને ૩૭૨).

જયુ કોઈ શખસના ઉપર જુદા જુદા ઇનસાફદારો આગળ વીરૂધ વાતો કેહેવાને સાર તેમાંની કોઈ વાતનુ તહોમત મુકવા ઇરાદો હોય તો એવી દરેક વાત ઊપર ફરીઆદ થવાને સારૂ ઘોગ મંજુરીયત જોઇએ (મુ. હા વા. ૧૧ પા. ૨૪.)

૧૯૩ જે માણસ કાઇ ઈનસાફી મુકદમાના કોઇપણ ભાગમાં ઇરાદાથી ખોટી સાહેદી આપે અથવા કોઇ ઈનસાફી મુકદમાના કોઇપણ ભાગમાં વાપરવા એવા કારણસર ખોટો પુરાવો બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે તથા બીજી કોઇ બાબતમાં જે માણસ ઇરાદાથી ખોટી સહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે તે માણસને તણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખોટી સાહેદી તથા ખોટા પુરાવાની વાત.

ખુલાસો ૧લો—કોઇ કોરટ મારસલ અથવા મીલીટરી કોરટ આવરીકવેસટની આગળ તજવીજ ચાલતી હોય તેને ઈનસાફી મુકદમો સમજવો.

ખુલાસો ૨જો—કોઇ ઇનસાફની કોરટની આગળ મુકદમો ચાલતા પહેલાં કાયદાએ ફરમાવેલી તજવીજ થતી હોય તેને ઈનસાફી મુકદમાનો એક ભાગ સમજવો પછી તે તજવીજ કોઈ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ.

દ્રષ્ટાંત.

અ ને તેનો ઈનસાફ થવા સારૂ કમીટ કરવો જોઇએ કે નહી એ ઠરાવવા સારૂ કોઇ માજીસ્તરેટની આગળ ચાલતી તજવીજમા અ સોગદ ખાઇને એવી વાત કહે કે જે ખોટીછે એમ તે જાણતો હોય તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૩ જો—કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કાઇ તજવીજ કરવાનુ ફરમાવીયુ હોય અને તે તજવીજને કોઈ ઇનસાફની કોરટના હુકમ મુજબ થતી હોય તો તે તજવીજને ઇનસાફી મુકદમાનો એક ભાગ સમજવો પછી તે તજવીજ કાઇ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ કાઇ જમીનની હદ મુકરર કરવા સારૂ એક ઇનસાફની કોરટે કોઈ અમલદારને તે જગોપર મોકલ્યો હોય તે અમલદારની આગળ થતી તજવીજમા અ સોગદ ખાઇને એવી એક વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી સહેદી આપી એમ સમજવું.

ટીકા.

...હેદીની આ કાયદામા નાખીયા આવી નથી આ કલમ

મુજબ તેનો અરથ એવોછે કે "ચાલતા કેસના સંબંધમાં ઇનસાફ આપવામાં
કોરટે લીધેલો ઊપાય" (મદરાસ હાઈકોરટ ફેંસલા) જો કે જે ભાગમાં ખોટી
જુબાની... હોય તે ભાગ એવો હોય કે તેમાં કાંઇ ફેંસલા આપી સકાય નહી
...નો છેડો આવે અને પછી કરી ફેંસલો આપવામાં આવેજ નહી (સને ૧૮૭૨
...ની કલમ ૪ માં ઇનસાફી મુકદમાની વાખીયા એવીછે કે કાંઈ કામ ચાલતું હોય
...પુરાવો લેવામાં આવે છે અથવા લેવાનો અધીકાર છે અથવા દફતરમાં દાખલ
...માં ઊપરથી જે કામમાં સીક્ષાનો ઠરાવ અથવા શીક્ષાનો હુકમ અથવા આખર
...વામાં આવે છે તે કામ સમજવું. (સને ૧૮૭૨ ના આકટ ૧૦ની કલમ ૫૧...
...ના હુકમો ઇનસાફી મુકરદમા નથી પણ કલમ ૫૨૧ મુજબ હુકમ ઇનસાફી...

પણ જ્યાં ઇનસાફી મુકદમાઓની સાથે બીલકુલ સંબંધ નહિ એવા કોઈ બીજા કામ
ને સારૂ તજવીજ ચાલતી હોય ના તેનુ બીજી રીતે છે જ્યાં એક માજીસતરેટના ઉપર ...
નામો કાગળ આવ્યો જેમાં કેટલાક શખશો ઉપર ખુનનુ તહોમત મુક્યું હતું. અને એ
માજીસતરેટે એ ખુન શોધી કાડવાને નહી પણ કાગળનો લખનાર નકી કરવાને પુરાવો
લીધો ત્યાંહાં એમ ઠરાવ થયો કે એ તજવીજ ઇનસાફી મુકદમાનો ભાગ નથી અને ગુનો
સાબેત થયાનો ઠરાવ થાકી શકતો નથી (વૈકલીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટર કલકત્તા
કરીમીનલ રૂલીંગ વા. ૧ પા. ૨૧) અને એવીજ રીતે જ્યા એ તજવીજની મતલબ
એક નીંદા ભરેલી અરજીનો લખનાર શોધી કાડવાની હતી તીયાં પણ તેવોજ ઠરાવ થયો
મુબઈ હા. કો. રી. વા. ૧૧ પા. ૧૧ કેટલીએક ખોટી વાતો એકજ જુબાનીમાં આવી
હોય તો તે એકજ ગુનો થાય છે મદરાસ હાઈ કોરટ રૂલીંગ વા. ૬ પા. ૨૭૧ સને
૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૬૮ મુજબ હીંદુસતાનના ફોજદારી કાયદા મુજબ કલ
મ ૧૯૩—૧૯૬—૧૯૯—૨૦૭—૨૦૫—૨૧૧—અગર ૨૨૮ મી કલમોમાં બતાવેલા ...
...કારી ઇનસાફ વીરૂધ કોઇ ગુનો કોઇ ફોજદારી અથવા દીવાની કોરટ આગળ અથવા વીરૂ
...ધ કરવામાં આવ્યો હોય તેવા ગુનાની ફરીઆદ સદરહુ દીવાની અથવા ફોજદારી કોરટ અથ
...વા તેની ઉપરી કોરટની મંજુરી સીવાય કોઇ ફોજદારી કોરટો સાંભળી શકે નહીં અને
એ મંજુરી કલમ ૪૭૦ માં બતાવ્યા પ્રમાણે આપવી જોઈએ આ કલમ મુજબ ...
રજીઓ સાધારણ નીયમ મુજબ જે કોરટની આગળ ખોટા સોગંદ ખાધાનુ કહેવાતુ હોય
તે કોરટની આગળ પેહેલ વેહેલી કરવી જોઇએ (મદરાસ હાઈ કોરટ વા. ૬ પા. ૯૨
મંજુરી વગર ચલાવેલું કામ બીલકુલ અખતીઆર બહાર છે અને તે મુજબ કરેલ
કોઈ પણ ગુનો સાબીત થયાનો ઠરાવ રદ કરવો જોઇએ (બંગાલા લા. રીપોરટ વા. ...
પા. ૩૬. ખોટા પુરાવાને સારૂ ફરીઆદ ચલાવવાની મંજુરી આપવા ના પાડવાનું એ
... કારણ નથી કે જે અમલદારની આગળ અરજી કરીછે તે અમલદારના પેહલાના
અમલદારની આગળ ખોટો પુરાવો આપવામાં આવ્યો હતો કેમકે જો અધીકારી જુદા

તો પણ કોરટ તેની તેજછે (મદરાસ હાઇ કોરટ રૂલીંગઝ વા, ૭ પા, ૧૨. જે માજીસ તરેટની આગળ ખોટો પુરાવો આપવામાં આવ્યો હોય તે માજીશતરેટ તેજ ગુનો કલમ ૧૭૩ મુજબ કમીટ કરવાને સારૂ તેનો ઇનસાફ કરી શકે નહી (મુંબઇ હાઇકોરટ રીપોરટ. વા ૧૦ પા. ૭૩. જે સખશના ઊપર પ્રથમ ૧૯૩—૧૯૪ અથવા ૧૯૫ મી કલમ મુજબ ગુનેગાર થયો હોય તે બીજી વખત તેવા ગુનાને સારૂ ફટવાને પણ લાયક છે (સને ૧૮૬૪ નો આકટ ૬ કલમ ૪). કલમ ૧૯૩ પ્રમાણે ગુનાની સાબીતી થયાં છતા કલમ ૧૮૧ પ્રમાણે અપરાધ સબીત કરયો તે ગેરકાયદે છે (મુ. હા. કો. તા૦ ૨૫ અપરેલ સને ૧૮૭૧ વા. ૮ પા. ૨૬). પોતાના ભાઇની જગો ઉપર પોતે ઊભો રહીશાક્ષી આપી તેમાં આ કલમ પ્રમાણે ખોટી પ્રતીગનાનો ચરજ રાખવો જોઇએ અને કલમ ૪૧૬ પરમાણે વેશ લઇ ઠગાઇ કરવાનો ચારજ રહે નહી (મુ. હા. કો. તા૦ ૫ નવેમબર સને ૧૮૬૩ વા. ૧ ભાગ ૧ પા. ૮૯). કલમ ૧૯૩—૧૯૪—૧૯૫ પરમાણે કમીટ કરવામા અમુક હકીકતો જેથી ગુનો થયો તે હકીકતો કેદીએ બોલેલા સબદોમાં હમેશાં બતાવી છે આથી કેદી બરાબર તહોમત શમજી સકશે (મુંબઇ હાઇકોરટ તા૦ ૨૨ જુન સને ૧૮૭૦ નંબર ૯૬૫). ખોટો પુરાવો આપવાના કામમાં જે હકીકત તહોમતદાર પોતે ખોટી જાણતો હતો તે જાણી જોઇને ખરા દાખલ કહી એવું બતાવવું જોઇએ બેં લા. રી. એ. પા. ૬૬. જે કામમા જુબાની આપી તે ઇનસાફી કામ હતું અને તે કામ ચાલતી વખતેજ તેણે ખોટી હકીકત કહી એવું સાબીત થવું જોઇએ ૧ બેં. લા. રી પ્ર. ૧૩ (ફો. અ)

એક જણે ઉઘી પુરવક રેલવેનો કેટલોક સામાન કોઇ સખસના ઘરમાં અને ખેતરમાં છુપાવવામાં મદદ કરી એવા ઇરાદાથી કે એ ઘરના અને ખેતરના ધણીને શીક્ષા થાય તેમાં ઠરાવવામાં આવ્યુ કે તહોમતદાર ઊપર આ કલમ પ્રમાણે ખોટો પુરાવો બનાવ્યાનુ અને કલમ ૪૧૪ પરમાણે ચોરેલી મીલકત જાણી જોઈને છુપાવવામાં મદદ કરયાનુ એવા બે તહોમત લાવી શકાય ૧ ઇ લા. રી. પ્ર ૨૭૮ (અલ્હાબાદ). આ કલમ પરમાણેનો ગુનહો કરી. ક્રો. કોડની કલમ ૪૭૩ પરમાણે કોરટનો તીરસકાર છે. તેથી એ કલમ પરમાણે જે માજીસતરેટ હજુર એ ગુનો કરવામાં આવ્યો હોય તે માજીસતરેટ ઇનસાફ કરી સકે નહી ૧ ઇ. લા. રી. (અલહા.) પા. ૧૧૯. જે માજીસતરેટ પાસે એ ગુનોહ કરવામા આવ્યો હોય તે માજીસતરેટને તે ગુનાહનો ઇનસાફ કરવાનો અખ્તીયાર હોય તો સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૧ પરમાણે તેને કાઇ હરકત નથી. આ કલમ પરમાણે ગુનો બનવા માટે તહોમતદારનો ઇરાદો ખરાબ હતો કે નહી તેની જરૂર નથી જે કહયુ તે ઇરાદા પુરવક કહયું જે હકીકત તેણે કહી તે ખોટી જાણતો હતો એવુ સાબીત થાય પછી તેણે તે ઇરાદાથીજ કહી એમ ગણવુ જોઇએ ૩ અ. હા. રી. પ્ર. ૧૬૩ એક સખસ કોરટમા આવ્યો તારે એ દીવસે જે જે કેસમા તેની જુબાની લેવામા આવે તેમાં તેણે સાચુ બોલવુ એવી પરતીગના તેને એકજ વખતે આપ મા આવી એ દીવસના કેસના જે કેસ જણાવીઆ નહોતા તે કેસ પણ તેજ દીવસ

ક્યો તેમા તે ખોટુ ખોલ્યો તેમા ઠરાવવામાં આવ્યુ કે તેણે આ કલમ પરમાણે ગુનોહ કરયો ૨ ગ. હા. રી. પા. ૪૩. આ કલમ પરમાણેના તહોમતમાં તહોમતદારે કયો ખોટો પુરાવો આપીઓ તે ખસુસ ન બતાવવુ જોઈએ. વી. રી. પા. ૭૧. એક કેદીએ મા જીસતરેટ પાસે સાક્ષી તરીકે જે જુબાની આપી તેથી શેશન જજ આગળ જુદીજ આપી. આ ખોટી જુબાની કાંતો સેશન જજ પાશે આપી અગર કાંતો માજીસતરેટ પાસે આપી એવા તહોમતથી તેને સજા થઈ તેમાં ઠરાવવામાં આવ્યુ કે એ શીક્ષા બરાબર થઈછે વ ળી એવુ પણ ઠરાવ્યુ કે સેસન જજ પાસે આપેલી જુબાની માજીસતરેટ પાસે થાએલા કામમાં પુરાવામા લીધી તે પણ ખરેખર થયુંછે. બેં. લા. રી. વધારાનુ પુસતક પાનુ ૫૨૧. મોફસીલમાં ખોટો પુરાવો આપવાના તહોમતથી એકજ સાક્ષીના વગર ટેકાવાળા પુરાવાથી શીક્ષા થઇ શકે નહી બેં. લા. રી. વધારાનુ વો. પા. ૪૧૭. શેશન જજ માજી સતરેટ પાસે ખોટો પુરાવો આપાનો ગુનોહ કમીટ કરી સકે નહી પણ પોતાનીજ કોરટમાં એવો ગુનોહ બનીયો હોય તો નેમ કરી શકેછે ૨ બં. હા. રી. પાનુ ૩૫ (અ ફે.) એક સાક્ષીએ માજીસતરેટ પાશે કામ ચાલ્યુ તેમાં અમુક જણે ખુન કરયુ એવી જુબા[illegible] ની આપી અને સેશન જજ પાસે બીજા જણે ખુન કરયુ એવી જુબાની આપી તેમાં [illegible] વવામાં આવ્યુ કે તહોમતદારને આ કલમ ૧૯૩ પરમાણે સીક્ષા થાય પણ કલમ [illegible] પરમાણે સીક્ષા થાય નહી કેમ કે પોતાની જુબાનીઉપરથી કેદીને મોતની સજા થશે એવુ [illegible] સાક્ષી જાણતો નથી ૨ બે હા. રી. પાનુ ૩૫. એક માજીસતરેટ પાસે નનામી અરજી આવી તેમા અમુક જણે અમુક જણનુ ખુન કરયુ છે એવા ખબર લખ્યા હતા એ અરજી લખ વાર કોણ છે તે નકી કરવા માટે માજીસતરેટે તજવીજ ચલાવી તેમા કાંઈ ખોટુ બો લ્યુ તેથી ઠરાવવામા આવ્યું કે આ તપાસ ઇનસાફી તપાસ કે તેનો ભાગ નહોતો જેથી સાક્ષી ઉપર ખોટા જુબાની આપવાનુ તહોમત આવી શકે નહી ૫ વી. રી. પા ૭૨ રાણી વીરૂધ જીભાઈ વજા ૧૧ મુ. હા. રી. ૧૧ જે જુબાનીમાં તહોમતદારે ખોટો ગજકુર કહયા નુ કહેવામા આવ્યુ હોય તે જુબાની સાબીત થવાની જરૂરછે કા. ઇ. ડા. પાનુ ૩૧૧ આ દેશમા આવા ગુનહાની સખત સજા કરવી જોઈએ પણ જો તહોમતદાર કબુલ કર તો હોય અને કોરટ પાસે દયા માગતો હોય તોજ ઓછી શીક્ષા કરવી રાણી વીરૂધ ગર ગીન આહીર ૭ વી રી પા. ૬૭. ખોટુ તહોમત મુકવુ અને જાણી જોઇને ખોટી જુબા ની આપવી એ બે ગુના એક બીજાના ભાગ નથી માટે તેને જુદી જુદી શીક્ષા થવી જો ઇએ ૭ વી. રી. પાનુ ૫૯. આ કલમ પરમાણેનુ તહોમત સાબીત કરવા માટે તહોમતદારે જે જુબાની આપી હોય તે સાદા સોગન ઉપર નહી. પણ શોગન લેવાના કાયદા પરમાણે ધ રમ ઈમાનથી સાચુ કહેવાને પરતીજ્ઞા લીધેલી હોવી જોઈએ ૪ વી રી પાનુ ૨૪. બીજાને નામે જુબાની આપવી તે આ કલમ પરમાણેનો ગુનો થાયછે કલમ ૪૧૯ પરમાણે વેશ લઇને ઠગાઈ કર્યાનો ગુનોહ થતો નથી ૧ મુ. હા રી. પાનુ ૮૯. સમન બજાવ્યાનો ખોટો રીપોટ કરે તો કલમ ૧૮૧ પરમાણે નહી પણ આ કલમ પરમાણે ગુનો કરયો કહેવાય ૯

બી રી. પાનુ ૨૭ ખોટો પુરાવો આ કામમાં જે ઈરાદાની જરૂર છે તેનુ અનુમાન હકીકત ઉપરથી થઈ શકેછે ૨ વી રી. પ્ર. ૬૩. એકજ જુબાનીમાં એકથી વધારે હકીકત જુદીજુદી કહી હોય તે દરેક માટે જુદુ જુદુ તહોમત નહી આપવુ જોઈએ એકજ તહોમત આ૫વુ જોઈએ પ્ર. ઇ. ડા. પાનુ ૬૫૩. કમીશનર પાસે સોગન લઈ ઈરાદાથી ખોટી હકીકત જાહેર કરે તો તહોમતદારે આ કલમ વીરૂધ ગુનોહ કરયો ગણાય ૮ મુ હા. રી. પા. ૧૧ (ફોજદારી). સોગન લઇ જે હકીકત ખોટી કહયાનુ તહોમત હોય તે હકીકત તહોમતદાર કહે તો પોતે ગુનામાં આવી જાય એવુ હતુ તોપણ આ કલમ પરમાણે તહોમતમાં કાયદાસર બચાવ નથી ૩ મ. હા० રી० પ્ર० ૩૯ કોઈ હીંદુ વટલીને ક્રીસ્ચન થયો હોય તેને ખરીસ્તી ધરમ પરમાણે પરતીજ્ઞા ન આપી હોય તો તેણે કહેલા ખોટા મજકુર માટે તેણે આ ગુનોહ કરયો ગણાય નહી ૪ મ. હા. રી. ૧૮૫.) આ કલમ પરમાણેના તહોમતમાં એક શાક્ષી આવી કહે કે તહોમતદાર ખોટુ બોલ્યો છે તો તે પુરતુ નથી કેમકે વેતો તહોમતદારે સોગન ખાઈ કહયુ કે આમછે તેની વીરૂધનો સાક્ષી કહેછે કે આમ છે એતો સોગન સામસામા અથડાયા જેવુ થયુ ગુડી। પાનુ ૩૦૪-૫ જે ખોટી જુબાની આપી તે કેશને લગતી નહોતી એવા કારણથી તહોમત ઉડી જાય નહી ૫ મુ. હા० રી. પાનુ ૬૮ (ફોજ). એકના એક કેસમાં બે જણુ ઉપર આ કલમ પરમાણેનો ગુનો કરયાનુ તહોમત હોય તો બેઉની જુદી જુદી તજવીજ કરવી જોઈએ ૫ મુ. હા. રી. પાનુ ૫૫ (ફો.) જે કેસમાં ખોટી જુબાની આપીયાનુ તહોમત હોય તે મુળ કેસ ફરીઆદીને ફરીઆદ કરવા હક નોહોતો એવા કારણ વીગરેથી નાસાબીત થય તો પછી ખોટી જુબાની આપનારને પણ છોડી મુકવો જોઈએ કેમ કે તેણે જે જુબાની આપી તે કામ ઈનસાફી કામ ગણાયુ નહી ૮ મુ. હા રી. પાનુ ૨૭ ફેજ.) જગલ ખાતાના અમલદાર તેમજ બીજા કોઈ અધીકારી જેમને કાંઈ તજવીજ કરી ઠેરાવ કરવાનો અખત્યાર નથી તેમની પાસે કાંઈ ખોટી હકીકત કહેવામાં આવે તો તે આ કલમ પરમાણે ગુનો નથી ૧૨ મુ. હા. રી. પાનુ ૧. તહોમતદારની સહીઓ મેળવી જે પુરાવો મેળવ્યો હોય તે ઉપરથી આ કલમ પરમાણેનુ તહોમત સ્થાપીત થઈ શકે ૫ વી. રી. પ્ર ૯૮ (ફોજદારી) (म) નામના શખશે ज નામના સખસને (क) નામના સખસનુ નામ લઇ સટાંપ ઓફીસમાંથી સટાંપનો કાગલ લઇ આવવા કહયું તે પ્રમાણે क ના નામનો કાગળ (ज) લાવ્યો આ કાગળ क વીરૂધ ઈનસાફની કોરટમાં વાપરવો એવો (म) નો ઈરાદો હતો તેમ ઠરાવવામાં આવ્યુ કે આ ગુનોહ ખોટો પુરાવો બનાવ્યાનો થયો ૨ ઇ લા. રી. (અલહા.) પ્ર. ૧૦૫.

દેહાંત શીક્ષા જોગ ગુનો કોઈની ઉપર સાબીત કરાવવાના ઈરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૧૯૪ જો કોઈ માણસ ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ સખસની ઉપર આ કાયદા મુજબ (સને ૧૮૭૭ ના આકટ ૨૭ મા પ્રમાણે અથવા ઈંગ્લંડ દેશના કાયદા મુજબ") દેહાંત શીક્ષા જોગ હોય એવો કોઈ ગુનોહ સાબીત થાય અગર તેમ કરવાથી સાબીત થ

અગર તેમ કરવાથી કોઈ બેગુનાહ સખ્સની ઉપર ગુનો સાબીત થઈ તેનો જીવ લેવાગાં આવેતો

એવો સંભવછે એમ જાણ્યા છતાં તો તે માણસને જીવતાં ધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની સખ્ કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ યક થશે અને અગર તે ખોટી સાહેદીને લીધે કોઈ બે ગુનાહ સખ્સના ઉપર ગુનો સાબી થઇને તેનો જીવ લેવાગા આવે તો તે ખોટી સહેદી આપનાર સખસને અગરતો મોત અથવા ઉપર બીયાન કરેલી શીક્ષા કરવામા આવશે.

ટીકા.

એક માણસ ખુનના ગુના સારૂ અના ઈનસાફની વખતે એમ કહેછે કે એ ખુન એ કરયુ નથી પણ બ જે તુરંગમાં નથી તેણે કરયુ છે તો આ એ કલમ ૧૯૪ મુજબ નો કરયો નથી કારણ કે આ પુરાવાથી કોઈ શખસના ઉપર દેહાત સીક્ષા જોગ ગુન સાબીત થતો નથી એ માણસ ફકત ૧૯૩ ગી કલમ મુજબ શીક્ષા જોગછે બં. લા એપેલેટ કરીમીનલ જુરીસડીકસન વા. ૩ પા. ૩૫.

૧૯૫ જે માણસ ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઈરા

સમુદરપારની અથવા કેદની શીક્ષા થઇ સકે એવો ગુનો કોઇની ઉપર સાબીત કરવાના ઇરાદાથી ખોટી સહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

થી કે તેમ કરવાથી કોઈ શખસની ઉપર આ કાયદા મુજ (સને ૧૮૭૦ ના આકટ ૨૭ પ્રમાણે અથવા ઈંગલાંડ દેસ કાયદા મુજબ) દેહાત સીક્ષા જોગ નહી પણ જીવતાં સુધી મુ રપારની અથવા સાત વરસ અથવા તેથી વધારે મુદત સુધી કેદની શીક્ષા થઇ શકે એવો કોઈ ગુનોહ સબીત થાય અથ વા તેમ કરવાથી સાબીત થશે એવો સંભવછે એમ જાણ્યા છતા તો તે માણસને જે માણસની ઊપર તે ગુનોહ સાબીત થયો હેય તેને જે સંક્ષા કરવામા આવે તે શીક્ષા કરવામા આવશે.

દ્રષ્ટાંત.

એક ઇનસાફની કોરટની આગળ અ ખોટી સાહેદી આપે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી જ ની ઉપર ડાકાઇટીનો ગુનો સાબીત થાય ડાકાઇટીની શીક્ષ જીવ ધાર અથવા દસ વરસની મુદત સુધીની દંડ સાથે અથવા દંડ વીના, કેદ સમુદરપારની અથવા દંડ સાથે કે દંડ વીના કેદની સાંક્ષાને લાયક છે

ટીકા.

પોતાનુ ઘર પોતે બાળીને તે બાબત બીજાની ઊપર આરોપ મુકવો તે કલમ ૨ મુજબ ગુનો છે કલમ ૧૯૫ લાગતી નથી (કલકતા હાઇકોરટ તા૦ ૨૮ અગસ્ટ સને ૧૮

૧૯૬ કાંઈ શાહેદી ખોટીછે અથવા પુરાવો બનાવટનોછે એવુ જાણીને જે સ દુસટભાવથી તે સાહેદી અથવા પુરાવાને ખરી સાહેદી અથવા ખરા પુરાવાની માફક વાપરે અથવા વાપરવાની કોસીસ કરે તે ગુના

ખોટો પુરાવો.

...પી હોય અથવા ખોટો પુરાવો બનાવ્યો હોય એવી રીતે શીક્ષા...

ટીકા.

આ કલમ મુજબ તુહોમત રાખવામા બે વાતો બતાવવાનીછે એકતો એકે પુરાવો ખોટો અગર બનાવટને છે અને બીજુ એ કે એ પુરાવો ખોટો છે એમ જાણતા હતુ એ પક્ષકારે ખોટો પુરાવો હાજર કર્યો એટલીજ વાતથી તે શખશ તીજી ર પેતે બે ગુનાછે એટલુંજ બતાવવાનો બે તો રહેસે "એમ ઠરાવ કરવામા આવ્યો છે કે દેવાદારે એવા શાક્ષો આપીઓ કે જેણે લેણદારને પઈશા આપતા જોઆની ખોટી વાત લખાવી ત વાત દેવાદારના ઉપર બીજાને જુઠા સોગંદમાં નાખવાનુ તહેમત સાબીત કરવાને જોઈએ તેવો પુરાવો છે" (મોરવી સડાઇ જેશ્ટ એફ ઇંડીઅન કેશાસ વા. ૧ પા. ૧૨૨.)

અને એવીજ રીતે બીજા કામમા પણ હતુ જ્યાં તે પક્ષકારે વકીલની મારફત ખોટો સાક્ષી રજુ ... (મોરવી શદાઈ જેસટ ઓફ ઇનડીઅન કેસીસ વા. ૧ પાને ૧૭૧) પણ જ્યા કેદી તેના કામમા જુઠા સોગદ ખાધેલા તે વખત ફીગાર લાયક નહોતો અને જુઠા સોગંદ લેવરાવવામા સામેલ પણ માલમ પડયો નહી ને જો કે તે વખત તે હાજર હતો અને પોતાને ફાયદો પણ થયો તોપણ તેને છોડી દીધો (મોરવી સડાઈ જેસટ ઓફ ઇં. કે. વા. ૧ પા. ૧૭૩.

૧૯૭. જે સરટીફીકેટ આપવાનું અથવા જે સરટીફીકેટપર સહી કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય એવું સરટીફીકેટ, અથવા જે હકીકતના પુરાવામાં જે શરટીફીકેટ કાયદા પરમાણે લઇ સકાય તેવી કાંઈ હકીકત બાબતનું કાંઈ સરટીફીકેટ કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને અથવા એમ માનીને જે માણસ તે સરટીફીકેટ આપે અથવા તે પર સહી કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હેય એવી રીતે શીક્ષા કરવામા આવશે.

ખોટું સરટીફીકેટ આપવું અથવા તે પર સહી કરવી.

૧૯૮ એવું કાંઇ સરટીફીકેટ કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને જે માણસ ફુસટ ભાવથી તે સરટીફીકેટને ખરા સરટીફીકટની માફક વાપરે અથવા વાપરવાની કોસીસ કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે.

કાંઈ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણીતું સરટીફીકેટ ખરાની માફક વાપરવું.

૧૯૯ જે એકરાર કોઈ ઇનસાફી કોરટ અથવા કોઈ સરકારી નોકર અથવા બીજો શખસ કાંઈ હકીકતના પુરાવા દાખલ કબુલ કરવાને કાયદાથી બંધાએલો અથવા અખતીઆર પામેલો હોય એવા કોઈ એકરાર અગે જે કારણસર તે એકરાર કરવામાં અથવા વાપરવામા આવે તેને લગતી કાંઈ જરૂરની બાબત સંબંધી...

કાયદા પરમાણે પુરાવામા લેઇ સકાય એવા કોઇ એકરારમા લખેલી ખોટી હકીકત.

હોય એવી તથા ખોટી છે એવું પોતે જાણતો કે માનતો હોય એવી અથવા ખરી પોતે ન માનતો હોય એવી કાંઇ કહેણ જે માણસ તે એકરાર કરે અથવા તેની ઉપર સહીકરે તે માણસ જમે તો તે માણસને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

એવો કાંઇ ખોટો જાણેલો એકરાર ખરાની માફક વાપરવો.

૨૦૦ એવો કાંઇ એકરાર કાંઇ જરૂરની બાબતમાં ખોટો છે એમ જાણીને જે માણસ દુશટ ભાવથી તે એકરારને ખરા એકરારની માફક વાપરે અથવા વાપરવાની કોસીસ કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવસે.

ખુલાશો—જે એકરાર કરતાં કાંઇ ગેર શીરસતે વાત બની હોય તે સબબ ઉપરથીજ પુરાવામાં કબુલ નહી થઇ શકતો હોય તેને પણ ૧૯૯ મી તથા ૨૦૦ મી કલમોનો અર્થ પરમાણેનો એકરાર સમજવો.

કોઈ ગુનો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુનો થવાનો પુરાવો ઊડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી.

૨૦૧ કાંઇ ગુનોહ થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં જે માણસ તે ગુનેગારને કાયદા મુજબ થતી શીક્ષાથી બચાવવાના ઇરાદાથી તે ગુનો થવાનો કંઇ પુરાવો ઊડાવે અથવા એવા ઇરાદાથી જે માણસ પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવી કાંઇ ખબર તે ગુનાહ બાબત આપે તે માણસને અગર જે ગુનોહ થયો, એવું તે જાણતો અથવા માનતો હોય તે ગુનાહને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય તો. સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે માણસ દંડને પણ લાયક થશે અને જો તે ગુનાહને માટે જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વરસ સુધીની કેદની સીક્શા થઇ શકતી હોય તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે માણસ દંડને પણ લાયક થશે અને જો તે ગુનાને માટે દસ વરસથી ઓછી મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

ક એ જ નું ખુન કરયું છે એવું જાણીને ક ને શીક્ષાથી બચાવવાના ઇરાદાથી સંતાડવામાં બ ને અ મદદ કરે તો સાત વરસની બેમાંના ગમે તે પરકારની કેદની અને દંડને પણ અ લાયક છે.

ટીકા.

બંગાળાની હાઇકોર્ટે એમ માનવું છે કે આ કલમ બીજાએ કરેલા ગુનાનો પુરાવો ઉ

ડાવો દેવાને લાગુછે પોતે કરેલા ધુનાનો પુરાવો ઊડાવી દેવાને લાગુ નથી (રેવની એ ડ કરીમીનલ રીપોટ કલકતા સરકયુલર એંડ લેટરસ) જે શખસ ગુનો કીને ,ને પુરાવો સંતાડે તેને બે ગુનાની શીક્ષા થઈ સકે નહી (રેવનીયુ શીવાલ એંડ ક્રી. કલ. કરી. રૂલીંગઝ વા. ૩ પા ૩.

કોઈ ગુનાહ બાબત ખબર આપવાની જેની ફરજ હોય તે સખસે ઈરાદાથી ખબર આપવામાં કસુર કરેતો.

૨૦૨ જે ગુના બાબતની કાંઈ ખબર આપવાની જે માણસની કાયદા પરમાણે ફરજ હોય ને માણસ તે ગુનોહ થયોછે એવુ જાણીને અથવા એવુ માનવાનુ તેને કારણ છતા ઈરાદાથી તે ખબર આપવામા કસુર કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની સીક્ષા કરવામાં આવશે.

ટીકા.

પોલીસ અમલદારે જે ખબર પોતાના ઉપરીને કરવાની ફરજછે તે ન કરેતો સને ૧૮૬૭ ના આકટ ૭ ની કલમ ૨૬-૩૫ પોલીસ પટેલ અથવા ગામ પોલીસનો માણસ ખબર આપવામા કસુર કરે તોઉસને ૧૮૬૭ ના આકટ ૮ ની કલમ ૯.

આપઘાત કરે તે ગુનો નથી વાસતે મદદ વગે કરનારને આ કલમ લાગુ નથી મુ. હા. કો. તા૰ ૯ મે સને ૧૮૬૨.

કાંઈ ગુનો થયો હોય તેના ખોટી ખબર આપવી.

૨૦૩ કાંઇ ગુનોહ થયોછે એવુ જાણીને અથવા એવુ માનવાનુ કારણ છતા તે ગુના બાબત પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવી કાંઈ ખબર જે માણસ આપે તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બેની સીક્ષા કરવામાં આવશે.

કોઈ લેખને પુરાવા દાખલ હાજર થતો અટકાવવાને તેનો નસ કરવો.

૨૦૪ કોઈ ઇનસાફની કોરટમાં અથવા કોઇ સરકારી નોકરની આગળ તેના હોદાના જોરથી કાયદા પરમાણે ચાલતા કોઇ મુકદમામાં જે લેખ કોઈ માણસ પાશે કાયદા પ્રમાણે પુરાવા દાખલ હાજર કરાવી શકાય એવો કાંઇ લેખ તે માણસ છુપાવે અથવા તેનો નાસ કરે અથવા ઊપર લખ્યા મુજબની કોરટ કે સરકારી નોકરની આગળ પુરાવા દાખલ તે લેખ હાજર થતો અથવા વાપરતો અટકાવવાના ઇરાદાથી અથવા તે કારણસર તે લેખ હાજર કરવાનો તેને કાયદા પ્રમાણે સમન અથવા હુકમ થયા પછી તે માણસ તે આખા લેખને અથવા તેમાંના કાંઇ ભાગને ચેરી નાખે અથવા વંચાય નહી. એવો કરે તો તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પ્રકારની કેદની ...ની શીક્ષા કરવામા આવશે.

... રીતે કોઈ બીજાનો વેશ લે, અને તે વેશ લઇને કાંઈ ...

મુલાત કરે અથવા કાંઈ મજકુર કહે અથવા કાંઈ સહી કરાવે, અથવા કાંઈ હુકમ કહડાવે અથવા હા... કે બીજી તરેહનો જામીન થાય અથવા કોઈ દીવાની કે ...ની મુકદમામાં કાંઈ બીજુ કામ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની કેદમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

તહોમતવાળા શખસને દગાબાજીથી ફાયદો કે નફો થએલો આ ગુનાનુ તતવ નથી એટલા માટે જ્યાં પહેલા કેદીના ઉપર ચોથા કેદીનો વેશ લેવા... મુકયુ હતું અને ચોથા ઉપર પેહેલાને વેશ લેવામા મદદગારી કરવાનુ તહોમત મુકયું હતું ત્યાં ગુનો સાબીત થયાનો ઠરાવ બાહાલ રાખીઓ હતો 'મદ્રાસ હાઈકોરટ વા. ૧ પાનુ ૪૫૦) પણ મદ્રાસ હાઈકોરટે હમણા એ ઠરાવને અનુસરીને ચાલવા ના પાડીછે • તેઓ કહેછે કે ફોજદારી કાયદાની કલમ ૨૦૫ મુજબ ખોટો વેશ લેવાનો ગુનો થવાને એક ખોટું નામ ધારણ કરયુંછે એટલુજ બતાવવાનું બસ નથી હમે ધારીએ છીએ કે તેમાં એમ પણ દેખાડવુ જોઇએ કે એ ધારણ કરેલુ નામ કાંઈ બીજા શખસમાં ખોટી રીતે ... ના સાધન તરીકે વપરાવુ જોઇએ ફક્ત ધારણ કરેલા નામનો ઉપીઓગ બાજુ કાંઈ ... ન હોયતો ગુનો નથી એ ગુનો ક્યારે થાય કે જ્યારે બીજા કાંઈ કામ, અથવા ચાલની ... થે સાથે તેનો સંબંધ હોય ત્યારે અને ૨૦૫ મી કલમ મુજબ ખોટો વેશ લેવાના... નાની મતલબ હમારી ધારણા પ્રમાણે બીજો જણાવેલો શખસનું એવો ઢોંગ કરવો (મ... હા. કો. વા. ૪ પા. ૧૮).

૨૦૬ જો કોઇ માણસ કાંઇ મીલકત અથવા તે માંહેનો કાંઇ હક દગલ બાજીથી ... કુથે ખસેડે કે છુપાવે અથવા કોઈ શખસના નામ ઉપર ... ડાને કે કોઇને સનાધીન કરે એવા ઇરાદાથી કે તેમ કરવાથી ... ઇ ઇનસાફની કોરટે અથવા બીજા મુખતીઆર અધીકારી... કાંઇ શીક્ષાનો હુકમ કરયો હોય અથવા કાંઇ હુકમ તે કર... એવો સંભવછે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજ...

> કોઇ મીલકત સરકાર જપત થતી અથવા હુકમના મુ બજાવવામાં નાતી અટકાવવા સરૂ તે મીલકત દગલબાજીથી ખસેડવી અથવા છુપાવવી.

બ તે મીલકત અથવા તે માંહેલો હક સરકાર જપત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે અથવા કોઇ ઇનસાફની કોરટે કોઈ દીવાની મુકદમામાં કાંઈ હુકમનામુ અથવા હુકમ કરયો હોય અથવા કાંઈ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવછે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની કેદમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવમા આવશે.

ટીકા

ડી હોય તે ખદ્દાનતથી ખસેડી એવુ' સાબીત થવુ જોઈએ.
૨૮ વી. રી. ૬૫. હુકમનામુ ન બજે એવા હેતુથી મીલકત છુપાવવામાં આવે તો ગુ ન્હો થાયછે ગુદ ચ'દરનકરબુતો, વીરૂધ કરીશન મોહનસીંગ ૨ બે. લા. રી. પા. ૪ (સ્પેશીઅલ ન'બર.)

૨૦૭ ફલાણી મીલકત અથવા તે માંહેલા ફલાણા હક ઉપર મારો કાંઈ હક અથવા વાજબી દાવો નથી એવુ જાણીને જે માણુસ દગલબાજીથી તે મીલકત અથવા તે માંહેલો તે હક કબુલ કરે અથવા લે, અથવા તેનો દાવો કરે અથવા જે માણુસ કોઈ મીલકત અથવા તે માંહેલો કાંઈ હકપરના કાંઈ હક બાબત કોઈ તરેહની ઠગબાજી કરે, એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઈ ઈનસાફની કોરટે અથવા બીજા મુખ્તીઆર અધીકારીએ કાંઈ શીક્ષાનો હુકમ કરયો હોય અથવા કાંઈ હુકમ તે કરશે એવો સ'ભવછે એમ તે માણુસ જાણુતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે માહેલો તે હક સરકાર જપત થતો અથવા દ'ડને પેટે વસુલ થતો અટકે અથવા કાંઈ ઈનસાફની કોરટે કાંઈ દીવાની મુકદમામાં કોઈ હુકમનામુ અથવા હુકમ કરયો હોય અથવા કાંઈ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સ'ભવછે એમ તે માણુસ જાણુતો હોય તે હુકમનામુ અથવા હુકમ બજાવવામાં તે મીલકત અથવા તે માહેલો તે હક લેવાતો અટકે તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દ'ડની અથવા એ બ'નેની શીક્ષા કરવામું આવશે.

કાંઈ મીલકત સરકાર જપત થતી અથવા હુકમનામુ બજાવવામા લેવાતી અટકાવવા સારૂ દગલબાજીથી તે મીલકતપર દાવો કરવો.

૨૦૮ કોઈ શખ્સે ફરીઆદી કરયા ઉપરથી જે રકમ લેણી ન હોય તે રકમને માટે અથવા તે શખ્સને જેટલી રકમ દેવી હોય તે કરતાં વધારે રકમને શારૂ અથવા જે મીલકત પર કે તેના જે હકપર તે શખ્સનુ કાંઈ પહોંચતુ ન હોય એવી મીલકતને સારૂ અથવા એવા હકને સારૂ જે માણુસ દગલબાજીથી પોતાની ઊપર કઈ હુકમનામુ કે હુકમ કરાવે અથવા થવા દે અથવા કાંઈ હુકમનામુ કે હુકમ પુરો થયા પછી અથવા જે વસતુ સ'બ'ધી તે પુરો થયો હોય તે વસતુ સબ'ધી જે માણસ દગલબાજીથી પોતાની ઊપર તે હુકમનામુ કે હુકમ બજવાવે અથવા બજવાદે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દ'ડની અથવા એ બ'નેની શીક્ષા કરવામાં આવશે.

જે રકમ લેણી નથી તે ને સારૂ દગલબાજીથી હુકમનામુ થવા દેવુ.

દ્રષ્ટાંત.

અ જ ની ઊપર એક ફરીઆદી કરે અ નુ મારી ઉપર હુકમનામુ થશે એવો સ'ભવછે એમ જાણીને જ જેનો જ ની ઊપર કઈ વાજબી દાવા નથી તેણે ફરીયાદી કરે

થી વધારે રકમનુ હુકમનામુ જ દગલબાજીથી પોતાની ઉપર થવા દે
ના હુકમનામાનો રૂઇએ જ ની મોલકતનુ જે વેચાણ થાય તેમાંથી જે
જે તેમા ન પોતાને હીસ્સે અથવા જ ના ફાયદાને સરૂ ભેગો ભળે તો આ
મુજબ જ એ ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.

કોઈ લેણદારને હરકત કરવા નહી પણ નીશકપટપણે કોઇ હીંદુ પોતાની મીલકત કોઇને બક્ષીસ કરી દે તો આ કલમ પરમાણે તેણે ગુનહો કરયો કહેવાય નહી ૪ મ. હા. રી. પં. ૮૪.

કોઈ ઈનસાફની કોરટમાં બદદાનતથા ખોટો દાવો કરવો.	૨૦૯ જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી અથવા કોઈ શખ્શને નુકશાન કરવાનો કે દુખ આપવાના ઈરાદાથી કઈ દાવો ખો છે એમ જાણીને કોઇ ઈનસાફની કોરટમાં તે દાવો માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે

રનો કેદનો શીક્ષા કરનામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

બજી ગએલુ હુકમનામુ ફરી બજાવવા અરજ કરેતો કલમ ૨૧૦ પરમાણે થાય આ કલમ જે કોઈ ઈનસાફી કોરટમા ખોટો અથવા કપટવાળો દાવો કરે તેને ગુ પડે છે અને તે દાવાનો કોરટ જ્યા મુળ દાવો દાખલ થયો હોય તેનેજ લાગુ શાણી વી. બેગમ મેહેતુમ કો. ઈ. ડા. પા. ૩૩૭.

જે રકમ લેહેણી ન હોય તેને સારૂ દગલબાજીથા હુકમનામુ કરાવી લેવું.	૨૧૦ જે રકમ લેણી ન હોય તે રકમને સરૂ અથવા લેહેણી હોય તે વધારે રકમને સારૂ અથવા જે મોલકત ઉપર કે તેમાંના હક ઊપર પોતાનુ કઈ પોહોચતુ ન હોય એવી મોલકતને સરૂ અથવા એવા હકને સરૂ જે માણસ દગલબાજીથી કો

ઈ શખ્સનો ઉપર કઈ હુકમનામુ કે હુકમ કરાવી લે અથવા કંઈ હુકમનામુ કે હુકમ પુરો થયા પછી અથવા જે વસતુ સબંધી તે પુરો થયો હોય તે સબંધી જે માણસ દગલબાજીથી કોઈ શખ્સની ઉપર તે હુકમનામુ કે હુકમ બજાવાવે અથવા દગલબાજી થી એવુ કઈ કામ પોતાને નામે થવા દે અથવા કરવાની રજા આપે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બન્ને ની સંક્ષા કરવામાં આવશે.

નુકશાન કરવાના ઇરાદા થી મુકવું ગુનાહનુ ખોટુ તોહમત.	૨૧૧ જો કોઈ માણસ કોઈ સખ્સને નુકશાન કરવાના ઈરાદાથી તે સખ્શની ઉપર કાઈ ફોજદારી કરે અથવા કરાવે, અથવા કોઈ શખ્સ ની ઉપર કઈ ગુનોહ કરયાનુ ખોટુ તહોમત મુકે અને તે એવુ જાણીને કે તે શખ્શની ઉપર તે ફોજદારી કરવા અથ

વા જે તહોમત મુકવાનું કંઈ વાજબી અથવા કાયદા મુજબ કારણ નથી તો તે માણ સને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને અગર તે ફોજદારી કરે તેવા કોઈ ગુનાહનાં ખોટાં તહોમતપરથી કરે તો તે ગુનાહને માટે મેતની અથવા જીવતાં સુધી સમુદરપારની અથવા સાત વરસની કે તેથી વધારે મુદતની કેદની શીક્શા થઈ શકતી હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

એ તહોમત ખોટું છે એ બબતનું જાણપણું માણસે અલબત દરેક મુકદમાની બીના ઉપરથી અનુમાન કરવુ જોઈએ પણ એ અનુમાન તહોમત મુકતી વખતે જે હકીકત જણાવેલી હોય અથવા ધરાએલા હોય તે ઊપરથી બધવું જોઈએ પુરી તજવીજ કરયાથી જે જાણવામા આવે તે ઊપરથી થવુ ન જોઈએ અને એ પ્રમાણે ખોટું તહોમત મુકવાના તહોમતવાળા શખસને જે ખબર ઉપરથી તેણે તેમ કરયું હોય તે ખબર તથા તહોમતવાળા શખસ વીરૂધ જે ગપ અથવા વેહેમ ચાલતો હોય તે બતાવવા દેવો જોઈએ અલબત એ કાંઈ એનો ગુનો સાબીત કરવાને નહી પણ પોતે ખુશીપુરવક આ લોછે એમ બતાવવાને (મુ. હા. વા. ૩ પા. ૧૬). જે શક્ષના ઉપર શરસ્ટી કરમ વીરૂધ ગુનોહ કરયાનુ તહોમત સાબીત થયુ હોય તે માણસને જો તે પહેલાં તેનો તેજ ગુનોહ સાબીત થયો હોય તો ફટકાની પણ સજા થઈ સકે (સને ૧૮૬૪ નો આક્ટ ૬ ક. ૪). આ કલમમાં કેદ તથા દંડ બને છે વાસતે એકલો દંડ કરયો તેથી ફરી તજવીજને મો કલ્યું. મુ હા. તા. ૫ અગસટ સને ૧૮૬૩.) ખોટી ફરીઆદ કેવી રાતની હતી તે ઠરાવમાં તથા મંથલી કેલેનડરમાં લખવુ જોઈએ (મુ. હા. તા. ૪ નવેમબર સને ૧૮૭૩ અવેજ લઈ પોચ ઉપર ટીકીટ ચોડી આપતો નથી તેથી પીનલકોડ પરમાણે ગુનો નથી ને તે બારૂ ટીકીટ ચોડી રસીદ આપવા ના કબુલ કરે તેને વાસતે ખોટી ફરીઆદ કરી તે બાબત કલમ ૨૧૧ પરમાણેનુ તહોમત ચાલે નહી (મુ. હા. તા૦ ૧૩ નવેમબર સને ૧૮૬૩). જે માણસના ઉપર કેદીએ તહોમત મુક્યું છે તેમાં કેદી જે ખબર ઊપર ચાલીઓ હોય તે તેને બતાવવા દેવી જોઈએ વળી જયારે તેણે તહોમત મુકયું તારે તે ખોટું અને અપુરણછે એવુ કેદી જાણતો હતો એમ સાબેત થવુ જોઈએ ફકત કેદીએ મુકેલા તહોમતની વાતજ ખોટી અને અપુરણ છે એટલુંજ કહયાથી ગુનો સાબીત ગણાય નહી મુ. હા. કો. તા. ૨૦ જુન શને ૧૮૬૬ વા. ૩ પા. ૧૬). આ ગુનો સ્થાપ.ત થવા માટે કોરટમા આવી ખોટું તહોમત મુકયું એ પુરતુછે. કરેલી ફરીઆદ ઊપરથી તે બાબતનુ કામ ચાલેલું ન હોય તે માટે હરકત નથી ૧ ઈ. લા. રી. (અલહાબાદ). પા. ૪૯૭. તહોમતદારે જે કારણથી ફરીઆદ કરી તે કારણ વાજબી નથી એવુ તે જાણતો હતો એ પુરતુ છે રાણી વા. ચંડા કો. ૪. પા. ૨૫૦ પોતે બે

ત્તાનુ ઘર બાળી બીજા શખ્સ ઉપર તે બાળવાનુ તહોમત લાવે તો તેણે આ કલમ પરમાણે ગુનો કરયો કહેવાય. ક્રો. ઈ. ડા. પા. ૨૫૦. પોલીસથી તપાસ થઈ શકે ગુનાહની ફરીઆદ કોઈ કરે અને પોલીસ એ બાબત તપાસ કરે પાછળથી એ ગુનોહ તેણે કરયો ન હોયે એવુ જણાય તો ફરીઆદી ઉપર આ તહોમત આવે ક્રો. ઈ. ડા. ૩૫૦. આ કલમની બીજી રકમ પરમાણે તહોમતદારને એકલા દંડની સજા થાય નહી. ૧ મુ. હા. રી. પા. ૨૪. અમલદાર કોઈને ઇજા કરવા માટે ખોટુ તહોમત મુકે તો તેને પણ આ કલમ પરમાં સજા થાય. ૧૧ વી. રી. પા. ૨. કરેલો ફરીઆદ ખોટી ઠરી ગુનેગારને છોડી મુકવાં આવે એટલા ઉપરથી ફરીઆદીએ ખોટી ખબર આપી એવુ થતુ નથી આ કલમ અરથ પરમાણે એ તહોમત બદદાનતથી મુકયુ હોય. ઇજા કરવા મુકયુ હોય એવુ તહો ત મુકવા કાંઈ વાજબી કે કાયદેશર કરણ નહોતુ એવુ શાબીત થાય તીયારે ખોટી ફરી દ કરી કહેવાય (ફરી. ૫. ૧૫૫)માત્ર અરજી આપે પણ ફોજદારી રીતે કામ વવામાટે તેમાં અરજ કરવામા ન અવે તો એ અરજીમા ખોટુ તહોમત મુકવા જે હકીકત હોવાથી ખોટી ફરીઆદકરી એમ થતુ નથી ૩ અ. હા. રી. પ્ર. સને ૧૮

એક પોલીસ અમલદારે માજીસતરેટને એવો રીપોટ કરયો કે મારી પાસે ક જણે ચોરી થયાની ફરીઆદ કરી પણ તે ફરીઆદ ખોટીછે આથી માજીસ ખોટી ફરીઆદ કરવાનુ કામ ચલાવવા ફરમાવ્યું તેમા ઠરાવવામાં આવ્યું કે પરથમ જીસટરેટે ચોરીનું કામ ચલાવવુ જોઇએ ૧૬ વી. રી. પા. ૭૭. મુળ ખોટુ તહો મુકતી વખતે જેણે શાક્ષી આપી હોય તેને એ ખોટા તહોમતના કામમાં મદદગાર વો નહી જોઇએ (મેન પા. ૧૮૨). કયુ ખોટું તહોમત મુકયું તે ફેસલામાં જણાવ જોઇએ તથા કયાલંડરમાં પણ તે આવવું જોઇએ ૧ મુ. હા. રી. પા. ૮૭. મળે ખબર ઉપરથી ફરીઆદ કરી હોય તે ના શાબીત થાય તેથી ખોટું તહોમત મુકયું નથી. મળેલી ખબર ખરી માનવાને તેને કારણ હોયતો પછી ફરીઆદ નીશફળ તો હરકત નથી. આ કલમમા ગુનોહ છે તે ખોટી ખબર જાણ્યા છતા ફરીઆદ કરે ગુનહો ગણે છે. ૩ મ. ા. રી. પા. ૧૬ (ફોજ). જે કામમા ખોટું તહોમત મુકવાનુ હેવામાં આવતુ હોય તે કામ ખોટી ખબર આપવાનુ કામ ચાલે તાયારે ચાલતુ હોવુ જોઇએ. ફેંસલો થઈ ગએલો હોવો જોઇએ. ૧ ઈ. લા. રી. (અલહાબાદ) પા. ૫

૨૧૨. કઈ ગુનોહ થયો હોય, અને ફલાણો શખસ તે ગુનાહનો કરનાર છે,

કોઈ ગુનેગારને ઘરમા રાખવો.

જે માણસ જાણતો હોય, અથવા એવું માનાવાનું જેને ણ હોય, તે માણસ જો તે સખસને કાયદા પરમાણે શીક્ષાથી બચાવવાને ઘરમા રાખે અથવા કેથાં શંતાડે, તો અગર તે ગુનાહને મોતની શીક્ષા થઈ શકતી હોય, તો તે માણસને પાંચ વરસની મુદત સુધીનો

તે શી ... તાં. ... નો જીવતાં મુ ... દરપારનો અથવા શીક્ષા જોગ હો

ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે. અને તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાહને ... જીવતાં સુધી સમુદરપારની; કે દશ વરસ સુધીની કેદની શી ... ક્ષા થઈ શકતી હોય, તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામા આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગ ... ગુનાહને માટે દશ વરસ સુધીની નહી પણ એક વરસ સુધીની કેદની સીક્ષા થ ... તી હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકરની તથા તે ગુનાહને ... કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેનો પા મુદત સુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

• અપવાદ—ગુનેહગરના વરથી અથવા ગુનેહગરની વહુથી ગુનેહગારને ઘરમં રાખવા કે સંતાડવાનું કામ થયું હોય, તો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

બ એ ડાકાઇટીનો ગુનાહ કર્યો છે એમ જાણીને કાયદા પરમાણે થતી શીક્ષાથી બ ને બચાવવાના હેતુથી અ બ ને જાણી બુઝીને સંતાડે તો બે ઠેકાણે બ જીવતા સુધી સમુદરપાર થવાને લાયક છે માટે અ તરણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદને લાયક છે અને વળી તે દંડને પણ લાયક છે.

ટીકા.

આ કલમના અપવાદથી જાણવામા આવશે કે ગુનેહગરની બાયડી ઉપર આ કલમ પ્રમાણેનું તહોમત લાવી શકાય નહી. કેમકે બાયડી ધણીનો બીકે છુપાવે છે એવું કાયદો માને છે. બાયડીને લાભ મળે પણ ધણીને, છોકરાને અને બીજા કોઇને લાભ મળતો નથી. આ. પ્ર. ૧૦૨૮. બાઇડીને આ અપવાદનો લાભ મળે એટલા માટે તે તહોમતદારની કાયદેસર ઓરત છે એવું સાબીત થવું જોઇએ, મો. માર્ટીન કહે છે કે સ્ત્રી પુરૂષ સથે રહેતા હોય તો આ અપવાદનો લાભ સ્ત્રીને મળે (જુઓ [તેના ફોજદારી પુરાવનું પુસ્તક પ્ર. ૧૭).

૨૧૩. પેતે કાંઈ ગુનાહ છુપાવવાના, અથવા કાંઈ ગુનાહની કાયદેશર સીક્ષાથી કેઈ

કાંઈ ગુનેહગરને સીક્ષાથી બચાવવાને બક્ષીસ વગેરે લેવી.

સખ્સને પોતે બચાવવાના અથવા કાયદેસર શીક્ષાએ પોહોચાડવાનિ કોઈ સખ્સની ઉપર પોતે કાંઈ મુકરદમો નહી ચલાવવાના બદલામા જે મણુસ પોતને વાસતે અથવા કોઈ બીજા શખ્શને વાસતે કાંઈ અવેજ કબુલ કરે, અથવા મેળવવાની કોશીશ કરે અથવા કબુલ કરવાની હા કહે, અથવા કાઇ મીલકત પોતે અથવા બીજાની વતી પાંછો લે, અથવા પાછો મેળવવાની કોશીશ કરે, અથવા પાછી લેવાની હા કહે તે માણસને ...

...ને માટે મોતનો સીક્ષા થઈ સકતી હોય તો સત વરસનો મુદત સુધીની

તે ગુનાહ જો દેહાન્ત શીક્ષા જોગ હોય તો.

ના ગમે તે પરકારની કેદનો શીક્ષા કરવામ આવશે વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુંનાહને

તેગુનાહ જો જીવતા સુધીસ મુદરપારના અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

માટે જીવતા સુધી સમુદરપારનો અથવા દશ વરસ સુધીની કેદનો શીક્ષા થઈ શકતી હોય, તે તે માણસને તરણ વરસની મુદત સુધીની એમના ગમે તે પરકારની કેદનો શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર તે ગુનહાને માટે દસ વરસ સુધીની કેદની શીક્ષા નહી થઇ શકતી હોય તો તે માણસને તે ગુનહને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડનો અથવા એ બનેનો શીક્ષા કરવામા આવશે.

કોઈ ગુનેગારને બચાવવાના બદલામાં કાંઈ બક્ષીશ આપવી અથવા મીલકત પાછી આપવી.

૨૧૪ કોઈ સખસ કઇ ગુનો છુપવે તેના અથવા તે કંઈ ગુનાહની કાયદેશર શીક્ષાથી કોઈ શખસને બચાવે તેના અથવા કાયદેસર સીક્ષા પહોચાડવાને કોઈ શખશની ઊપર તે કઈ મુકદમો નહી લાવે તેના બદલામાં જે માણસ તે શખસને કાંઈ આપે અથવા બદલો વાળે અથવા અવેજ આપવાનુ કે લો વાળવાનું કહે અથવા કબુલ કરે અથવા કઈ મીલકત તે શખસને પાછી આપવાનુ અથવા અપાવવાનું કહે અથવા કબુલ કરે તે માણસને અગર તે ગુનાહને માટે મોતની શીક્ષા જો થઈ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુનાને માઠે જીવતાં સુધી સમુદરપારની અથવા દશ વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોયતો તે માણસને તરણ વરસની મુદત સુધીની એમ ના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામા આવશે અને વળી દંડને પણ લાયક થશે અને અગર તે ગુનાહને માટે દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા નહી થઈ શકતી હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાહને માટે કેદના ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીના કેદની અથવા દંડનો અથવા એ બનેનો શીક્ષા કરવામાં આવશે.

તે ગુનો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

તે ગુનેહ જો જીવતાં સુધી સમુદરપારનો અથવા કેદની શીક્ષા જોગ હોયતો.

અપવાદ—જે બાબતમાં થએલો ગુનેહ ગુનેગારના ઈરાદા સાથે નીસબત નરાખતું ફકત તેનું કઈ કામ કાજ હોય અને જે કામને માટે જેને નુકશાન થયુ હોય તે શખશ દીવાનીમા ફરીયાદ કરી સકતો હોય તે એવો કોઈપણ બાબતને ૨૧૩ ૨૧૪ મી કલમો ...ઠરાવેને લાગુ પડતા નથી.

દ્રષ્ટાંત.

(અ) ખુન કરવાના ઈરાદાથી અ ચ ની ઊપર હુમલો કરે તો એ ...

]

સાથે નીસબત નહી રાખતો ફકત હુમલો નથી માટે
થતો નથી અને તે કારણને લીધે તે માંડી વળાય નહી.
ની ઊપર હુમલો કરેતો એ ઠેકાણે ગુનોહ જેછે તે ગુનેગારના
નીસબત ન રાખવુ ફકત કામછે અને તે હુમલાને માટે ब દીવાનીમા ફરીઆદ
શકેછે માટે તે આ અપવાદમા દાખલ થાયછે અને તે માંડી વળાયછે.

(क) अ પોતાનો વર કે પોતાની વહુ હયાત છતાં બીજી વહુ કે બીજો વર કરી
ગુનોહ કરે તો એ ગુનાહ બાબત દીવાનીમા ફરીઆદ થઈ શકતી નથી માટે તે
વળાય નહી.

(ड) ब એક ધણીવાળી અસતરીની જોડે છીનાળુ કરે તો તે ગુનહો માંડી

ટીકા.

૧૪૩, ૧૫૧, ૧૫૩ નો બીજો ભાગ, ૧૫૪, ૧૫૫,
૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭ નો પહેલો
૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૨૦૨, ૨૨૮,
૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૨, ૨૮૩, ૨૮૪,
૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૩૩૪, ૩૩૬,
૩૫૮, ૪૨૬, ૪૮૭, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૫૧૦, બાબતના કામમા રા
છે. ક્રી. ક. ૪ અને ૧૪૮. બુધી પુરવક મહાવ્યથા કરયાની
ગુનહો માહે માંડી વળાય નહી. ૭ અ. હા. રી. પ્ર. ૩૦૨ બુધી પુરવક
કરયાનો ગુહહો માહોમાંહે માંડીવાળી શકાય ૧૦ મું. હા. રી. પ્ર.
મનુષય હરણનું તહોમત પાછું ખેંચી લઈ શકાય છે. ૨૨ વી. રી. પ્ર.
છીનાળનો ગુહો મહો મહે માંડી વાળી શકાય છે એવું આ કલમના
દરસાંતથી જણાય છે. પરંતુ હાલ એવો ઠરાવ થયો છે કે છીનાળાનો કેશ સેશન
થાય ત્યા સજા થાય તો પછી અપીલ વખતે મહો માંહે માંડી વાળી શકાય નહી
લા. રી. (અલાહબાદ) પ્ર. ૩૨૯. "બુધી પુરવક," ઈરાદા પુરવક," "કપટથી"
"બદદાનતથી" એ અથવા એવી વાખ્યા જે ગુનહાની હોય તે બ બતની ફરીઆ
માંડી વાળી શકાય ની અને તેથી બુધી પુરવક મહાવ્યથા કરયાનું તહેમત માહો
માંડી વાળી શકાય નહી. ૧ ઈં. લા. રી. (મુંબઈ) પ્ર. ૧૪૭.

શખશની પાસેથી તે શખસની કંઈ જંગમ મીલકત આ કાયદાથી
શીક્ષા થઈ શકે એવા કંઇ ગુનાથી ગઈ હોય તે શખસને
પાછી | તે મીલકત પાછી મળવામા મદદ કરવાના બાનાથી અથવા
વા સા | મદદ કરવા સરૂ જે માણસ કંઈ અવેજ લે અથવા લેવા
ની વા | ને હા કહે અથવા કબુલ કરે તે જો તે ગુનેગારને પકડાવ

મ તથા તેની ઊપર તે ગુનોહ સાબીત કરવાને પોતાથી બનતા સઘળા
નલગાડે તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની
બન્ન દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જે ગુનેગાર કેદમ થી ના હોય અથવા જેને પ કડવાનો હુકમ થયેલો હો ને ગુનેગારને ઘરમા રા ખવો.

૨૧૬ કોઈ શખ્સની ઉપર કાંઈ ગુનો સાબીત થયો હોય, અથવા કાંઈ ગુનાનું તહોમત મુકાયું હોય અને તે ગુનાને સારૂ તે શખ્સ કાય દેશર કેદમા હોય તે શખ્સ જો તે કેદમાંથી નાશી જાય અથવા કોઈ સરકારી નોકર પોતાના સરકારી હોદાને કાયદે સર અખ્તીઆર અમલમાં લાવતાં કોઈ સખ્સને કાંઈ ગુનાને માટે પકડવાનો હુકમ કરે તારે જે માણુશ તે નાશી જવાની અથવા પકડવાના હુકમની વાત જાણ્યા છતાં તે શખ્સને પકડાતો અટકાવવાના ઇરાદાથી તેને ઘરમાં રાખે અથવા કયાં સંતાડે તે માણુસને નીચે મુજબ શીક્ષા કરવામાં આવશેઃ—. એટલે. જે ગુનાહને માટે તે શખ્સ કેદમા હતો અથવા તેને પકડવાનો હુકમ કરયો હોય ને ગુનાને માટે જો મોતની શીક્ષા થઈ શકતી હોય તો તે માણસને શાત વરસની મુદત સુધી

તે ગુનો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

ની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને તે ગુનાહને માટે જો જીવતા સુધી સમુદરપારની અથવા દશ વરસ સુધી કેદની શીક્ષા થઇ શકતી હોય

જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શીક્ષાજોગ હોયતો.

તો તે માણસને તરણ વરશની મુદત સુધીની
તે પરકારની કેદની શીક્ષા દંડ સાથે અથવા દં
વામાં આવશે અને તે ગુનાને માટે દશ વરસ
પણ એક વરસ શુધીની સીક્ષા થઈ શકતી હોય તો તે માણસને તે ગુના
વેના પરકારના તથા તે ગુનાને માટે કેદની ઘણામંઘણી જે મુદત ઠરાવેલી
પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં

અપવાદ—જે માણુશને પકડવું હોય તેના વરથી અથવા તેની વહુથી
ને ઘરમ રાખવા કે શંતાડવાનું કામ થયું હોય તો તે બાબતને આ ઠરા
લો નથી.

૨૧૭ કોઈ માણુસ સરકારી નોકર હોય તેણે પોતાના સરકારી હોદાના

કોઈ સખ્સને શીક્ષાથીઅથવા કઇ માલકતને સરકાર જપત થતી બચાવવાના ઇરાદાથી જે સરકારી નોકર કાયદાનો હુકમ ન માને તેને શીક્ષા.

ચાલવું એ બાબતનો કંઈ કાયદાનો હુકમ અગર તે માણુસ
જાણી બુઝીને ન માને એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ
સખ્સ કાયદેસર શીક્ષથી બચે અથવા જે શીક્ષાને તે લા
યક તેથી તેને ઓછી શીક્ષા થાય અથવા માહારા તેમ ક
વાથી તે શીક્ષાથી બચશે. અથવા તેને ઓછી
એવો સંભવ છે એમ જાણ્યા છતા તો અથવા એવા ઇરાદથી કે તેમ કરવા
લકતને સરકાર જપત થતી અથવા કંઈ રૂપીઆ તેમાથી કાયદા મુજબ

બચાધો તે બચી જાય અથવા બચી જશે એવો સંભવ છે એમ જાણી
માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અ
વા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

ડાનો હીસાબ રાખનાર અને ગામડાના મુનસફના સીપાઈઓ હુકમ ન માને
ઉપર આ કલમ પરમાણે કામ ચાલી શકે નહી ૧. ઈ. લા. ૨૦. (મદરાસ)
એક તોહોમતદાર ઉપર આ કલમ પ્રમાણે તહોમત મુકવામા આવ્યું પણ
એ તેહોમતમા કાયદાનો શું હુકમ હતો અને તે તેણે કેવી રીતે ન માનો તે ખુલી રીતે બતાવ્યું નહોતું તેમા ઠરાવવામા આવ્યું કે તેહોમતદાર ઉપર આ પ્રમાણે અધુરૂ તેહોમત મુકવામા આવ્યું હોય તારે અપીલ વખતે ફરીઆદીનું કામ તોહોમતદારનો ઈનસાફ થતી વખતે જે સમજવામા આવ્યું હોય તે હદમાજ રહેવાનું છે ૪ લા. રી. (મુંબાઈ) પ. ૧૪૨.

સરકારી નોકર કેઈ સખસને શીક્ષાથી અથવા કાઈ મીલકતને સરકારજપત થવાથી બચાવવાના ઈરાદાથી કાંઈખોટું દફતરઅથવાલખાણબનાવેતે બાબત

૨૧૮ કોઈ માણસ સરકારી નોકર હોય અને તેના સરકારી હોદા સર તેને કાંઈ દફતર અથવા બીજુ લખાણ તઈયાર કરવાનું કામ સોપયું હોય તે માણસ જો તે દફતર અથવા લખાણ જે રીતે ખોટું છે એવું તે જાણતો હોય. તેવી રીતે તઈઆર કરે. એવા ઈરાદાથી કે તે લોકને અથવા કોઈ સખસને ટોટો અથવા નુંકશાન થાય, અથવા ટોટો કે નુંકશાન થશે. એવો સંભવ છે એમં જાણીને અથવા એવા ઈરાદાથી કે તેથી કોઈ સખસને કાયદેસર સીક્ષાથી બચાવવો. અથવા તેથી કોઈ સખસ કાયદેસર શીક્ષ થી બચશે એવો સંભવછે એમ જાણીને અથવા તેથી કાંઈ મેલકત સરકાર જપત થની અથવા કઈ રૂપીઆ તેમથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપનાથી તે બચી જાય, અથવા તે બચી જશે એવો સંભવ છે એમ જાણીને તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બ નેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

કેઈ પુલકરણી પોતાના ગામમાં બનેલા ગુનાહ વીશે ઈરાદા વગેરેથી ખોટો રીપોટ કરે તો તેણે આ કલમ વીરૂધ ગુનહો કરયો ગણાય. ૭. મુ. હા. રી. પ્ર. ૬૪)ફોજદારી.) તોહોમતદારનો એવું કરવા ઈરાદો શું હતો તે મુખ્ય તપાસવાની બાબત છે. ૮. વી. રી. પ્ર. ૨૭.

કંઈ ઈનસાફી મુકદમા મ કે પોતે કાયદા વીરૂધછેએમ જાણતો હોય એવો હુકમ રીપોટવગેરે કેઈસરકારી નોકર કરે તે બાબત.

૨૧૯ કોઈ માણસ સરકારી નોકર છતા લાંચ લઈને અથવા દવેશબુતીથી કઈ ઈનસાફી મુકદમાના કોઈ પણ ભાગમા કાંઈ રીપોટ, હુકમ ફેંસલો. અથવા ઠરાવ કરે કે સંભળાવે એવો કે તે કાયદાથી વીરૂધ છે એમ તે માણસ પોતે જાણતો હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની

કેદની અથવા ડંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

જે સખસને અખતીયાર હોય તે સખસ હું કાયદા થી વીરૂધ ચલુછું એમજા ણીને કોઇને તેના ઈનીસા ફ થવા સરૂ કમીટ કરે, અથવા કેદમા મોકલે તે બાબત.

૨૨૦ કોઈ માણુસનો ઓધો એવો તરેહનો હોય કે તેથી કોઈ સખસોને તેઓના ઇ નસાફ થવા સારૂ કમીટ કરવાનો અથવા તેઓને કેદમાં મોકલ વાનો અથવા કોઈ સખસેમે કેદમા રાખવાનો તેને કાયદેસર અખતીઆર મળો હોય તે માણુસ તે અખતીઆર અમ લમાં લાવતા લાંચ લઈને અથવા દવેશબુધીથી જો કોઈ સખસને તેનો ઈનસાફ થવા સારૂ કમીટ કરે અથવા કેદમા મોકલે અથવા કોઈ શખસને કેદમા રાખે અને તે એમ જાણતો હો ય કે આમ કરવામાં હું કાયદાથી ઉલટો ચાલુ છું તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

દીવાની કામદાર હસેનો સને ૧૮૨૭ નો કાયદો બે કલમ ૩૬ રકમ ૧ જુઓ.

યોગીય અને વ્યાજબી ફરીઆદ કીંવા શક કેહેને ગણુવો તે દરેક કેસની કફીઅત ઉપર આધાર રાખે છે પકડેલા સખસ ઉપર શક આવે એવો કાંઈ વ્યાજબી આધાર હોવો જોઇએ કોઈ પોલીસ અમલદાર પોતાની મરજી પ્રમાણે કોઈ સખસને પકડી કમીટ કરેતો આ કલમ પરમાણે સજા થાય. ૭. વી. રી પ્ર. ૩. કાયદા વીરૂધ કેદ કરવાના પુરાવથી તેહોમતદારનો દવેશ સાબીત થતો નથી અને તેટલા મટેજ કેદીને આ કલમ પ્રમાણે સજા થાય નહીં આ કલમ અધીકારનો ખોટો ઉપયોગ કરી જાણી જોઈને કાંઈ કાયદા વીરૂધ કરત કરયું હોય તેને લાગુ પડે છે ૯. હા. રી. પ્ર. ૩૪૬.

જે સરકારી નોકરનો કાયદા મુજબ કોઇને પકડવા ની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઈરા દાથી કસુર કરેતે બાબત

૨૨૧ કોઈ માણુસ સરકારી નોકર હોય, અને કોઈ સખસનો ઉપર કાંઈ ગુનાહનું તોહોમત મુકાએલું હોય તેને અથવા કંઇ ગુનાને માટે પક ડવા જોગ હોય એવા કોઈ સખસને પકડવા અથવા કેદમાં રાખવાની તે માણુસનો પોતાના સરકારી ઓહદાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે માણુસ અગર તે સખસને પક ડવામા ઈરાદાથી કસુર કરે, અથવા ઈરાદાથી તે સખસને નાશી જવા દે અથવા તે સખસને તે કેદમથી નાશી જવામાં અથવા નાશી જવાની કોશીસ કરવામા ઈરાદાથી સહાય કરે, તે માણુસને નીચે પ્રમાણે શીક્ષા કરવામા આવશે એટલે:—

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખશનો ઊપર મોતની

શીક્ષા

શીક્ષા થઈ શકે એવા ગુનાહનું તોહોમત મુકવામા આવ્યું હોય, અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધોની બેમાંના ગમે તે પરકારની, દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે; અથવા.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખસની

[ક]રપાગ્ની અથવા દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઈ શકે એવા ગુ[ના]નું તેહે.મત મુકવામા આવ્યું હોય અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થયો હાય તે તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારનો દંડ સ.થે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે; અથવા.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખ્સની ઉપર દસ વરસથી ઓછી મુકતની કેદની શીક્ષા થઈ શકે એવા ગુનાનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થયો હોય, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાનાં ગમે તે પરકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

આ કલમ પ્રમાણેના તોહોમતમાં તોહોમતદાર કયો હોદો બજાવે છે તે તથા કયા તોહોમતદારને તેણે નાસી જવા દીધો તે બતાવવું જોઇએ (કરી પ્ર. ૧૬૬.)

જે સખ્સની ઉપર કાઈ ઇનસાફી કોરટ શાક્ષ નો હુકમ કરયો હોય તેસખ્સને પકડવાના જે સરકારી નોંકરની ફરજ હોય તેતે સખ્સને પકડવામાં ઇરાદાથી કસુરકરે તો અ.

૨૨૨. કોઇ માણુસ સરકારી નોકર હોય, અને કોઈ સખ્સની ઉપર કાઈ ગુનાને માટે કોઈ ઇનસાફી કોરટે સીક્ષાનો હુકમ કરયો હોય તે સખ્સને (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પરમાણે) "અથવા જે સખ્સને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તેવા સખ્શને" પકડવાની અથવા કેદમા રાખવાની તે માંણુસની પોતાના સરકારી ઓહદાને લીધે કાયદા મુજબ ફરજ હોય, તે માણુસ અગર તે સખ્સને પકડવામા ઇરાદાથી કસુર કરે અથવા ઇરાદાથી તે સખ્સને નાશી જવા દે, અથવા તે સખ્સને તે કેદમાંથી નાશી જવામા અથવા નાશી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી સહાય કરે. (સને ૧૮૭૦ના આકટ ૨૭ મા પ્રમાણે) "અથવા જો તે સખ્શને કાયદેસર રીતે કેદમા રાખ્યો હોય તો તે માણુસને નીચે પ્રમાણે સીક્ષા કરવામાં આવશે એટલે:—"

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે સખ્સની ઉપર મોતની શીક્ષાનો હુકમ થએલો હોય તો તે માણુસને ચઉદ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારનો દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે, અથવા.

શીક્ષા.

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે સખ્સ કોઈ ઇનસાફની કોરટે કરેલા શીક્ષાના હુકમથી અથવા તેને બદલે બીજી શીક્ષા કરવાના કોઈ હુકમથી જીવતાં સુધી સમુદરપાર અથવા જીવતાં સુધી સાસનીક દાસતવને, અથવા દસે વરસકે તેથી વધારે મુદત સુધી સમુદરપાર અથવા શાશનીક દાસતવ અથવા કેદને લાયક હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમ ના ગમેતે પરકારની દંડ સથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવ મા આવશે.

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઈતો હતો તે સખશ

કોરટે કરેલા સંક્ષાના હુકમથી દશ વરસની મુદત સુધીની કેદને લાયક માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૨૩ જે માણસ સરકારી નોકર હોય અને જે સખસની ઉપર કાંઈ

સરકારી નોકર ગફલતથી કોઈ કેદીને નાશી જવા દે તે બાબત.	હોમત મુકીયું હોય અથવા કાંઈ ગુનહો સાબીત થયો એવા કોઈ સખસને (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા રમાણે "અથવા જે શખશને કાંયદેસર રીતે કેદમાં રાખી

હોય તે સખસને") કેદમાં રાખવાની કાયદા પરમાણે જે માણસની પોતાના સરકા ઓદાને લીધે ફરજ હોય તે માણસ અગર ગફલતથી તે સખસને કેદમાથી નાશી જ દે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની. કેદની અથ ડંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામા આવશે.

ટીકા.

કાંઈ લેખની બનાવટ જે તેના મોહો ઉપરથીજ માતર એક નકલ દેખાતી હેય અને જેને ખરેખરી નકલ હોય તો પણ કાંઈ પઈશા આપવાનો અખતીઆર ન આપતી હોય અથવા આ કલમમા લખેલું કાંઇ કામ કરવા અખતીઆર આપતી ન હોય તો તે આ કલમ પરમાણે ગુનહોછે (મુબઇ કરાઉન કેસીસ વા. ૫ પાને ૫૬) પટાની નકલ એ કોઇ કીમતી દસ્તાવેજ ગણાય નહી કેમકે એ લેખ કઇ એવા મહતવનો નથી કે જેના ઉપર વધારે વજન રાખી શકાય (મુ. હા. તા. ૧૭ મી જુલાઈ ૧૮૬૭ પા૦ ૨૮) ઝાડા જોતાં ખોટો દસ્તાવેજ મલ્યો તેટલાજ ઊપરથી ખેટો દસ્તાવેજ કરયાનો ગુનો થતો

ન કરાઈનેથી અને મીસડીમીનસે વા. ૧

થી ફેરવવામા આવે તો તેણે આ કલમ

પાને ૨૫૪૦

૪૬૮ જો કોઈ માણુસ ખોટો લેખ બનાવે એવા

ધ કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

ઠગાઈ કરવાના કારણસર વપરાય ... મુદત સુધીની બેમાના ગમે ... વામાં આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૬૯ જો કોઈ માણુસ ખોટો લેખ બનાવે એવા ઇરાદાથી કે તે

શખસની આબરૂને હાની કરવાના કારણસર ખોટો લેખ બનાવવો,

કોઈ ધણીની આબરૂને હાની કરે અથવા તે લેખ ... ણસર વાપરવામા આવસે એવો સંભવછે એમ ... નો તે માણુસને તરણ વરસની મુદત સુધીની ... પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને ... પણ લાયક થશે

ટીકા.

કોઈ અરજી આપવાનો મુસદો કરયો હોય અને તે મુસદો જે અરજીનો હોય ... અરજી કોઈ બાબતના પુરાવ તરીકે વાપરવાની હોય તો અને તે અરજીનો મુસદામાં કોઈ સખશની આબરૂને હાની પેહોંચે એવી હકીકત હોય તો તેણે આ કલમ પરમાણે નો ગુનહો કરયો કહેવાય ૧૦ વી૦ રી૦ પાને ૬૧.

૪૭૦ જે ખોટો લેખ શકળો કે થોડો ઘણો ખોટો લેખ બનાવવાના

બનાવટનો લેખ

યો હોય તેનુ નામ "બનાવટનોલેખ પાડીછે.

૪૭૧ જે લેખ બનાવટનો લેખછે એમ પોતે જાણતો હોય અથવા

બનાવટનો લેખ ખરાં દાખલ વાપરવો.

પોતાને કારણ હોય એવો કાઇ લેખ જે માણુસ અથવા બદદાનતથી ખરા દાખલ વાપરે તે માણુસ ... ણે તે લેખ ખોટો બનાવીઓજ હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

૪૭૨. જો કોઈ માણુસ કાઇ મોહોર; અથવા પતરૂં અથવા છાપ ...

૪૬૭ મી કલમ મુજબ સક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુ... ઇરાદાથી ખો... વગરે ... કબજા

બીજુ હથીયાર બનાવે, અથવા બેઠું બનાવે. એના ઇરાદાથી કે તે ૪૬૭ મી કલમ મુજબ શીક્ષા થઈ શકે એવો કાઇ ખોટો લેખ બનાવવાનો ગુનો કરવાના કારણસર વાપરવામાં આવે, અથવા તે મોહોર પતરૂં અથવા બીજું હથીયાર બેઠું બનાવેલું છે એમ જાણીને ઊપલા ઇરાદાથી અગર કોઈ માણુસ તે મોહોર પતરૂં કે બીજું હથીયાર પોતાના કબજામા રા-

બે તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની

ના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે. અને વળી તે દં

૪૭૩. જો કોઈ માણુસ કંઈ મોહોર પતરૂં અથવા છાપ પાડવાનું

બીજી કોઈ કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો બો ટો લેખ બનાવવાનો ગુનો કરવાના ઇરાદાથી ખોટી મોહોર પતરૂ વગેરે બનાવવું અથવા કબજામા રાખવું.

હથીયાર બનાવે અથવા ખોટું બનાવે, એવા ઇરાદાથી તે આ બાબ માંહેલી ૪૬૭ મી સીવાયની કોઈ પણ મુજબ શીક્ષા થઈ શકે એવો કોઈ બો ટો લેખ બનાવવાના ગુનો કરવાના કારણુસર વાપરવામાં આવે અથવા તે મોહોર પતરૂ અથવા બીજુ હથીઆર ખોટુ બનાવેલું છે એમ જાણીને ઉપલ ઇરાદાથી અગર કોઈ માણુસ તે મહોર પતરૂં, અથવા બીજુ હથીઆર પોતાના કબજામાં રાખે તો તે માણુસને સાત વરસની મુદત શુધીની બેમના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

ટીકા.

એક શખ્શના કબજામાં ખોટાં લેખ બનાવ્યાના શાહીત તરીકે જુદી જુદી જાતની સીલ માલમ પડી તેમાં ઠરાવવામાં આવ્યુ કે જો એ શીલ એકજ ખોટુ દશતાવેજ બનાવવા માટે કબજામા રાખી હોય તો એકજ તહોમત આવે પણુ જુદા જુદા દશતાવેજ બનાવવા માટે તે શીલો રાખી હોય તો જેટલા જુદા જુદા દસતાવેજો બનાવવાનો તેનો ઇરાદો હોય તેટલા જુદા જુદા તહોમતની તેને શીક્ષા થઇ શકે રાણી વીરૂધ ગોકળચંદર ૧૪ વી૦ રી૦ પાને ૧૬.

કંઈ કીમતી દશતાવેજ અથવા વીલ ખોટુ બનાવેલુ છે એવુ જાણીને તે ખરા દાખલ વાપરવાના ઇરાદાથી કબજામ રાખવું.

૪૭૪ જો કોઇ માણુસના કબજામાં કઈ લેખ હોય અને તે લેખ ખોટો બનાવેલો છે એમ તે માણુશ જાણુતો હોય તથા તે લેખ ખરા દાખલ દગલબ જીથી અથવા બદદાનતથી વાપરવામા લેવો એવો તે માણુશનો ઇરાદો હોય તો અગર તે લેખ ૪૬૬ મી કલમમાં લખેલા પ્રકારનો હોગ તો તે માણુશને સાત વરશની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવસે અને વળી તે દંડને પણુ લાયક થશે. અને અગર તે લેખ ૪૬૭ મી કલમમા લખેલા પરકારનો હોય તો તે માણુસને જીવતા શુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત શુધીના બેમના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

ટીકા.

જો કલમ ૪૭૧ પરમાણેનુ તહેમત મુકવામાં આવે તો પછી ઇઆ કલમ પરમાણેનુ તહોમત રહે નહી કેમકે એ કલમ ૪૭૧ દશતાવેજ વાપરવાની છે આ કબજામાં રાખવાની છે વાપરયાનુ તહોમત આવે તે કબજામાં હોવા વગર કેમ આવી શકે વાપરયું ન હોય પણુ માતર કબજામાં રાખ્યુ હોય તે માટે આ કલમ છે રાણી વીરૂધ નજર અલી ૬ અ. હા. રી. પાને ૩૫.

...૪૫૭ મી કલમમાં લખેલા પરકારની કોઇ લેખ...

...કલમમા લખે ...ા પરકારના લેખનુ ખ ...રાપણુ દેખાડવા સારૂ વ ...પરાતી હોય એવી કાઇ ...મુદરા અથવા નીશાની ખો ...બનાવવી અથવા ખો ...ટેલો પદાર ...રાખવો,

...રણુસર વપરાતી હોય એવી કા... ...ણુરો કાઈ પદારથ ઉપર અથવા કાઈ પદારથ... નાવે એવા ઈરાદાથી કે તે પદારથ ઉપર તે વખ... ખ ખોટો બનાવેલો હોય અથવા તાર પછી ... નો હોય તે લેખને ખરાપણાનો આભાશ આ... શર તે મુદા અથવા નીશાની વાપરવામાં આવે ... જે પદારથ મધે એવી કાઈ મુદરા અથવા નીશાની ખોટી બન... ...ઈ પદારથ ઊપર લખેલા ઈરાદાથી કોઇ માણુસ પોતાના કબજ... ...માણુસને જીવતા સુધી સમુદરપારની અથવા સાત વરશનો મુદત સુધીનો બેમાંના ... ...મે તે પરકારની કેદની શીકસા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

આ કલમ પરમાણેનો ગુનો સંપુરણ થવા માટે 'તહોમતદારના કબજામાં જે દ... ...તાવેજ હોય તેની ઊપર કાઇ ખોટુ ચોન અથવા નીશાની હોવી જોઇએ અને તહોમ... ...દારના કબજામાં જે દશાતાવેજ છે તે ખરા દાખલ વાપરવાનો ઈરાદો છે. એવું સાબીત... ...પણુ જોઇએ એ દશાતાવેજ કલમ ૪૬૭ મા જે પરકાર બતાવ્યોછે તે પરકારનુ હોવુ જો... ...(પ્રે ૪૦ ડા૦ પા) ૭૪૪.

૪૬૬ ૪૬૭ મી કલમમાં લખેલા પરકારથી જુદા પરકારના કોઈ લેખનું ખરાપ...

૪૫૭ મો કલમમા લખે ...લા પરકારથી જુદા પરકા ...રના લેખનુ ખરાપણુ દેખા ...ડવા સારૂ વપરાતો હોય એવી કાઈ મુદરા અથવા નીશાની ખોટી બનાવવી અથવા ખોટી નીશાની કે ...ટેલો પદારથ કબજામા રા... ...ખવો.

દેખાડવાના કારણુસર વપરાતી હોય એવી કાંઈ મુદરા કે ની... ...શાણી કોઈ માણુસ કઈ પદારથ ઉપર અથવા કાંઈ પદાર... મધે ખોટી બનાવે એવા ઈરાદાથી કે તે ઉપર તે વખતે ... ...ઈ લેખ ખોટો બનાવેલો હોય અથવા તાર પછી ખોટો બન... ...વવાનો હોય તે લેખને ખરાપણાનો આભાશ આપવાના કા... ...રણુસર તે મુદરા અથવા નીશાણી વાપરવામાં આવે અ... ...વા જે પદારથ ઉપર અથવા જે પદારથ મધે એવી કઈ મુ... ...દરા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કાઈ પદારથ ઊપર લખેના ઈ... ...દાથી કેઇ માણુસ પોતાના કબજામા રાખેતો તે માણુસને સાત વરસની મુદત સુધીન... ...બેમાના ગમે તે પરકારની કેદની સંકરા કરવામાં આવશે અને વળી તે દડને પ... ...લાયક થશે.

૪૮૭ કંઇ લેખ વીલ હોય કે વીલની મતલબનો હોય અથવા દતક લેવાનુ અ...

...કોઇ વીલને દગલબાજી ...થી ચેહેરો નાખવુ અથવા ...તેનો નાશ કરવો વગેરે.

...તીઆર નામુ હોય કે તેની મતલબનો હોય અથવા કાઈ... ...મની દશાતાવેજ હોય કે તેની મતલબનો હોય તે... ...ખને અગર કોઇ માણુસ દગલબાજીથી કે ... ...થવા લોકોને કે કાઈ શખસને હાની અથવા નુક...

શદાથી છેકો નાખે તેનો નાશ કરે અથવા ચેરી નાખે અથવા છેકી નાખવાની, ના ... ન ની કે ચેરી નાખવાની કોસીસ કરે અથવા છુપાવે કે છુપાવવાની કોશીશ કરે ... તેવા લેખ શબધી બીગાડ કરે તો તે માણુસને જીવતા સુધી [સમુદરપારની ... સાતુ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાક થશે.

ટીકા.

જે લેખ ઉપર સટાપ નથી અને તેથી પુરાવામાં દાખલ થઈ શકતો નથી તે લેખ કીમતી દશતાવેજ થઇ શકે છે (મ. હા. રૂલીંગઝ વા૦ ૭ પા. ૨૬) કોઇ બેડ સબંધીના દસતાવેજનો નાશ કરવામા આવેતો આ કલમ પરમાણે કીમતી દસતાવેજનો નાશ કરવાનુ તેની ઊપર તહોમત આવે ઇ. ડા. પાને ૩૩૭)

વેપારની તથા મીલકતની નીશાણીઓ બાબત.

૪૭૮ આ માલ ફલાણા કારીગરે બનાવેલોછે અથવા ફલાણી વખતે કે તે ઠકાણે બનાવેલો છે અથવા ફલાણી જાતનોછે એ બતાવવાને માટે જે નીશાણી વાપરવામાં આવે તેનુ નામ વેપારની નીશાની પાડયુછે.

વેપારની નીસાની

૪૭૯ આ જંગમ મીલકત ફલાણા શખશનીછે એ બતાવવાને માટે જે નીશાની વાપરવામાં આવે તેનુ નામ મીલકતની નીશાની પાડયુ છે.

મીલકતની નીશાની

૪૮૦ જો કેઈ માણુસ કંઇ માલ પર અથવા કોઇ પેટી કે ઘર ઊપર અથવા ગાંસડી ઉપર કે માલ ભરેલા ઉપર કાઈ બીજા બારદાન ઊપર કઈ નીશાની કરે અથવા જે પર કાઈ નીશાની હોય એવી પેટી કે ઘર અથવા ગશડી કે બીજુ બારદાન વાપરે એવા ઇરાદાથી કે તે નીશાણી કરેલો માલ અથવા તે નીશાની કરેલા પેટી કે ઘરમા અથવા ગસડીમા અથવા બારદાનમાં ભરેલો કઈ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યોછે એવો અથવા જે વખતે કે ઠકાણે તે બનાવ્યો ન હોય તે વખતે કે ઠકાણે તે બનાવ્યોછે એવો અથવા જે જાતનો તે ન હોય તે જાતનો તે છે એવો વીશવાશ ઊતપન કરવો તો તે માણુસે "ખોટી વેપારનો નીશાણી" વાપરી એમ શમજવું.

ખોટી વેપારનો નીશાની વાપરવી.

૪૮૧ જો કોઈ માણુસ કઈ જંગમ મીલકત કે માલ ઉપર અથવા કાઈ પેટી કે ઘર ઊપર અથવા ગાંસડી ઉપર અથવા જંગમ મીલકત કે માલ ભરેલા બીજા કાઈ બારદાન ઉપર કાઇ નીશાની કરે અથવા જે ઉપર કાંઇ નીશાની હોય એવી કાઈ પેટી કે ઘર અથવા ગાસડી કે બીજુ બારદાન વાપરે એવા ઇરાદાથી કે તે નીશાણી કરેલી મીલકત અથવા માલ અથવા તે નીશાણી કરેલો પેટી કે ઘરમા અથવા ગાંસડીમાં અથવા બીજા બારદાનમાં રાખેલી કાંઈ મીલકત કે માલ જે શખસનો ન હોય તે સખસનો છે એવો વીસવાસ ઉતપન કરવો તો તે માણુસે "ખોટી મીલકતની નીશાણી" વાપરી એમ સમજવું.

ખોટી મીલકતની નીશાની વાપરવી.

...તાથી ખોટી બનાવવી. | કદની, અથવા ...

૪૮૪ કોઈ શરકારી નોકર જે વાપર...

કોઈ સરકારી નોકર જે મીલકતની નીશાણી વાપરતો હોય અથવા કઇ મીલકતના બનાવટ, જાત, વગેરે બતાવવા સારૂ તે જે નીસાણી વાપરતો હોય તેવી નોસાણી ખોટી બનાવવી.

...વા આ મીલકત... ઠેકાણે બનાવીછે ... આદ્રોમમાંથી પાસ થઇછે અથવા કંઈ માફીને ... બતાવવાને સારૂ કોઈ સરકારી નોકર જે વાપર... વો કઇ નીશાણી જો કોઈ માણસ જાણી બુઝીને ... વે અથવા એવી કઈ નીશાણી ખોટી બનાવેલીછે . એમ જા... ણ્યા છતાં તેને ખરી દાખલ વાપરે એવા ઇરાદાથી કે લોકને અથવાં કોઇ શખસને હાનિ અથવા નુકશાન કરવુ તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમ ના ગમે તે પ્ર... કારની કેદની શીકશા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.''

૪૮૫ કઈ છાપ પતર અથવા કઇ સરકારી કે ખાનગી મીલકતની અથવા વેપારની

કોઇ છાપ પતર અથવા કોઈ સરકારી કે ખાનગી મીલકતની અથવા વેપારની નીશાણી ખોટી બનાવવાનુ કોઈ બીજુ હથીયાર વગેરે બનાવવુ અથવા કબજામા રાખવુ.

નીસાણી કરવા અથવા ખોટી બનાવવાનું કઈ બીજુ હથી... યાર જો કોઈ માણસ બનાવે અથવા પોતાના કબજામાં રાખે એવા ઇરાદાથી કે તેની ખોટી નીશાણી ... કારણસર વાપરવું અથવા કોઈ માણસ એવા... ની કે વેપારની નીશાણી પોતાના કબજામા રાખ... દાથી કે કઈ માલ અથવા વેપારની જણસ ... થવા કારીગરેની દુકાને બનાવી ન હોય તેણે ... એમ અથવા જે વખતે તે ઠેકાણે તે બનાવી ન હોય તે વખતે અથવા કે... વીછે એમ અથવા જે જાતની તે ના હોય તે જાતની તે છે એમ અથવા... ના હોય તે શખસની તે છે એમ બતાવવાના કારણસર તે નીશાણી, વાપર... ને તરણ વરસની મુદત શુધીની બેમાના ગમે તે પ્રકારની ... એ બનેની શીક્ષા કરવામાં આવશે.

...ર સરકારી કે ખાનગી મીલકતની અથવા વેપાર...

(...વા ...૭૬ ...ણી) ચોહોડલી અથવા પાડેલી હોય એવો કંઇ ... પેટી, કે ઘર અથવા લપેટેલી વસતુ કે બારદાન ઉપર ... નીશાણી ચોહોડેલી અથવા પાડેલી હોય તે મધે ભરેલો ... થવા રાખેલો માલ અગર કોઇ માણુસ વેચે અને તે ... કે તે નીશાણી બનાવટની અથવા ખોટી કરેલી છે અથવા તે ... તે કારીગરે અથવા તે વખતે અથવા તે ઠેકાણે નહી બનાવેલા ...જણસ ઉપર તે નીશાની ચોડેલી અથવા પાડેલી છે અથવા તે ...તેવી જાતનો તે માલ નથી અને કોઈ સખસને છેતરવાનો અથવા નુકશાન કે હાની કરવાનો તે માણુસનો ઈરાદો હોય તો તે માણુસને એક વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કંઈ ગસડી કે બારદાન મધે માલ હોય તે ઉપર દગલબાજીથી કંઇ ખોટી નીશાણી કરવી,

૪૮૭. કાંઈ માલ ભરેલી ગંસડી અથવા બારદાન ઉપર જો કોઈ માણુસ દગલબાજીથી કંઇ ખોટી નીશાણી કરે એવા ઈરાદાથી કે કોઈ સરકારી નોકર અથવા બીજા સખસના મનમા એવો વીસવાસ ઉતપન કરવો કે તે ગસડી અથવા બારદાન મધે જે માલ ન હોય તે તે મધે છે અથવા તે મધે જે માલ હોય તે તે મધે નથી અથવા તે ગાંસડી અથવા બારદાન મધેનો માલ ખરેખર જે જાતનો અથવા તરેહનો હોય તેથી જુદી જાતનો અથવા તરેહનો છે તો તે માણુસને તરણ વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

તેવી કંઈ ખોટી નીશાણી નો ઊપીયોગ કરવાની શીક્સા.

૪૮૮ કોઈ માણુસ ઉપલી કલમમાં લખેલા ઈરાદાથી એની કંઇ નીશાની ખોટી છે એમ જાણ્યા છતા ખોટી નીશાણીને દગલબાજીથી ઉપીયોગ જ કરે તો તે માણુસને ઉપલી કલમમા લખ્યા મુજબ સાક્ષા કરવામા આવશે.

નુકશાન કરવાના ઇરાદાથી કંઈ માલકતની નશાણી કહાડી નાખવી.

૪૮૯ કોઈ માણુસ કંઈ મીલકતની નીસાણી કહાડી નાખે અથવા તેનો નાસ કરે અથવા તેને ચેહેરી નાખે એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણ્યુંને કે એમ કરવાથી પોતાથી કોઇ સખસને નુકશાન થાય તો તે માણુસને એક વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

...રણ ૧૯ સો.

...કરાર તોડવાના ગુના બબત.

...ંઇ મીલકતને એકઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા ...

ના રસતાની કાઇ મુશાફરી

સકીના રસતાની કેઈ મુસાફરી

કાયદેસર કરારથી બધાયો હો

માઠા પરતણુકના સબબ સીવાય તે પરમાણે કરવામાં ખુશી પુરવક

માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની

રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત

(અ) અ એક પાલખી ઉચકનારો જને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જ

કાયદેશર કરારથી બંધાએલો છતાં રસતામાથી અધવચ નાશી જાય તો અ એ આ

કલમમા લખેલો ગુનો કરયો એમ સમજવું.

(બ) અ, એક મજુર ઝ નો સામાન એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને

કાયદેશર કરારથી બંધાયેલો છતાં, તે સામાન ફેંકી દે તો અ એ આ કલમમાં લખેલો

ગુનોહ કરયો એમ સમજવું.

(ક) અ એક બળદીઆઓનો માલીક પોતાના બળદીઆ ઊપર ભરીને કંઈ

એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાને કાયદેસર કરારથી બધાએલો છતાં તેમ કરવા

કાયદા વીરૂધ કસુર કરે તો અ એ આ કલમમાં લખેલો ગુનો કરયો એમ સમજવું.

(ડ) અ કાયદા વીરૂધ ઊપાયથી પોતાનો સામાન લઇ જવાની બ મજુરને

પાડે અને બ ચાલતા ચાલતા રસતામા તે સામાન મુકીને નાહાસી જાય તો બે ઠેકાણે

એ કઇ ગુનોહ કરયો એમ સમજવુ નહી કેમકે તે સામાન લઈ જવાની કાયદા પરમ

તેની ફરજ નથી.

ખુલસો—આ ગુનમાં એવું કઇ જરૂર નથી કે જે શખશને સારૂ નોકરી ક

છે તેની જ સાથે કરાર થયો જોઇએ જે સખસ તે નોકરી કરવાનો છે તે સખશે કા

પરમાણે કોઇ પણ સખસની સાથે સાફ રીતે કે અરથાત સમજાય એવી રીતે તે કરાર

હોય તો બસછે.

દ્રસ્ટાંત.

અ એક ડાક કંપનીની સાથે એક મહીના સુધી પોતાની ગાડી હાકવાનો કરાર

અને તે ડાક કંપનીની સાથે મુસાફરીએ કંઇ મજલપર પોતાને પહોચાડવાનો બંદોબ

કરે, અને પેલી એક મહીનાની મુદત સુધી તે કંપની બને અ હાંકે એવી એક

રસતમાં અધવચ તે ગાડી ખુશી પુરવક મુકીને જતો રહે તો

બ ની સાથે કરાર કરયો નથી તો પણ અ એ આ કલમ

સમજવું.

ટીકા.

[illegible] કોરટે એમ ઠરાવ્યુ છે કે "તર [illegible] [illegible] કલમને લગુ છે. અને એટલા માટે [illegible] પોપમાં ગણી લઇ જ યા ફરેલો કરાર તોડયો તેને આ કલમ મુજબ શીક્ષા થઇ શકે નહી" (રેવનીયુ સીવીલ એનડ કરમીનલ રીપોરટર (કલકતા)કરમીનલ રૂલીંગ વા. ૨ પાને ૬૩ અને વા ૫ પા. ૨૯.) એક મહીનાના નોકરીએ રાખેલા નોકરો, પછીથી કામ પુરૂ થતાં સુધી અરથાં ત મન [illegible] બંધાએલ એવા નોકરોને લાગુ નથી (મદરાસ હા ઇકોરટે [illegible] ને ૧૮૬૬; તા૦ ૭ જાનેવારી સને ૧૮૬૮).એક સાલે [illegible] નો કરાર કરયો હોય તેને આ કલમ [illegible] ૧૦.

આચાર સાથેની પોતા ત કરતા તથા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર તોડવો.

૪૯૧ જેસખસ પોતાની નાનાની ઉમરના અથવા ગંડાપણાના અથવા રોગ કે કશ સરીરની નબળાઇના સબબથી લાચાર અથવા પોતાની શલા મતીને બદબસ્ત રાખવાને; અથવા પોતાની હાજતો પુરી પાડવાને અસકત હોય, તેની ખીદમત કરવાને અથવા તેની હાજતો પુરી પાડવાને જે માણસ કાયદેસર કરારથી બંધાએલો છતા તેમ કરવામાં ખુશીપુરવક કસુર કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદ નો અથવા બસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ દુર જગેપર ચાકરી કરવાનો કરાર કરયો હોય અને તે જગે પર શેઠને ખરચે ચાકરને લઇ ગયા હોય તેણે કરાર તોડવો.

૪૯૨ બરીટીશ ઇંડીયા માંહેના કોઇપણ જગાપર કોઇ સખસને વાસતે ત્રણ વરસ સુધીની કોઇપણ મુદત સુધી કારીગર કામ કરનાર અથવા મજુર દાખલ કામ કરવાને જે સખસ લખેલા કાયદેસર કરારથી બંધાએલો હોય અને તે કરારની સરત મુજબ તેને તે જગેપર તે બીજા સખસને ખરચે લઇ ગયા અથવા લઇ જવાના હોય તે સખસ પોતાનો કરાર કાયમ છે તે દરમીઆનમા ખુસી પુરવક તે બીજા સખસની ચાકરી છોડી દે, અથવા કબુલ કરેલી ચાકરી વ્યાજબી અને યોગ્ય સબબ છતા વ્યાજબી સબબ વગર તે ચાકરી કરવાની ના કહે તો તે સખસને એક મહીનાની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની અથવા તે ખરચથી બમણી રકમ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે. પણ જો તેના શેઠે તેની સાથે કઇ માઠી વરતણુક કરી હોય અથવા પોતેજ તે કરાર મુજબ અમલ કરવામા ગફલત કરી હોય તો તે ચાકરને કંઇ શીક્ષા કરવામા આવશે નહીં.

ટીકા.

બંગાળા હાઇ કોરટે ઠરાવ્યુ છે કે કોઇ મજુરને એકજ કરાર તોડવાને સારૂ બે [illegible] (જયુડ સીઅલ એંડ પોલીસ જનરલ વાં૦ર પા.૨૪).

ભાગ ૨૦ મો.

લગન સબંધી ગુનાઓ બાબત.

૪૯૩ પોતાની સાથે કાયદા મુજબ જે અસતરી પરણી નથી તે અસતરીને ફરેબ

કાયદા મુજબ લગન થયા ની કપટથી બીસવાસબેસાડીને દંપતો ભાવે રહેવું.

તે પુરૂષ એવો બીસવાસ બેસાડે કે હું એ પુરૂષની સાથે કાયદા મુજબ પરણી છઉ, અને એવો બીસવાસ છતા તે અસતરી તેની સાથે તેની વહુ હોય એવી રીતે રહે અથવા સંભોગ કરે, એમ તે પુરૂષ કરે તો તેને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૯૪ જેનો વર અથવા જેની વહુ હયાત હોય તે જો પરણે, અને તે એવી રીતે

વર અથવા વહુની હયાતી માં લગન કરવુ.

કે તે વર અથવા વહુની હયાતીમા થયાના સબબથી તે લગન થએલુ રદ ગણાય, તો તેને સાત વરસની મુદત સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

અપવાદ—જે સખસનો વર અથવા વહુ હયાત છે પણ જેનું તેની સાથે થએલું લગન કોઈ મુખતીઆર કોરટે રદ ઠરાવ્યું છે તેને આ કલમ લાગુ પડતી નથી; અને જે સખસનુ તે પાછલનું લગન થતાં પેહેલાં સાત વરસની મુદત શુંઢી નીરંતર તેનો વર અથવા વહુ બાહાર રહયો અથવા રહી હોય અને તે દરમીઆનમા તે સખસને તે વર અથવા વહુ હયાત છે એવી ખબર નહી મળી હોય, અને તે સખસ પોતાના આગલા વર અથવા વહુની હયાતીમાં લગન કરે, તેને પણ આ કલમ લાગુ પડતો નથી; પરંતુ જે સખસ એ પરમાણે પાછળનું લગન કરે, તેણે જેની સાથે તે લગન કરે તેને તે લગન થતા પેહેલાં સરવ બીના ખરેખરી પોતાના જાણવામા હોય તેટલી જણાવવી જોઇએ.

ટીકા.

આ કલમ ફકત જે વરગના લોકોમા એક કરતાં વધારે બાયડીઓ કે ધણી કરવા ના છે તે વરગના લોકોને લાગુ છે કારણ કે નહા તો પેહેલું પરણેત ચાલતુ હોય તો તેના સબબથી બીજુ પરણેત રદ ગણાય નહીં એટલા માટે હીંદુ અથવા મુસલમાન ભાઈઓને આ કલમના ઠરાવો લગુ નથી પણ હીંદુ અથવા મુસલમાન બઈરીને લાગુ છે કારણ કે તેમના કાયદામા એક કરતાં વધારે બઈરી કરવા રજા છે પણ તે પરમાણે વર કરવા રજા નથી. [રેવનીયુ સીવીલ એંડ કરમીન રીપોરટસ (કલકતા)કરમીનલ રુલીંગ વા૦ ૧ પાનુ ૪૮ મદરાસ હાઈ કોરટ રુલીગ તા૦ ૨૯ જુન સને ૧૮૭૦ મુબઈ ઈલાકામાં તલપદા કોળીની નાતમાં જયા એવો રીવાજ કરયો હતો કે બઈરી તેના ધણીની રજા મંદી શીવાય છોડી જઇ બીજાની સાથે પાકુ લગન કરી શકે તીયાં હા.ઇ કોરટે ઠરાવ કરયો કે જો એ રીવાજ છે એમ સાબીત થાય તોપણ તે ગેર કાયદેસર કારણ કે હીંદુ લાના નીયમથી તે બીલકુલ વીરૂધ છે અને એટલા માટે જે માણસ એ પરમાણે કરે

તેને કલમ ૪૯૭ મુજબ શીક્ષા થઈ શકે (મુંબાઈ હાઈ કોરટ રીપોરટસ વા૦૨ પા. ૧૨૪ ને વા૦ ૧૦ પાને ૩૮૧) પણ એ કામમાં એ ખરેખરી વાત તરીકે માલમ પડયું હતુ કે કોઈના માનવામાં એમ નહોતું કે તે બાઈરી તેના પરથમના ધણીની વહુ થની બંધ પડી હતી (મુંબાઈ હાઈકોરટ રીપોરટસ કરાઈમ કેઈશ વા૦ ૫ પાને ૧૮) એક બીજા કોમમાં જ્યાં રીવાજ હતો કે જેથી બીજા માણસને પરણી ચુકેલી બાઈરીને કોઈ માણસ નાતમાં ૧૦૫ રૂપીઆ આપી પરણી શકે. આ રીવાજ પણ અનીતીના સબબથી મુંબાઈ હાઈકોરટે રદ કરયો (મુંબાઈ કરાઈમ કેસીસ વા૦૭ પા૦ ૧૩૩). ધણીની હયાતીમાં નાતરૂ કરેલુ તેને આ કલમ પરમાણે શીક્ષા કરેલી તે બાહાલ રહી (મુંબાઈ હાઈ કોરટ મેએ સને ૧૮૬૩) ઓરત પોતાના પેહેલા ધણીની પરવાનગીથી તેની હયાતીમાં બીજાની સાથે નાતરૂ કરે તો તેને હરકત નથી (મુંબાઈ હાઈકોરટ તા૦ ૨૬ મી નવેંમબર સને ૧૮૬૭ સપેશીઅલ અપીલ નંબર ૯૬૦ સને ૧૮૬૭) ઈનસાફની કોરટો એક લગન કાયદાસર છે એવું જાહેર કરવાને અથવા કોઈ સ્ત્રીને ફરી લગન કરવાની પરવાનગી આપવાને કોઈ કામનો અધીકાર મંજુર રાખશે નહીં બીજુ લગન કરવાને નાતે પરવાનગી આપી હોય તે આ કલમ પ્રમાણે કરેલા ગુનહાનો બચાવ નથી ૧ ઈ લા રી પ્ર ૩૪૭. એક સખસે એક બાયડી જીવતી છતાં એક સ્ત્રી સાથે પોતે લગન કરવાનો છે એવી નોટીસ છપાવી હોય તો તેની બાયડીની હયાતીમાં બીજુ લગન કરવાની કોશીશનો ગુનહો તેની ઉપર ઠરી શકે નહીં. ૧ ઈ. લા. રી. અલહાબાદ પ્ર, ૧૩૬ એક ધણી હયાત છતાં તેની પરવાનગી વગર બીજો ધણી કરવો એવો કોઈ નાતનો રીવાજ હોય પણ તે હીંદુસાસ્ત્રથી ઊલટો છે માટે એવી સ્ત્રીને આ કલમ પરમાણે સજા. જે મરદે એવુ લગન કરયું હોય તેને આ કલમ ૪૯૭ પ્રમાણે છીનાળાની સજા થાય ૨ મુ. હા. રી. ક ૧૧૭ ખરીશટી થઈ ગએલો કોઈ હીંદુ ફરીથી હીંદુ ધરમમાં આવે અને કોઈ હીંદુ અસતરીને પરણે તો તે ખરીશટી હતો તે વખતે તેની એક બાયડી જીવતી હતી અને હીંદુ થયો તયારે બીજી પરણો તો તેને આ કલમ પરમાણે શીક્ષા થાય નહીં ૩ મ. હા. રી. એ. ૭ હીંદુ કે મુસલમાન સ્ત્રી એકું ધણી હયાત છતા બીજો કરે તો ગુનહો છે ધણી એકથી વધારે કરે તો ગુનહો નથી કેમકે ધણીને તો તેમના ધરમસાસતરથી એકથી વધારે બાયડી કરવાને છુટ છે. મ. હા. રી અને ૧૮૭૦ એક મુશલમાન પરણેલી છોકરી તેના વાલીના કબજામાં હોય તયારે તે વાલીની જાણ વગર બીજુ લગન કરે તો તે વાલી ઉપર આ કલમ પરમાણેના ગુનહાની મદદગારીનું તહોમત આવે નહીં ૪ ઈ. લા. રી. (કલકતા) પ્ર ૧૦. આ કલમ પ્રમણેના તહોમતમાં તહોમતદાર સ્ત્રી પરણેલી છે એવી પુલી શાબીતી જોઈએ. કલકતા હાઈ કોરટની ફુલબેંચનો ઠરાવ તારીખ ૮ ડીશંબર શને ૧૮૭૫.

૪૯૯. જેની સાથે પાછળનું લગન કરવામાં આવે તેનાથી આગલા લગનની વાત

ના લગનની વાત છુપાવીને કરેલો. | ...પાવીને જે શખશ ઉપરનો કલમમાં બપેલો ગુનોહ કરે તેને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૯૬. જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીના ઇરાદાથી પોતાને લગનવીધી

કાયદા મુજબ લગન થતા દગલબાજીના ઇરાદાથી થ... દીધેલો લગન વીધી. | થવાદે એવું જાણીને કે તેમ થવાથી કાયદા મુજબ માહારૂ લગન થતુ નથી તો તેને સાત વરશની મુદત સુધાની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

આ કલમ પરમાણેના લગન કોઇએ પોતાના ઘરમાં થવા દીધા હોય તો એટલાજ ઉપરથી આ ઘરધણી ઉપર આ કલમના ગુનહામાં મદદગારી કરયાનું તહોમત આવી શકે નહીં કો૦ ઉ૦ ડા૦ પ્ર૦ ૩૬૪.

૪૯૭ આ શખશ બીજા પુરૂશની સ્ત્રી છે એવું જે જાણે છે અથવા એવું માનવાનું જેને કારણ છે તે માણુસ તે શખસની સાથે પેલા બીજા પુરૂશની રજામંદી સીવાય અથવા તે બીજા પુરસે જાણ્યું અજાણ્યું ન કરતાં સંભોગ કરે અને તે સભોગ બળાતકાર શંભોગનો ગુનોહ ન 'થતો હોય તો તે માણુસે છીનાળાનો ગુનોહ કરયો એમ શમજવું અને તેને પચ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે, એવી બાબતમાં તે સ્ત્રીને મદદગારીની માફક શીક્ષા કરવામા આવશે નહી.

છીનાળું

ટીકા.

પરતીવાદી એમ માનતો હોય કે એ બઇરી બીજાની ધણીઆણી છે તો તે 'હકીકતની બાબત છે જ્યાં એક માણુસે લગનના હક પાછા મળવા સારૂ પોતાની વહુ ઉપર દાવો બાંધે, અને તેના માલનું હુકમનામુ થયું કે તે બઇરી તેના ધણીને તીયાં ગમેતો પાછી આવે કે તેને આટલી રકમ આપે, આ પરમાણે હુકમનામુ થવાથી તેણે પઇશા આપા પછી છીનળુ કરતા એમ ઠરાવ કરવમા આવ્યો હતો કે પ્રતવાદીના માનવામાં એમ હશે કે તે બઇરિને પરણવા છુટ છે અને એમ હોય તે તેણુ કઈ ગુનો કરયો નથી. [મુંબાઈ હાઇ કોરટ રીપોટ કરાઉન કેસીસ વા૦ ૫ પાને ૭). ફરીઆદીમાં આ કલમ પરમાણે તહોમતના કામમાં ઓરતના ધણીએ રાજીનામુ આપયુ તે અમદાવાદના સેસન જડજે રદ કરયુ જે હાઈ કોરટે મંજુર રાખી શીક્ષા રદ કરી (મુંબાઈ હાઈ કોરટ તા૦ ૨૪ જુન સને ૧૮૬૮.)કલમ ૪૯૭ પરમાણેના કોઈ ગુનાની ફ...ના ધણી શીવાય બીજા કોઇએ માડવી નહીં' (ફરીઓનલ પરોશીજર કોડ ...ને ૧૮૬૨નો આકટ ૧૮ કલમ ૪૪) અને આ પરમાણે બઇરીના ધણી

ન કરી આપવામાં આવે તો તહોમત ૨૬ કર
ી મુકવો. (સદરહુ કલમ ૪૬) પણ તે બઈરી
એક•વાર માંડેલી ફરીઆદ તેના મરવાથી પુરી થતી નથી (મદરામ હાઈકોર
•વા૦ ૪ પા૦ ૫૫).

નાળાની ફરીઆદ સ્રીના ધણી વગર કીંધા ને છીનાળુ કરતી વખતે જેના હવા
હોય તેના વગર બીજાથી થાય નહી. ક્રીમીનલ પ્રો૦ કોડ કલમ ૪૭૮ છીનાળા
કેસમા સ્રી તેના ધણી વીરૂધ પુરાવો આપી શકે, ફીલ્ડ પા૦ ૮૫ આ કાયદાની
મ ૩૧૩ નો નીયમ છીનાળાને લગતા નથી તે માહોમાહે માંડીવાળી શકાય, પણ
ક્ષા થયા પછી નહી. ૨ ઈ૦ લા૦ રી૦ (અલાહબાદ) પા૦ ૩૩૮ છીનાળાની ફરીઆદ
યા પછી ધણી મરી જાય તો ઘણુ કરીને તે ફરીઆદનુ કામ બંધ પડતું નથી. કો૦
૦ •ડા૦ પા૦ ૨૪૧ આ કલમ પરમાણેનું તહોમત સબીત કરાવતી વખતે જે સ્રી
પે છીનાળુ કરવામા આવ્યું હોય તે સ્રીને કપાઈ લઈ જવામા આવી ન હોય તો તહો
તદાર ઉપર ૪૯૮ મી કલમનું તહોમત આવી શકે નહીં, ધણીએ જયારે આપ આડા
ન કરૂયાં હોય તયારે છીનાળાનું તહોમત આવી શકે નહી; ૪ વી૦ રી૦ પ્ર૦ ૩૧
નાની સ્રીને છીનાળું કરના કોઇ સખસે જોઇ હોય, અને તેથી ગુસામાં આવી તે
ીને તેણે મારી નાખી હોય તેને માટે જનમ દેશ નીકાલની શજા થઈ હોય તો પણ
ીનાળું કરનાર ઉપર તે આ કલમ પરમાણે કામ ચલાવી શકે છે કલકતા હાઇકોરટ
૫ ડીસેમ્બર સને ૧૮૭૩ છીનાળાના કેસમા પરવેશ સાબીત થવો જોઇએ; એ પરવેશ
બળાતકાર સભોગમાં જોઇએ છાંયે તેવોજ જોઇએ, વળી છીનળાના કેસમા પ્રતયક્ષ
રાવ જોઈએ કે છીનાળું કરનારે તે સ્રી અમુક શખસની બાઈડી છે એવું જાણેલુ
ાવું જોઇએ એવી કઈ જરૂર નથી, તે પરણેલી છે એવુ તે જાણે એટલે બસ છે કલક
હાઇકોરટ ૧૫ ડીસેમ્બર સને ૧૮૭૪ આ કલમ પરમાણે જે સખસ ઊપર તહોમત
માવયું હોય તે સખસ જે સ્રી સાથે છીનળું કરયાનુ કહેવામા આવતું હોય તે સ્રી
ાથે નાત રીત પરમાણે નાતરૂ કયાનું કહે તો એવે વખત કોરટને એટલુજ જોવાનું
કે નાતરૂ કરતી વખતે તે સ્રી અમુક જાણુની પરણેલ અસતરી છે એવુ કદી નીશક
ટપણાથી જાણતો અથવા માનતો હતો કે નહી. જો તેમ હોય તો તહોમત રહી શકે
હી. ૫ મું. હા. રી. પા. ૧૭ (ક્રેજદરી.) આ કલમ પરમાણેના તહોમતમા અસ
રી પરણેલી છે એવું પુરી રાતે સાબીત થવું જોઇએ. કલકતા હાઇકોરટની ફુલબેન્ચનો
રાવ. તા૦ ૮ ડીશેમ્બર સને ૧૮૭૩ જે શખસે પોતાની અસતરી સાથે બીજા કોઇ
એ છીનાળુ કરયાની ફરીઆદ કરી હોય તેનો ઉપર દીવાનીમાં નુકશાની લેવાની પણ
ફરીઆદ થઈ શકે છે. મહીસુરના જુડીશીઅલ કમીશનરની ઓફીસ. તા૦ ૨૦ જાનેવા
રી સને ૧૮૮૦•

૪૯૮• જે સ્રી કોઈ બીજા પુરૂશની સ્રી છે. અને તેની સ્રી છે એવું જે માણસ

...કોઈ ૫) જાણે છે અથવા એવું માનવાનું ...
...સલાવી (તે સ્ત્રીને તે પુરૂશ પાસેથી અથવા તે...
...જવા અથવા (...સના હવાલામા તે સ્ત્રી હોય તે સખ્શ પાસેથી ...
...રાખવી)
...સમાવાને લઈ જાય એવા ઈરાદાથી કે તે સ્ત્રી કોઈ શખ્શની સાથે જાર...
...વા એવી કોઈ અગતરા તેને ઈરાદથી સંતાડી અથવા રોકી રાખે તો તે...
...વરસની મુદત સુધીની બેમના ગને તે પરકારની કેદની અથવા દંડની...
...ની શીક્ષા કરવામા આવશે.

ટીકા,

આ કલમ મુજબ લઈ જવાનો ગુનો જો કે એક બઈરી ખુશીપુરવક એ ...
...જાય અને વળી ભાગડો તેના કહેવાથી તેની સાથે જાય તોપણ થાયછે રાણી વી
...કુમારસવામી મદરાસ હાઈ કોરટના રેસલા વા. ૨ પાને ૩૩૧) આ કલમ મુજબ
...તનામાની ફરીઆદ ફકત તે બઈરીનો ધણી અથવા તેના તરફથી તે બઈરીની સભા
...રાખનાર સખસ કરી શકે કરીમીનલ પરોશીજરકોડ કલમ ૪૭૯, સને ૧૮૬૧ નો આ
...૨૮ કલમ ૪૫)

બાબ ૨૧ મો.

આબરૂ લેવા બાબત.

૪૯૯ જે માણસ બે લેવા અથવા વાંચવાને ઈરાદો રાખેલા સબદોથી અથવા કંઈ...
...આબરૂ લેવી. | ચીનો કે આકરોથી કોઈ શખશની બાબત કાંઈ આરોપ મુકે અથવા
પરગટ કરે એવા ઈરાદાથી કે તે આરોપથી તે સખસની આબરૂને હાની પહોચાડવા અ
થવા હાની પહોંચશે એવુ જાણીને અથવા એવુ માનવાનુ કારણ છતા તે. તેણે તે શખશ
ની આબરૂ લીધી એમ સમજવુ પણ નીચેના અપવાદો મધેનો બાબતોમા એમ સ
મજવુ નહી.

ખુલાસો ૧ લો—કંઈ મુએલા શખસની ઉપર કાંઈ આરોપ મુકવો એ આબરૂ લે
વી થઈ શકે જો તે આરોપ એવો હોય કે તેથી તે શખસ જીવતો હોય તો તેની આબ
રૂને હાની પહોચે તથા એવા ઈરાદાથી તે આરોપ મુકયો હોય કે તેથી તે શખસના કુટુંબ
ને અથવા પાસેના બીજા સગાઓને માઠુ માગે.

ખુલાસો ૨ જો—કોઈ કંપની અથવા મંડળી અથવા મનુષ્ય સમુદાય વીસે કાંઈ
...રોપ મુકવો એ આબરૂ લેવી થઈ શકે.

ખુલાસો ૩ જો—વઈકલ્પીક રીતે અથવા બાજોકતીની રીતે મુકેલો આરોપ આબ
...વી થઈ શકે,

ખુલાસો ૪ થો—જે આરોપ પોતેજ અથવા દવારાંતરે બીજાઓની નજરમાં...
...ની નીતી અથવા બુધી વીસે હલકો વીચાર ઉતપન ન કરે અથવા જે શખ...

[redacted]

આબરૂ લેવીછે પણ જો એકાદા અપવાદમાં એ દાખલ થાય તો નહી.

(ब) ब नु घडीआळ कोणे चोर्युं? એવો સવાલ अ ने पुछतां अ ज ની તરફ આં ગળી કરે એવા ઇરાદાથી કે ब नु घडीआळ ज એ ચોર્યુ એમ માનવામા આવેતો अ એ આબરૂ લેવીછે પણ જો એકાદ અપવાદમા દાખલ થાય તો નહી.

(क) ब नु घडीआळ લઇને ज નાસી જતો હોય એવુ अ એક ચીતર પાડે, એ વા ઇરાદાથી કે ब नु घडीआळ ज એ ચોર્યુ એમ માનવામાં આવે તો એ આબરૂ લે વીછે પણ જો એકાદ અપવાદમા એ દાખલ થાય તો નહી.

પહેલો અપવાદ—જે કંઈ સાચી વાતનો આરોપ કોઇ શખ્સની ઊપર મુકવો અથવા પરગટ કરવો લોક ફાયદાણારથે જરૂર હોય તે આરોપ મુકવો અથવા પરગટ કરવો એ આબરૂ લેનાછે એમ સમજ વુ નહી તેમ કરવુ લોક ફાયદાણારથે જરૂરછે કે નહી એ હકીકતના બાબતછે.

લોક ફાયદાણારથે જે સા ચો આરોપ મુકવો અથવા પ્રગટ કરવો જરૂર હોયતે

બીજો અપવાદ—પોતાનો સરકારી અમલ ચલાવવા સબંધીની કોઇ સરકારી નોકરની ચાલ બાબત અથવા તે ચાલ ઊપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત સુધબુધાયી કંઇ પણ અભીપરાય આપવો એ આબરૂ લેવીછે એમ સમજવુ નહી

સરકારી નોકરેની સર કારી અમલ સબધીની ચાલ.

ત્રીજો અપવાદ—કંઇ સરવજનીક વીશય શંબંધી કોઇપણ સખસની ચાલબાબત અથવા તે ચાલ ઊપરથીજ નજર આવતી તેની આબર બાબત સુધબુધીથી કંઈપણ અભીપરાય આપવો એ આબરૂ લેવી એમ સમજવુ નહી.

કંઈ સારવજનીક વીશય શબધી કોઈપણ સખસની ચાલ.

દ્રષ્ટાંત.

કોઈ સરવજનીક વીસય સંબધી સરકારને અરજી કરવામા અથવા કોઈ સારવજનીક વીશય શંબધી એક મડળી મેળાવાની દરખાશત ઊપર સહી કરવામા અથવા તે મંડળીમા જવા અથવા તે મડળીના પરમુખ થવામા, અથવા લોકનો આશરય મળવારી કોઇ સભા ઉભી કરવામા અથવા તેમ સામીલ થવામ અથવા જે જગાનુ કામ સરી રીતે ચલાવવામાં લોકોને ફાયદો હોય એવી કોઈ જગાને કોઈ ઊમેદવારની તરફ શામત માગવા અથવા આપવામા ज ની ચાલ સબધી સુધબુધીથી અ ગમે તે અભીપરાયઆ

આબરૂ લેવી છે એમ સમજવું નહી.

ો અપવાદ—કેઇ ઇનસાફની કોરટમાના મુકદમાનો અથવા તેવા કોઇ મુક

ઇનસાફની કોરટમાંના મુકદમાઓની હકીકત છાપવી.

નાન ચેડાનો મતલબ બરાબર હોય એવા ખરેખરો હેવાલ હેર કરવો એ આબરૂ લેવીછે એમ સમજવુ નહી.

ખલાશો. કોઈ ઇનસાફની કોરટમા ચોકસી થવા પેહેલા ખુલી કોરટમાં કોઇ સુ નો અમલદાર અથવા બીજો અમલદાર કાઈ તજવીજ કરતો હોય તે ઉપલી કલમના ૨૫ પરમાણેની કોરટછે એમ સમજવુ.

પાચમો અપવાદ—કોઇ ઇનસાફની કોરટમા જે દીવાની કે ફોજદારી મુકદમાનો ફે

કોઇ ઇનસાફની કોરટમા ફેસલ થએલા મુકદમાની કેફીઅત અથવા તે મહેલા સાહેદો તથા તથા બીજા સબધ રાખનારાની ચાલ.

લો થઇ ચુકયો હોય તે મુકદમાની કેફીઅત બાબત અ એવા કોઈ મુકદમામાં પક્ષકાર સાહેદ અથવા મુખતીઆર ખસ કોઇ પણ સબબની ચાલ બબત અથવા તે ચલ રથીજ નજર આવતી તે ભાગની આબરૂ બબત સુધ થ ગમે તે અભીપરાય આપવો એ આબરૂ લેવીછે સમજવુ નહી.

દ્રસ્ટાંત.

(અ) 'પેમા' મુકદમામા જ એ આપેલી સાહેદી એવી ઉલટીછે કે મને એમ ગેછે કે તે મુરખ અથવા અપરમાણીક હોવો જોઇએ' એ પરમાણે જો અ શુધબુ કહે તો તે આ અપવાદમાં દાખલ થાયછે કેમકે જે અભીપરાય તે આપેછે તે દાખદા જની ચલ ઉપરથીજ નજર આવતી જ ની આબરૂ બબતછે.

(બ) પણ જો તે એ પરમાણે કહે કે" તે મુકદમામા જ એ જે કયુ તે હું ખરૂ નતો નથી કેમકે હું જાણુ છુ કે એ અપરમાણીક માણસ છે" તે અ આ અપવાદમાં ખલ થતો નથી કેમકે જના આબરૂ બાબત જે અભીપરાય તે આપેછે તે સહેદ લ જ ની ચાલ ઉપરથી આધાર રાખતો અભીપરાય નથી.

છઠો અપવાદ—જે કૃતી તેના કરતાએ લોકોના વીચાર પર રજુ કરીછે એવી પરશીધ કરતીના ગુણદોશ કૃતીના ગુણ દોશ વીશે અથવા તે કરતીનજ નજર વતી તેના કરતાની આબરૂ વીશે સુધબુધથી કઇપણ અભીપરાય આપવો એ આ લેવી છે એમ સમજવુ નહી.

ખલાસો—કંઇ કૃતી લોકના વીચારપર સાગટ રીતે રજુ થાય અથવા તેના ક પરથી તે લોકોના વીચારપર રજુ કરી એવુ અનુમાન થઇ શકે.

દ્રસ્ટાંત.

) જે શખસ કાઇ પુશતક પરગટ કરે છે તે તે પુસતક લોકના વીચાર પ જુ કરછે.

(બ) જે સખસ જાહેર રીતે કંઇ ભાશણ કરેછે તે તે ભાશણ પર રજુ કરેછે.

(ક)૦ જએ એક પુસતક પરગટ

પેનકુરી ભરેમુછે માટે જ મહખું'ી

મનનો માણુસહોવો જોઇએ "હવે

આ અપવાદમા દાખલ થાયછે કેમકે જ બબત

ના પુસતકમાંજ નજર આવતી જ ના આબરૂ બાબ

(ઇ) પંણ જો તે એમ કહે કે "જ નુ પુસ

જોઇને મને કઈ આગચાર લાગતુ નથી કેમકે તે જાતેજ મહ

એ આ અપવાદમા દાખલ થતે નથી કેમકે જ ના આબરૂ બ

આપેછે તે જ ના પુસતક ઉપર આધાર રાખતો અભીપરાય નથી

સાતમો અપવાદ—જે શખસને કેઈ બીજ શખસની ઉપર

જે શખસનો બોજા શખસની ઉપર કાયદા પર મ ણે અખતીઆરછે તેણે સુખખુશીથી તે બીજા સખ ને ઠપકો દેવો.

ઈ અખતીઆર હોય અથવા તે બોજા શખસની કઇ કાયદેસર કરારમાંથી નીકળતો અખતીઆર હોય ખસ જે બાબતોને તે કાયદેસર અખતીઆર લગે ખતોમા તે બીજા સખસની ચાલ સબધી સુખખુશીથી કંઈ

પકોં દેનાસે અબરૂ લેતી છે એમ સમજવુ નહી.

દાખલો.

જે જડજ કોઇ શાહેદની અથવા કોરટના કોઈ અમલદારની ચાલ સબંધી સુખખુશીથી ઠપકો દે તે કોઈ ખાતાનો ઉપરી પોતાના હુકમ તળેના માણસોને સુખખુશીથી ઠપકો દે તે મા, અથવા બાપ પોતાના છોકરાને બીજા છોકરાઓના દેખતાં સુખખુશીથી ઠપકો દે તે કોઈ મહેતાજી જેનો અખતીઆર મા અથવા બાપથી મળેલો છે તે કેઈ નીશાળીઆને બીજા નીશાળીઆઓનાં દેખતા સુખખુશીથી ઠપકો દે તે નોકરીમાં આળસ કરવા સારૂ કોઈ સે. પોતાના ચાકરને સુખખુશીથી ઠપકો દે તે, કોઇ શરાફ પોતાની પેહેડીના કેશીઆરને તે કસોદારનો કેશીદારી બાબતની કઈ ચાલની વસે સુખખુશીથી ઠપકો દે તે એ સઘળા આ અપવાદમા દાખલ થયછે.

આઠમો અપવાદ—કોઇ પણ સખસની ઉપર તેહોમતની બાબતમાં તે

કાયદા પરમાણે અખતીઆર પમેલ સખસની આગળ સુખખુશીથી મુકવુ તહો

ઉપર જે સખસેનો કાયદા પરમાણે અખતીઆર હોય પરીમના કઈ પણ સખસની આગળ સુખખુશીથી

મુંવુ એ આબરૂ લેતીછે એમ સમજવુ નહી.

દાખલો.

આગળ જ ની ઉપર સુખખુશીથી કાઇ તહોમત મુકે

જો અ કાઇ જ ચાકરની ચાલ બાબત જ ના શેઠની આગળ સુધબુધ્ધીથી ક
અ આ અપવાદમાં દાખલ થાયછે.

નવમો અપવાદ—બીજાની આબરૂ પર કાંઇ આરોપ મુકવો એ. આ

કાઇ સખશે પોતાનો લાભ જાળવવાને સુધબુધીથી મુકેલો આરોપ.

ગણાય પણ કીયારે કે તે આરોપ મુકનાર શખ
યવા કાઇ બીજા સખસનો લાભ જાળવવાને અથ
રપે સુધબુધીથી તે આરોપ મુકતો હોયતો.

દ્રષ્ટાંત.

(અ) એક દુકાંનદાર પોતાના ગુમાશતા બ ને એ પરમાણે કહે કે
નાણા તેને ન આપે તો તેને કાંઈ માલ તુ વેચીશમાં કેમકે તેના પરમાણીક
મારો વીચાર સારો નથી" હવે જો પોતાનો લાભ જાળવવા સારૂ સુધબુધીથી અ
જ ની ઉપર આ આરોપ મુકયો હોય તો અ આ અપવાદમાં દાખલ થાયછે.

(બ) અ એક માજીસતરેટ પોતાના ઉપરી અમલદારને રીપોટ કરવામાં જ ની
આબરૂ બાબત કાંઈ આરોપ મુકે હવે શુધબુધીથી લોક કલ્યાણારથે તે આરોપ મુકયો હો
ય તો અ આ અપવાદમા દાખલ થ ાછે.

દસમો અપવાદ—કલાણુાથો હોશીઆર રહેજે એવી શુધ બુધીથી કાઇ સખશને સુચના

સુચના જે શખશને આ
પી હોય તે સખસનો ફાય
દો થાય એવા ઇરાદાથી અ
થવા લોક કલ્યાણારથે આ
પી હોય તો.

આપવી એ આબરૂ લેવી ગણાય. નહી પણ કયારે કે જે શખ
સને તે શુચના આપી હોય તે શખસનો અથવા જે શખ
સની શાથે તેનો સબંધ હોય એના કઇ સખશનો ફાયદો થા
ય એવા ઇરાદાથી અથવા લોક કલ્યાણના ઇરાદાથી તે શુચ
ના કરી હોય તો.

ટીકા.

નકલ કરવા કાગળ આપવો એ પરગટ કરવા બરોબરછે (કાઇડ વાલમ ૨—૫ નુ
૨૭૪). ફકત સમયના વરજવાથી નીંદા કરી કીંવા આબરૂને નુકશાન પહોચાડયુ એમ
નુ નથી કે જેથી દાવો ચાલે (મદરાસ હાઇકોરટ તા૦ ૭ જાનેવારી સને ૧૮૬૬ નંબર
૩૫૨—૧૮૬૫ વાલમ ૯ પાને ૪) કેઇ ગેરવાજબી ટીકા કરી તે છાપખાનમા છપાવે
વરતમાન પતરમા પરશીધ કરે તો તે નુકશાનોનો જવાબદારછે (મુ. હાઇકોરટ તા૦ ૩
મી જાનેવારી સને ૧૮૬૬ નં. ૩૮૫ સને ૧૮૬૪ નેટીવ એપીનીયન સને ૧૮
૬૦) બરામણ નાતીના કીંવા પેતાની જાતના ધરમ-સંબંધી જે વાતથી
છે તે વાત વાંચી પોતાના સેબતી બરામણ નાતીનો અભીપરાય શો છે
થી કાઈ બરામણે પોતાના એબની બરામણને જે કાગળ લખીને મોકલ્યો
ધીઈ અને કપટ વગર લખેલોછે માટે તે કાગળ કલમ ૪૯૯ ના અપવાદ
નાચે આવેછે માટે સીક્ષા રદ કરી (મુબઈ હા૦ તા૦ ૩૧ મી અગસટ શને
૮ પાને ૧૬૮) એક પોલીશના ઇનશપેકટરને બરજોનાથ નામનો શખશ

ગૈબાનછે કે નહી તેના તપાશ કરવા મોકલવામાં આવયો તેણે [illegible]
વાત પુરીછે અને ગામના વાણીઆઓ દવેશભાવથી તેને શીક્ષા [illegible]
છે તેણે એવુ લખીયુ કે ખાનગી તપાશથી મને એવુ માલમ પડેછે કે વાણીઆના ઘર
માં જે બાયડીઓછે તેઓમાંની બરજુનાથ સાથે એક બે રાત રહી નથી એવી ધોડીજ
બાયડીછે એ કામમાં ઠરાવવામા આવ્યુ કે તહોમતદારે વાણીઆઓની અશાતરીઓના
આબરૂ લેવાને ગુનો કરયો. ૬ બેં. લા. રી. પ્ર ૪૨ આ પેનલકોડમા લખેલા અને બો
લેલા ગેર આબરૂના વાકય માટે કાંઇ તફાવત પાડયો નથી કે. ઈ. ડા. પા. ૩૪૫ કાઈ
વકીલ અથવા મુખતીઆર તેના અશીલે આપેલી હકીકત ઊપરથી પોતાની પલીંગ (બ
ખેસી તકરાર) માં વગર કપટે કાંઈ ગેર આબરૂ થાય એવી હકીકત લખે તો આ કલમ
ના અપવાદ ૯ મા પરમાણે તેના બચાવ થાયછે પણ જો એવી હકીકત તેને મળી ન હો
યુ અને દવેશથી એવી હકીકત લખે તો તેના બચાવ થતો નથી ૨ અ. હા. રી૦ પાને.
૨૭૩ પોતાના ઊપરીના હુકમથી કઈ રીપોરટ કરવામાં આવે તેમા બીજા શબ્દો વીકવ
વગર કપટે અને વાજબી રીતે કાઇ તહોમત આવે એવુ લખે તો આ કલમના ૯ મા
અપવાદ પરમાણે તેના બચાવ થાયછે ૧૪ વી. રી. પાને ૨૨. તહોમતદારે ફરીઆદીની
ગેરઆબરૂ કરયાથી ફરીઆદીને કાઇ ખરેખર નુકશાન થએલુ હોવુ જોઇએ એમ કાંઈ
નથી જે ગેરઆબરૂનું કરતબ કરયુ હોય તેથી ફરીઆદીને હાની થશે એવુ તે જાણતો અ
થવાં માનતો હોય તોબસછે આરી સને ૧૮૭૪ અ. હા. આવા ગુના માંહોમાંહે [illegible]
વાળી શકાય નહી ૧ ઈ. લા. રી. મુ. પાને ૧૫૮ એક બરામણે પાડાસના કાઈ [illegible]
બરામણને લોકાને પોતાના અને પોતાના ગામના બરામણોને કાઈ વારશની [illegible]
શો ફડચો મેળવવાને મનસબે કાઇ કાગળ નીસકપટપણાથી લખીયો હોય તો તેના બચાવ
આ કલમના અપવાદ ૮ અને ૧૦ પરમાણે થાયછે ૮ મુ હા. રી૦ પાને ૧૪૧ (હો
જદારી) આ કલમ પરમણેના ગુનાના તહોમતની તજવીજ આ કલમમાં બતાવ્યા પર
માણે થાય એ બાબત અંગરેજી કાયદામા બતાવ્યા પરમાણે તજવીજ થાય નહી. ૧૪ વી
રી૦ પાને ૨૭ એક શખસની આબરૂને હાની થાય એવા કઈ તહોમત સર્બાને [illegible]
કાઇ અરજી આપવામાં આવે એવી મતલબથી કે કોરટમાં તે વંચાયાથી ઘણા [illegible]
તે જાણે તહોમતદારના આ કરતથી તેણે તે અરજી છાપી હોય એવો અરથ થા[illegible]
વી. પા૦ ૨૭ પોતાના દીકરાના બચાવ અરથે બાપ કઈ ગેર આબરૂદાર થાય એવુ [illegible]
હોય તો તે તેણે સુધ બુધીથી બોલ્યાનુ શાબીત કરતાં સુધી આ કલમના અરથ પરમા
ણે ગુનો કરેછે ૩ વી૦ રી૦ પાને ૪૫ દવેશ ભાવથી કઇ ખોટો આક્ષેપ લાવવામાં આવે
તો તે આબરૂ લેવાનો ગુનાહ થાયછે ૨ વી. રી.પા૦૭૫ આબરૂ લેવાના કેસમા આબરૂ
જાય એવી મતલબનો મુદાનો કાગળ ટપાલ રસતે અમુક ઠેકાણે મોકલવામાં આવ્યો હ
તો એવી સાબીતી આપવામાં આવે તો એ પરાતમાં તે કાગળ પરસીધ થયો એવુ ગણ
વુ જોઇએ. ૫ વી૦ રી૦ ૧૦ ૪૪ ફરીઆદી નીચ કામનુ માણસ હોય પણ તેની ઉપર એ

અથવા દંડની અથવા એ બંનેની સીક્સા કરવામાં

અથવા કોતરેલી વસતુમા આબરૂ લેવા જેવી કંઇ બાબત છે એવુ જાણીને જે માણસ તે વસતુ વેચે અથવા તે વેચવા મુકે તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૨૨મો.

સાપરાધ ધમકી, તીરસકાર તથા દુખ બાબત.

૫૦૩ જે સખસ કોઈ બીજા સખસને તેના સરીરને આબરૂને અથવા મીલકતને કાંઇ નુકશાન કરવાનો અથવા જેની સંધે તે બીજા સખસને સબંધ હોય તેના સરીરને અથવા આબરૂને કાંઇ નુકશાન કરવાનો ડર દેખાડે, તે સખસને ગભરાટ પેદા થાય, અથવા તે ડર અમલમાં ન આવે, જે કામ કરવાની તેની કાયદા પરમાણે ફરજ ન હોય તે કામ તે શખસ જે કામ કરવાનો તેનો કાયદા પરમાણે હક હોય તે કામ કરવામાં તે સખસ તેણે સાપરાધ ધમકીનો ગુનો કરયો એમ સમજવું.

ખુલાસે—કોઈ મુવેલા સખસની સંધે જે શખસને સબંધ હોય તે મુવેલા સખસની આબરૂને નુકશાન કરવાનો ડર દેખાડવા તે આ કલમમા દા

દ્રસ્ટાંત.

બ એક દીવાની મુકદમો ચલાવતો બંધ થાય એવા હેતુથી અ બને તરફ બર બાળી નાખીશ તો અ સાપરાધ ધમકીના ગુનાનો તકશીર સમજવું.

ટીકા.

કોઈ સખસના ઊપર જે ફરીઆદ અથવા તેહોમત કાયદેસર રીતે મુકી ફરીઆદ અથવા તેહોમતની ધમકી આપવી એ ગુનો નથી (મુંબાઈ કરાણ

[redacted]

રીતે ધમકી આપવાનો ગુનો થતો નથી કારણ કે તે કલમમાં નુકશાન કરવાની ધમકી આ પેસી નથી ને બીજો કોઈ પણ ગુનો થતો નથી ને તે ગુનાની શાક્ષા ઊપર અપીલ કોરટે તે બાહાલ રાખી.છે તોપણ હરકત નહી હોઈ કોરટે પોતાનો શાધારણ અખતીઆર ચલાવી શીક્ષા રદ કરી. (મુબાઇ હાઈકોરટ તા૦ ૧૩ જુલાઇ સન ૧૮૭૧ પા. ૮ પાનુ ૧૦૭)એક સખસ એક પુખતવયની અસતરોના ભાઈને ઘેર ગયો. અને તેને કહ્યું કે મને સરકારે મોકલ્યો છે અને જો તારી બેનને મારે ઘેર નહી મોકલેતો તને ૭ મહીનાની સજા કરાવીશ તેમાં ઠરાવવામા આવ્યું કે આ કાયદામા ભયની જે વ્યાખ્યા બતાવી છે તે પરમાણેનો આ ભય નથી. માટે તેણે કંઈ ગુનહો કરયો નથી. ૮ મુ. હા. રી° પરસીટ ૧૦૧ (ફોજદારી).

સમાધાનનો ભંગ કરવાના ઇરાદાથી જાણી જોઇને ક્રોધનો તીરસકાર કરવો.

૫૦૪ જે માણુસ ઇરાદાથી કોઇ સખસનો તીરસકાર કરીને તેને ક્રોધ ઊતપન કરે એવા ઈરાદાથી કે તે ક્રોધને લીધે તે લોકની સુલેહમા ભંગ કરે અથવા કોઈ બીજો ગુનો કરે અથવા એમ જાણીને કે તે સખસ તે ક્રોધને લીધે લોકની સુલેહમાં ભંગ અથવા કંઈ બીજો ગુનહો કરશે એવો સંભવ છે તે માણુસને બે વરસની મુદત સુધની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

બંડ અથવા રાજ્ય વીરૂધ કંઈ ગુનો વગેરે કરવાના ઇરાદાથી ખોટી ખુમ ચલાવવી.

૫૦૫ કંઈ વાત અફવા અથવા ખુમ જે માણુસ ખોટી જાણતો હોય તે માણુસ તે ચલાવે અથવા પરકટ કરે એવા ઈરાદાથી કે રાણીની જમીન પરની અથવા દરીઆઈ ફોજ માંહેલા કોઈ આફીસર સોલજર અથવા ખલાસી બંડ કરે અથવા એવા ઈરાદાથી કે લોકોમાં ભય અથવા ધભરાટ પેંદા થાય અને તેણે કરીને કંઈ સખસને રાજ્ય વીરૂધ અથવા લોકની સમધાની વીરૂધ કોઇ ગુનહો કરવાનું મન થાય તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

સાપરાધ ધમકીના ગુનાની સીક્ષા જો તે ધમકી મોત અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો.

૫૦૬ જે માણુસ સાપરાધ ધમકીનો ગુનોહ કરે તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે અને અગર મોત અથવા મહાવ્યથા કરવાની અથવા આગળથી કંઈ મીલકતનો નાશ કરવાનો અથવા મોતની કે સમુદરપારની અથવા સાત વર

[redacted]

ની મુદત સુધીની કેદની શીક્ષા થાય એવો કાંઈ ગુનોહ કરવાનો અથવા કંઈ અસન ની સાથે વ્યભીચારનો દોશ મુકવાનો ડર દેખાડયો હોય તો તેને સાત વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

કલમ ૫૦૬ મુજબ જીભાઈ રામદાસ ઉપર તેના જીવનું જોખમ થાય એવો ભય બતાવી કાગળ લખી ચોહોડવાનુ તોહોમત રાખી સુરતના જડજે પેહેલા ગુના બદલ વરસ ૭ અને બીજા ગુના બદલ વરસ ૨ ની સખત કેદની શીક્ષા કરી તેમા ઠરાવ્યું કે કેદી એ એકજ ગુનો કરયો છે ને જડજે બે કલમ પરમાણે શીક્ષા કરી છે સબબ કલમ ૫૦૭ પરમાણેની બાહાલ રાખી બીજી શીક્ષા રદ કરી (મુંબાઈ હાઈકોરટ ના ૨૬ સપટેંબર સને ૧૮૬૭ વા૦૪ પા. ૧૨.

નનામા સંદેસાની મારફે તે સાપરાધ ધમકી

૫૦૭ કોઈ નનામા સંદેસા વડે અથવા ડર દેખાડનારા સખસનું નામ કે તેનુ રેહેવાનું ઠેકાણું છુપાવવાની આગળથી તદબીર કરીને જે માણસ સાપરાધ ધમકીનો ગુનોહ કરે તેને તે ગુનાને માટે ઉપલી કલમમા ઠરાવેલી શીક્ષથી ઉપરાત બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની અથવા બીજી શીક્ષા કરવામાં આવશે.

મારી ઉપર ઇશવરની અપ્રસનતા થશે એવો ભયઉત્પન કરીને કોઇ શખશ પાસે કાઇ કામ કરાવવું

૫૦૮ કોઈ પણ શખશની જે વશતુ કરવાની કાયદા પરમાણે ફરજ નહી હોય તે વશતુ જે માણુશ બુધી પુરવક તે સખસ પાસે કરાવે અથવા કરાવવાની કોશીશ કરે અથવા જે વસતુ કરવાનો તે સખસનો કાયદા પરમાણે હક હોય તે વસતુ કરવામા તેના પાસે કસુર કરાવે અથવા કસુર કરાવવાની કોશીશ કરે અને તે એવી રીતે કે જે વસતુ મારી પાસે કરાવવાની એ ગુનેહગારની મતલબછે તે હું નહી કરતો અથવા જે વસતુ કરવામાં મારી પાસે કસુર કરાવવાની એ ગુનહેગારની મતલબ છે તે હુ કરતો મારી ઉપર અથવા જેની સાથે મારો સબધ છે એવા કોઇ શખશની ઊપર ઇશવરની અપરસનતા થશે અથવા એ ગુનેહગાર કંઈ કરીને ઇશવરની અપરસનતા કરાવશે એવો ભય તે શખશના મનમાં બેસાડો અથવા બેસાડવાની કોસીશ કરીને તે એ પરમાણે કરે તોતે માણુસને એક વરશની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દાખલ ત.

(અ) અ જ ને આંગણે બાંધવા બેસે એવા ઇરાદાથી કે એમ તેને બારણે બેસવાથી જ ની ઊપર ઇસવરની અપ્રસનતા થશે એવો સંભવ ઉતપન થાય તો આ કલમમાં બીયાન કરેલો ગુનો અ એ કીધો એમ સમજવુ

(બ) અ જ ને એવી રીતે ડરાવે કે જો તુ ફલાણું કામ નહી કરે તો હું મારા છોકરાઓમાંના એક છોકરાનો જીવ તને આપીશ અને તે એવી હાલમાં હોય કે પોતાના છોકરાનો જીવ આપશે તો તેથી જ ની ઊપર ઇસવરની અપરસનતા થશે

એવો ભય ઉતપન થાય, તો એ એ આ કલમમા બીયાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવુ.

કોઈ ઓરતને શરમાવવાના ઈરાદાથી બોલેલા શબ્દ અથવા કરેલા ચાળા.

૫૦૯ કોઈ ઓરતને શરમાવવાનો વીચાર કરી જે માણસ કંઈ શબ્દ બોલે, અથવા કંઈ અવાજ કે ચાળા કરે અથવા કંઈ વસતુ દેખાડે એવા ઈરાદાથી કે તે ઓરત સબદ અથવા અવાજ સાંભળે અથવા તે ચાળા અથવા વસતુ જોય અથવા તે તેની એકાંત જગાપર જે માણસ વગર રજાએ ઘુસે તેને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામા આવશે.

ખુની રીતે પીધેલા સખસની ગેરમુનાસબ ચાલ.

૫૧૦ જે માણસ કેફની હાલતમા છતા કોઈ જાહેર જગામાં જાય, અથવા જે જગામા તેણે વગર રજાએ જવુ કાયદા વીરૂધ હોય એવી કોઈ જગામાં જાય અને ત્યાં કોઈ સખસને દુખ થાય એવી રીતે ચાલે તેને ચોવીસ કલાકની મુદત સુધીની આસાન કેદની અથવા દસ રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

આ કલમ પરમાણે દંડ બદલ કેદ ચોવીસ કલાકનો ચોથો હીસો થવી જોઈએ મુબઈ હા. કોરટ તા ૦ ૮ જુલાઈ સને ૧૮૬૪ નં૦ (૨૩) દારૂનો નીશો કરી દુખ કરનારને સીકસા થાયછે તેજ પરમાણે ભાંગનો તથા માંજમનો નીસો કરી દુખ કરનારને શીકસ્ત કરવુ સદર સૈરકારનો કાગળ તા૦ ૧ જુન સને ૧૮૫૯ નં૦ ૧૩૧૮ નો આવા ગુનાને વાસતે સને ૧૮૬૭ના આકટ ૭ થી ૨૫૦ દંડને તેના બદલે તો દીવસ ૮ની કેદ થઈ શકેછે.

બાબ ૨૩ મો.

ગુના કરવાની કોશીશ બાબત.

જે ગુનાઓને માટે સમુદ્રપારની અથવા કેદની શીક્ષા ઠરાવીછે તે ગુના કરવાની કોશીશ કરવાની શીક્ષા.

૫૧૧ જે ગુનાને માટે આ કાયદામા સમુદ્રપારની અથવા કેદની શીક્ષા ઠરાવી હોય એવો કોઈ ગુનો કરવાની અથવા એવો કોઈ ગુનોહ કરાવવાની જે માણસ કોશીશ કરે અને તે કોશીશમાં તે ગુનોહ કરવા તરફ કંઈ કામ કરે તે માણસને તેવી કોશીસને માટે શીક્ષા સબંધી આ કાયદામા કાંઈ સાફ ઠરાવ ન કરયો હોય તેવે ઠેકાણે તે ગુનાને માટે જે પરકારની કેદની શીક્ષા ઠરાવી હોય તે પરકારની તથા તે ગુનાહને માટે કેદની અથવા સમુદ્રપારની ઘણામા ઘણી જે મુદત ઠરાવીહોય તેનો અડધો મુદત સુધીની કેદની અથવા સમુદ્રપારની અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામા આવશે.

દ્રસટાંત.

(અ) અ એક પેટી ફોડીને કંઈ જવેર ચોરવાની કોશીશ કરે અને તે પેટી ફોડયા પછી તેને માલમ પડે કે માહે કંઈ જવેર નથી તો તેણે ચોરી કરવા તરફ એ કામ કર્યુ

આ ખીસામાં કંઇ વસ્તુ ન હોવાને લીધે એ તે કોશીસમાં પાર ન પડે, તો આ કલમ પ્રમાણે એ તકશીરવાર થયો એમ સમજવું.

ટીકા.

ફટકાની શીક્ષા જોગ ગુનો કરવાની કોશીશ આવી શીક્ષાને લાયક નથી (રેવનીઉ જુડીશીઅલ એનડ પોલીસ જનરલ એનર પોલીસ જનરલ વા. ૨—પા. ૨૭૨ મુંબાઇ હાઇકોરટ રીપોરટસ ક્રીમીનલ કેશીસ વા૦ ૩ પા. ૫૦ ૩૭) તેમજ જે સપરો ૧૨ મા અથવા ૧૭ મા બાબ મુજબ ગુનો કરવાની કોશીસ કરી હોય તેને આ બાબે મુજબ પરથમ ગુનેગાર થવાના સબબથી કલમ ૭૫ મુજબની બે શીક્ષા થઇ શકે નહી. આ બંને બાબતના ગુનાઓ એકજ બાબે મુજબ શીક્ષા લાયક હોય તેવાજ પરસંગે ફક્ત લાગુછે. (રાણી વા૦ મુન.સામી જડજ બોટમસન ૧ લ મદરાસ શેસન સને ૧૮૬૫ ખુણુ ચોરી કરવાના કોશીસ બોજી વખત કરવાના ગુનાને સ.૧ સને ૧૮૬૪ના આકટ ૬ ના કલમ ૪ નો રકમ ૯ મુજબ ફટકાની શીક્ષા થઇ શકે કે એ ટોટા ભરાવ્યા વગર બંદુક ભોંગામી એવુ સમજીને કે તેના ઉપર ટોટી ચડાવેલીછે ને તેનુ ખુન કરવાનાં ઈરાદાથી ઉગામી હતી પણ ફદાને ટોચર બેચતા અટકાવેછે સબબ પીનલકોડ કલમ ૩૦૭ પ્રમાણે ખુનની કોસીસ કરવાનો ગુનો થતો નથી પણ આવી હકીકત છતા કલમ ૨૫૪—૩૦૦ ની સાથે કલમ ૫૧૧ પરમાણે ફક્ત ખુનની કોશીસનો આરોપ સાબીત થઇ શકેછે. (મુ. હાઇકોરટ તા૦ ૨૩ ડીજમબર સને ૧૮૬૭ વા૦ ૪ પા. ૨૭)

એક ગામમા બળબળના કાયલાના કટકાથી વીંટાયેલા ચીંથરાના દડાથી વારંવાર આગ ઉઠતી હતી તહોમતદાર એક સ જે તેના ધોતીઆની અંદર એવો એક દડો સંતાડેલો હતો એવી સ્થીતીમાં હાથ આવ્યો તેમા ઠરાવવામા આવ્યુ કે તેણે આગથી નુકશાન કરવાના ગુનાની કોશીશ કરી વળી તેમા ઠરાવવામા આવ્યુ કે આગથી નુકશાન કરવાનો ગુનો કરવાના કંઇ સાહેત કેઇ શખસ પાસે માલમ પડયા હોયતો તેણે એ ગુનો કરવાનો ઠરાવ રાખ્યો હતો અને એ કરવા સંપુરણ કરવા તરફ તેણે સરૂઆત કરી હતી એવુ ગણવાને પુરતુછે જસટીસ મોતર આ મતથી જુદો પડયો હતો ૩ બં. હા. ૨૦ પાને ૫૫. એક સખસે એક ખાડો ખેદી તેમા મંડુ માલમ પડવાથી એ બાબતની તપાસ થઇ પોતાના દુગામના ઉપર કામ ચલાવવામા આવે તેમા ઠરાવવામાં આવ્યું કે તહોમતદારે ખોટો પુરાવો બનાવવાની કોશીશ કરી ૪ મ. હા૦ રી૦ પાને ...

(True Translation)

Nenabhai Haridass,

Translator.

———oOo———